# Aho Jinshashanam

# All Prasang

# 1 To 105

## Aho Jinshasanam

*અહો જિનશાસનમ્ !!!*

## પ્રસંગ નં– 1

## *સંવિગ્નતાનો પવિત્રપુંજ એટલે વર્તમાનના એક વયોવૃદ્ધ આચાર્ય*......

વિ.સં. ૨૦૬૮-૬૯ ના ચોમાસાની આ વાત છે.

૮૪ વર્ષના એ આચાર્ય ભગવંતે અમદાવાદમાં અષાઢ સુદ પાંચમ ના દિવસથી રોજ એકાસણા શરુ કર્યા.

અષાઢ સુદ ચોથના દિવસે પોતાના શિષ્યને કહી દીધું. ' આવતી કાલે મારા ગુરુદેવની શતાબ્દી નિમિત્તે પંચ દિવસીય મહોત્સવ શરૂ થવાનો છે, એ નિમિત્તે મારે આવતીકાલ થી રોજ એકાસણા કરવા છે....'

' ગુરુદેવ! આપ આ શું બોલો છો? આપની ઉંમર કેટલી છે? એનું આપને ભાન છે કે? તબિયત શી રીતે સચવાશે...' શિષ્ય તો બેબાકળો બની ગયો.

' તું ખટપટ નહિ કર. મને સંકેત મળ્યો છે, એટલે એકાસણા કરવાના જ છે. અને સાંભળ, એકાસણું પણ માત્ર બે દ્રવ્યના જ કરવાનાં છે. દાળ અને રોટલી....તારે કોઇ દલીલ કરવાની નથી. કાલથી ગોચરીમાં ધ્યાન રાખજે....' આચાર્યે સત્તાવાહી સ્વરે આજ્ઞા કરી દીધી.

પેલો  શિષ્ય તો બાઘો જ બની ગયો, એનું ચાલે પણ શું?

લગાતાર સવા મહિના સુધી બે જ દ્રવ્યના એકાસણા કર્યા. એ બે દ્રવ્યો પણ પાછા પાકા બાંધેલા! એમાં કોઇપણ જાતનો ફેરફાર નહીં, દાળ ને બદલે દૂધ કે શાક.... નહિ જ. એમ રોટલી બદલે પણ કશું નહીં...

શિષ્યે ઘણીવાર ભાખરી, થેપલા, રોટલા વગેરે આપવાનો પ્રયત્ન કર્યો, બહાના કાઢ્યા કે ' આ બધું આહાર જ ગણાય. સાધુપણામાં આ બધા દ્રવ્યો અલગ નથી ગણાતા.'

પણ આચાર્ય શ્રી શિષ્ય ની ચાલાકી સમજતા હતા, એમણે રોટલી સિવાય ની દરેકે દરેક વસ્તુ નો ત્યાગ કર્યો.

દાળ ગરમ-ઠંડી ગમે તે આવે, તુવેર-મગ ગમે તે આવે.... બધું ચાલે.

રોટલી ઠંડી-ગરમ, જાડી-પાતળી,  નાની-મોટી, કાચી-પાકી..બધું ચાલે,

શિષ્યે કંટાળી ને મોટા આચાર્ય ને ફરિયાદ નો પત્ર લખ્યો, ત્યાંથી ઓર્ડર આવ્યો કે ' તમારે બે નહિ, પણ ત્રણ દ્રવ્ય વાપરવા...'

એટલે સવા મહિના બાદ દાળ+રોટલી+કેળા એમ ત્રણ દ્રવ્યનો એકાસણા આખું ચોમાસું કર્યા.

ઘડપણ ના કારણે શિષ્યે એકવાર દાળ-રોટલી ચૂરીને ઢોકળી બનાવીને આપી, તો ના પાડી દીધી, ' બહુ સુંવાળા નહિ બનવાનું, દાંત ને કસરત કરાવવી પડે.'

'આપનું શરીર ઉતરી ગયું છે.' આવી ફરિયાદ કરી, તો જવાબ હાજર જ હતો..

' આમ પણ છેલ્લી ઉંમરમાં  શરીરનો મેદ ઉતારવાનો જ હોય છે. એટલે હું તો પ્રભુની આજ્ઞા જ પાળું છું.'

એની પૂર્વે ના ચોમાસામાં પણ ૩ દ્રવ્ય ના એકાસણા કરેલા..

(આ આચાર્ય ભગવંત સાથે ગયા વર્ષે દોઢ-બે મહિના સાથે રહેવાનો લાભ મને પણ મળેલો, એમની એક-એક જીવનચર્યામાં સંયમ નીતરતું જોવા મળે. પ્રકાંડ વિદ્વાન, મહાન સંયમી... આશ્ચર્ય જનક જીંદગી.... ૮૪ વર્ષ ની ઉંમરે પણ આવું જીવન જીવી શકાય છે... વ્હીલચેર ન વાપરવી પડે, એ માટે મોટા ભાગે અમદાવાદમાં જ અલગ-અલગ સંઘોમાં વિચરે છે.

એમની કેટલીક વિશિષ્ટ બાબતો ફરી ક્યારેક જોશું.....)

From book-

*વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી :  આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો*  *ભાગ - 4*

લેખક-  *પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સ.જી*

*અહો જિનશાસનમ્ !!!!*

## *न क्षणमपि क्षमं मुमुक्षुणां निरभिग्रहाणां स्थातुम्*

## પ્રસંગ – 2

*એક યુવાન મુનીરાજ મ.સા રોજ એકાસણા કરે,પણ એમા જુદા-જુદા પ્રકાર ના અભીગ્રહો ધારણ કરે*.....----

- એક જ ઘરે વહોરવા જવું,ત્યાથી જે મળે એનાથી જ એકાસણુ કરવુ, અને એ ઘરે આગમન નું કહેવડાવવુ નહી આ રીતે એક એકાસણુ

- માત્ર સફેદ દ્રવ્ય વાપરવુ

- Ã પાંચમા માળના ઘરો માથી જે ગોચરી મળે, એ જ વાપરવી

- કોઈ શ્રાવક (શ્રાવિકા નહી) દૂધ વહોરાવે તોજ વાપરવુ, નહી તો ઉપવાસ

- ઘરોમા પુરુષ વ્યક્તિ જે દ્રવ્યો વહોરાવે એ જ વાપરવાના બીજા નહી

- તીથી ના દીવસે કઠોળ ત્યાગ ઋ

- 'ઉપાશ્રય માં પાંચ શ્રાવકો વંદન કરી જાય, પછી જ એકાસણુ કરવુ એ દીવસે બપોરે ; સાડા ત્રણ વાગે અભીગ્રહ પૂરો થયેલ

- એક જ પાત્રા માં ગોચરી વાપરવી (બધુ એમા ભેગુ કરવાનુ)

- માત્ર જમણા હાથ સીવાય આખા શરીર ને સ્થિર રાખીને વાપરવુ

- બધા દ્રવ્યોમાં 1-1 ટોક્સી પાણી નાખી ને વાપરવુ. દૂધમાં-દાળમાં-શાકમાં-ભાતમાં-રોટલીમાં બધામાં 1-1 ટોક્સીપાણી નાખી ને વાપરવુ.

- એકાસણા ના તમામ દ્રવ્યો મા કરીયાતું નાખીને વાપરવું

- સંયોજના વગર વાપરવુ

- શુદ્ધ આયંબીલ કરવુ (માત્ર ભાત વાપરવા, એમાં ઉપર ચાર આંગળ જેટલુ પાણી તરે એટલુ પાણી નાંખવુ.)

·  સવાર ની માંડલીમાં જે વધ્યુ હોય એ જ બપોરે વાપરવુ

·  સ્વામીવાત્સલય પતી જાય,બધા માણસો જમી લે,પછી જે વધે એજ વાપરવુ (જે દીવસે  સ્વામીવાત્સલય હતુ એ દીવસે આ નીયમ લીધેલો)

·  તરપણી-ચેતના માં જે દ્રવ્યો આવે તે જ વાપરવાના. પાત્રા માં વહોરાઈને આવેલા નહી.

·  અવઢ્ઢ ના પચ્ચ્કખાણે એકાસણું કરવું

·  બધા જ દ્રવ્યો માં સુદર્શન ચૂર્ણ નાખીને વાપરવુ

·  કોઈ મહાત્મા એમ કહે પાણી વાપરો તો જ એકાસણુ કરવુ ગોચરી વાપરવી ( એદિવસે કોઈએ એવી  વિનંતિ કરી  ના હતી એટલે ચોવીહારો ઊપવાસ થયેલો)

*ખાસ*

ꠋ આ નીયમો કોઈને કહેવાના નહી મનથી ધારવાના

ꠋ આ નીયમો એક-એક દીવસ ના હતા કાયમ ના નહી રોજ નવા-નવા અભીગ્રહ લેતા જાય

શ્રી ઊપદેશરહસ્ય માં મહોપાધ્યાયજી ફરમાવે છે કે મોક્ષાર્થી આત્માઓ એ એક પણ ક્ષણ

અભીગ્રહ લીધા વીના રહેવાનુ નહી નાના મોટા અભીગ્રહ લેવાના

નવા નવા અભીગ્રહથી આત્મા ને બાંધવો

એમાં વૈરાગ્ય વધે છે. સંવેગભાવ વધે છે

આપણે એમના વચન ને સફળ બનાવવુ જોઇએ એકજ મહાત્મા શું કામ અભીગ્રહો લે? આપણે પણ ઓછા વતા અંશે અભીગ્રહો લઈ શકીએ ને?

From book-

*વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી :  આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો*

*ભાગ - 4*

લેખક-

*પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સ.જી

## પ્રસંગ -3

## *શાસ્ત્રો વાંચો નહીં...પચાવો..*

શિયાળા માં વધારે ઠંડી પડે ,તો સાધુ બધા કપડાં કાઢી ખુલ્લા માં ઉભા રહે... ઠંડી સહન કરે એ પછી બંધ જગ્યા મા આવે ,તો આપોઆપ ઠંડી ઓછી જ લાગે...'

પાટણ માં ઓઘનિર્યુક્તિ નો પાઠ આપતી વખતે વિદ્યાગુરુએ ત્રણ નૂતન મુનીઓને આ પદાર્થ પંક્તિ પ્રમાણે સમજાવ્યા...

*એ જ રાત્રે 10:30 વાગે 24 વર્ષના એક મુનીવર ખુલ્લી જગ્યામાં ખુલ્લા શરીરે કાઉસગ્ગ કરવા ઊભા રહી ગયા...*

સંથારો+ ધાબડો પાથરીએ અને એક કામળી + બે ધાબડા ઓઢીએ તો કદાચ ઠંડી ના લાગે....

એટલી ભયંકર ઠંડીમા બપોરે બાર વાગે ગોચરી જતી વખતે પણ કામળી ઓઢવી પડે, એવી ઠંડી માં , ગોચરી માન્ડલી માં પણ કામળી ઓઢયા વિના ન ચાલે એવી ઠંડી માં આ મુનિરાજે તો જબરદસ્ત સત્વ ફોરવ્યુ...

ઉપર છત બાકી બધી દિશા ખુલ્લી.... એ રીતે અને રાત્રે 12/2/4 વાગે.... ગમે ત્યારે અડધા પોણો કલાક સુધી ઉભા ઉભા કાઉસાગ કરીને એમને સૌ મુનિઓને એક આદર્શ પૂરો પાડ્યો....

( તમે એવું માનતા જ નહીં કે જમાનો બદલાયો છે...નવું જનરેશન વૈરાગ્ય વિનાનું નબલુ જ આવે છે...

મુંબઇ ના રહેવાસી આ બધા યુવાનો પ્રભુ વીર ના માર્ગ ને આજે પણ કેટલી સરસ રીતે આરાધી રહ્યા છે.., એનું પ્રત્યક્ષ દર્શન કરવા મળે છે....

શા માટે negative વિચારવુ??

શા માટે નબળું જોવું??

તગડું જોઈને તગડા ના બનીયે?? )

From book- *વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો* *ભાગ - 4*

લેખક- *પૂજય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સ.જી*

## *પ્રસંગ – 4*

## *દેહતણી સુખશીલતાથી ભટકયો સંસાર અનંતો..*

*સદાય પ્રસન્ન રહેનારા એ આચાર્ય દેવ ભક્તો કે લોકસમૂહથી તો અનાસક્ત છે જ, પણ પોતાના દેહ પ્રત્યે પણ અનાસક્ત છે.*

એમના પગનું ઓપરેશન હતું. ત્યારે પગને બેભાન કરાવ્યા વિના જ ઓપરેશન કરાવ્યું.

"જાણે કે પોતે એ પગથી સાવ જ ભિન્ન છે" એ રીતે પોતાના પગનું ઓપરેશન માત્ર સાક્ષી ભાવે જોયા કર્યું.

વેદનાની રેખા પણ એમના મુખ પર ન દેખાય.

ઘણીવાર એ આચાર્ય દેવ વાચના આપતા હોય અને ત્યારે જ ડોક્ટર કે શિષ્ય એમને હાથ ઉપર ઇંજેક્શન આપતા હોય, પણ એમની વાગ્ધારા અસ્ખલિત ચાલે. સોંય શરીરમાં ઘૂસે એ એક બે પળ પણ એમના મુખની રેખા ન બદલાય, વાચના અટકે નહીં.

*આ પ્રસંગ વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો :ભાગ - 1 માંથી લેવામાં આવ્યો છે*

*લેખક- પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સા.*

Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ

*અહો જિનશાસનમ્ !!!*

## પ્રસંગ – 5

## અધ્યાત્મ યોગી પુ. આચાર્ય કલાપુર્ણ સુરીશ્વરજી સમુદાય ના એક સાધ્વીજી મ. સા.ની ઉંમર અત્યારે ૯૪ વર્ષ ની છે. ..

આ ઉંમરે પણ તેઓ.....

(૧) સ્થાપનાજી નુ પડિલેહણ જાતે કરે છે. ...

(૨)દેરાસર દર્શન કરવા પણ ચાલીને જાય ....

(૩) સવારે ૩ વાગ્યે ઉઠી જાય ,અને ૪૦૦ લોગસ્સ નો કાઉસગ્ગ વગેરે આરાધના કરે....

(૪)૮૫ વર્ષ સુધી ચાલી ને વિહાર કરેલો ...છેલ્લા ૪ વર્ષ થી સ્થિર વાસ છે. ..

(૫) ૭૫ વર્ષ ઉંમર સુધી મોટા તપો ચાલુ હતા ...

(૬) ૯૦ વર્ષ ની ઉંમર સુધી રોજ એકાસણા ચાલુ હતા ...

(૭) આજે પણ પાંચ તિથી આયંબિલ - એકાસણા -ઉપવાસ કરે ....

(૮) ૭૦ શિષ્યો ઓ ના ગુરુણી પદે બિરાજમાન છે. ..

(૯) રોજ ૧૫ બાંધી નવકાર-વાળી કરે = ૧૫૦૦ જેટલા નવકાર ગણે ...

(૧૦)રોજ 3 કલાક સ્વાધ્યાય આજે પણ ચાલુ છે ...

N N N N N N N N

એમણે પોતાના જીવન મા જે તપાસ્યા કરેલો છે , તેની નોંધ નીચે મુજબ છે ---

૧ માસખમણ ..

૧૬ ઉપવાસ. ..

૧૧ ઉપવાસ. ..

૧૦ ઉપવાસ. ..

૯ વાર અઠ્ઠાઇ...

શ્રેણી તપ.. (૧૧૦ દિવસ, જેમા ૮૩ ઉપવાસ )

સિધ્ધિ તપ ...(૪૪દિવસ , ૩૬ ઉપવાસ )

કંઠાભરણ તપ...

મોટો ધર્મચક્ર તપ. ..(આશરે ૧૨૦ દિવસનો ...)

ભદ્રતપ....

ચતારી -અઠ્ઠ -દસ -દોય તપ..

સિંહાસન તપ. ..

શત્રુંજય તપ (૨ અઠ્ઠમ ,૭ છઠ્ઠ )

ક્ષીરસમુદ્ર તપ ...

ગણધર તપ (11 છઠ્ઠ)

વીશસ્થાનક તપ (420 ઉપવાસ)

વર્ષીતપ

છમાસી તપ

ચારમાસી તપ

દોઢમાસી તપ

બેમાસી તપ

રત્નપાવડી તપ   (9 છઠ્ઠ + 2 અઠ્ઠમ)

નવનિધાન  તપ(9 ઉપવાસ)

ચૌદરત્ન તપ(15 ઉપવાસ)

શત્રુંજયટુંકના 21 ઉપવાસ

શત્રુંજયટુંકના 9 ઉપવાસ

દિવાળી તપ (5 છઠ્ઠ)

સળંગ 500 આંબિલ

વર્ધમાન તપની 100+45 ઓળી

100 નવપદની ઓળી

ચંદનબાળા તપ

ચોવીસ તીર્થવર્ણતપ (24 આંબિલ)

અને

(નીચેના તપો એકાસણાથી કર્યા છે.....)

સહસ્ત્રકૂટ તપ(1024 એકાસણા)

45 આગમ તપ (45 એકાસણા)

નવકાર તપ (68 એકાસણા)

કર્મપ્રકૃતિ તપ (158 એકાસણા)

ચોવીસ તીર્થંકર તપ (300 એકાસણા)

ખૂબ ખૂબ અનુમોધના......

From book-

*વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી :  આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો*

*ભાગ - 3*

લેખક-

*પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સ.જી*

*અહો જિનશાસનમ્ !!!*

# *પ્રસંગ – 6*

# *જૈનત્વ : જન્મથી નહિ, પણ કર્મથી છે.*

"મારા ગુરુ બહેનની શિષ્યાનું સ્વાસ્થય બરાબર નથી.

ગુરુ બહેનનો પત્ર આવ્યો છે, વિનંતિ કરી છે કે 'કોઈક વૈયાવચ્ચીને મોકલી શકો, તો આભાર..'

મારી ફરજ છે અને મારી અંદરથી ઈચ્છા છે કે એમની સેવા કરવા માટે તમારા માંથી કોઈક જાય...

બોલો, કોની ભાવના છે.. 'વિશાળ શિષ્યાવૃંદના ગુરુણી એ બધાને  ભેગા કરીને પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી.

બીજા સાધ્વીજીઓ જવાબ આપે ન આપે, એ પહેલા તો માત્ર દોઢ જ વર્ષના દીક્ષા પર્યાય વાળા સાધ્વીજીએ તરત ઉત્સાહ ભેર જવાબ વાળી દીધો *' ગુરુજી! આ લાભ મને આપો અને ગુરુજી! માત્ર આ એક ચોમાસા માટે જ નહીં જ્યાં સુધી આપની ઇચ્છા હશે, ત્યાં સુધી હું સેવા કરીશ. ભલે ગમે એટલા વર્ષ થાય..'*

*વધુ અગત્યની વાત તો એ હતી કે, એ સાધ્વીજી જન્મે અજૈન હતા,સાધ્વીનો પરિચય પામીને દીક્ષિત થયેલા હતા.."*

*આજે એ વાતને સાડા ત્રણ વર્ષ થઈ ગયા છે. અવિરત પણે માસી ગુરુણીના શિષ્યાની સેવા કરી રહ્યા છે.*

એ ગ્લાન સાધ્વીજી ને એકવાર સ્વાસ્થય વધુ બગડવાથી દિવસમાં ચાર - પાંચ વાર વડીનીતિ જવું પડયું. એમને આ વૈયાવચ્ચી સાધ્વી ની ખૂબ ચિંતા! 'આટલી બધી વાર એમણે પરઠવવા જવું પડે એ મને ન શોભે.. '

ગ્લાને કહી દીધું, "હું વાડામાં જઈ આવીશ, તમારે આટલી બધી વાર પરઠવવા નહીં જવું.. તમે થાકી જાઓ.."

આટલું સાંભળતા તો વૈયાવચ્ચી એ નાના સાધ્વીજી ની આંખમાં પાણી આવી ગયા, "સાહેબજી આવો તો આપ વિચાર પણ નહીં કરતા. જ્યાં સુધી મારી શક્તિ છે, ત્યાં સુધી આપે આ વિરાધના કરવી જ શા માટે પડે..? આજે આપને બદલે મારે 4-5 વાર સ્થંડિલ જવું પડે તો, હું જાઉં કે નહીં પરઠવવા..? તો એટલી જ ભક્તિ મારે આપની કરવાની છે...

અને પૂરા ઉલ્લાસ સાથે પોતાનું વૈયાવચ્ચ કાર્ય આ જૈનેતરકુળમાં જન્મ પામીને જૈન સાધ્વીજી બનેલા આ સાધ્વીજી કરી રહ્યા છે.

*આ પ્રસંગ વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો :ભાગ - 4  માંથી લેવામાં આવ્યો છે*

*લેખક- પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સા.*

# *પ્રસંગ – 7*

## *કેવી અનાસક્તિ..! કેવી જીવદયા પરિણતિ... !*

8-10 વર્ષની નાનકડી ઉંમરે દીક્ષા લેનાર એ મુનિરાજ પરમવૈરાગી હતા. એમના તપ - ત્યાગ એટલા જ્વલંત હતા કે, *બીજા સાધુઓને પ્રાયશ્ચિતમાં ગુરૂજનો વિગઈ ત્યાગ - મિષ્ટાનત્યાગની બાધા આપે, જ્યારે આ સાધુને એમના ગુરુ ભૂલ બદલ લાડવા ખાવાની શિક્ષા કરતા.*

લાડવા ખાવા એ જેને માટે શિક્ષા રૂપ બનતા હોય એમનો વૈરાગ્ય કેવો હશે...!

*આ મુનિ કોઈપણ ટોકસી ભીની રહેવા ન દેતા. પાત્રી કે ટોકસી માં એક નાનકડું ચોક્ખુ પાણીનું ટીપું હોય તો પણ એ ન ચલાવતા. તરત લુંછી લેતા.*

જ્યારે એમની આ ચીકાશ અંગે બીજા સાધુઓએ પ્રશ્ન કર્યો ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે,"આપણા માટે આ પાણીનું ટીપું માત્ર એક નાનું ટીપું જ છે પણ, નાના નાના જીવો માટે તો આ ટીપું મોતનો કુવો બની શકે છે. આના ઉપર જો એવા નાના જીવો પડે તો એ ચોંટી જાય, પછી ત્યાં થી ઉડી ન શકે અને મૃત્યુ પામે. એટલે હું પાત્રી કે ટોકસી માં એક ટીપું પણ રહેવા દેતો નથી. એ લુંછી લઉં છું. એમ જમીન ઉપર પણ ક્યાંય પાણી રહેવા દેતો નથી."

*આચાર્ય પદવી થઈ ગયા બાદ પણ આ કેવી અદ્ભુત સૂક્ષ્મસંયમની કાળજી!*

*આ પ્રસંગ– "વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો : ભાગ - 1" માંથી લેવામાં આવ્યો છે*

લેખક-

*પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સા.*

Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ

*અહો જિનશાસનમ્ !!!*

# *પ્રસંગ – 8*

# *શરત પણ સારી ; જો ધર્મ વધારે તો..!*

"જો આ નાના મ. આજે આખી રાત એક પણ ઝોકું ખાધા વિના આરાધના - સ્વાધ્યાયાદિ કરે તો મારે 30મી ઓળી માત્ર ત્રણ દ્રવ્ય થી જ કરવી." વડીલ તપસ્વી મુનિ બોલ્યા.

એક વિહારધામમાં રાત્રે ચાર સાધુઓ સંથારો કરીને સૂઈ રહ્યા હતા ત્યારે જ વડીલે આ વાત શરૂ કરી એમને 69મી ઓળી ચાલુ જ હતી. 70મી ઓળી સળંગ કરવાની જ હતી, એ ઓળી 3 દ્રવ્યથી જ કરવાની એમણે શરત મૂકી, નાના મ. ને ઉલ્લાસ માં લાવવા માટે!

"જો નાના મ. આજે બિલકુલ ન ઊંઘે તો હું 9 આંબિલ કરીશ." બીજા બોલ્યા.

"મારી તો શક્તિ જ નથી, છતાં હું એક આંબિલ કરીશ." ત્રીજા બોલ્યા અને નાના મ. ને ચાનક ચડી.

"જુઓ, પછી ફરી નહિં જતા.. પાકું પાળવું પડશે."

હા.! હા.!ચોક્કસ પાળશું.

અને નાના મ. એ સંથારો વાળી દીધો.

*10 વાગ્યા હતા.*

*સવારે 4 વાગ્યા સુધી*

*સળંગ 6 કલાક જાપ - ખમાસણા,*

*પંચસૂત્રનો સ્વાધ્યાય*

*નવસ્મરણનો સ્વાધ્યાય..વગેરે કરીને બિલકુલ ઊંઘ્યા વિના પસાર કર્યા.*

સવારે 4 વાગ્યે વડીલ ઊઠ્યા,

ખૂબ શાબાશી આપી, અને

શરત મુજબ 70મી ઓળી 3 દ્રવ્ય થી કરાવાની તૈયારી પણ બતાવી.

*આ પ્રસંગ બન્યો છે નાગેશ્વર ધામમાં..!*

*તિથિ હતી - મહા સુદ 12 - 2066*

*એ રાત્રે એમણે*

*︶ 108 લોગસ્સનો કાઉસગ્ગ*

*︶ 108 ખમાસમણા*

*એમ કુલ ત્રણ વાર કરેલું*

*આ પ્રસંગ વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો : ભાગ - 4 માંથી લેવામાં આવ્યો છે.*

*લેખક- પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સા.*

Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ

*અહો જિનશાસનમ્ !!!*

# *પ્રસંગ – 9*

# *શિષ્યલાલસા દુર્ગતિદાયી મોક્ષાર્થી મુનિ ત્યજતા*

*સુરતમાં* ચાતુર્માસ દરમ્યાન એ સાધ્વીજીએ જોરદાર વ્યાખ્યાનો બહેનો સમક્ષ આપ્યા. શિબિરો પણ થઈ.

ચાર મહિના લગાતાર એમની અમૃતવર્ષામાં સ્નાન કરીને 10 મુમુક્ષુઓ દીક્ષા લેવા તૈયાર થયા.

*"અમે 10 જણાં આપના શિષ્યા થવા ઇચ્છીએ છીએ.."* 10 બેનોએ સાધ્વીજી ને વાત કરી.

પણ એ સાધ્વીજીએ ઉત્તર આપ્યો કે - *"શિષ્યા ન બનાવવાની મારે પ્રતિજ્ઞા છે. મારા ગુરુણી હાજર છે, એમની હાજરીમાં હું શીદને ગુરુણી બનું..! તમે એમના જ શિષ્યા બનો."*

એમ જ થયું.

આ રીતે અત્યાર સુધીમાં આ સાધ્વીજીએ પોતાની શિષ્યા થવા આવેલી 25-27 બેનોને ગુરુચરણે સોંપી ગુરુની શિષ્યા બનાવી દીધી.

*ગુરુભક્તિનો જબ્બર આદર્શ પ્રદર્શિત કર્યો.*

*આ પ્રસંગ વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો : ભાગ - 1  માંથી લેવામાં આવ્યો છે.*

*લેખક- પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સા.*

Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ Ḱ

*અહો જિનશાસનમ્ !!!*

# પ્રસંગ -10

## *""સાધુને વળી આસક્તિ કેવી ?""*

-----------------------------

*"ગુરુદેવ ! આપના દાંતના ચોકઠાની જમણી બાજુનો ભાગ ઘસાયેલો દેખાય છે અને ડાબી બાજુનો ભાગ બિલ્કુલ ઘસાયા વિનાનો દેખાય છે. આવું શી રીતે બને ?"*

એક શિષ્યે આશ્ચર્ય સાથે પોતાનાં વયોવૃદ્ધ ગુરુદેવને પ્રશ્ન કર્યો. વૃદ્ધ ગુરુદેવ વાપરી લે, પછી એમનું ચોકઠું સ્વચ્છ કરવાનું કામ આ શિષ્ય કરતો હતો.

જે દિવસે એને આ ચોકઠાની વિચિત્રતા નજરમાં આવી, એ દિવસે એ પ્રશ્ન કરી બેઠો....

સરળસ્વભાવી ગુરુદેવે પ્રત્યુત્તર વાળ્યો, Ɨ ȟ

*"જ્યારે હું આચારાંગ વાંચતો હતો, ત્યારે એમાં એક એવો પાઠ આવ્યો, કે, સાધુ વાપરે ત્યારે એ કોળિયાઓને મોંમા મમળાવે નહિં. .. ડાબી બાજુથી જમણી બાજુ અને જમણી બાજુથી ડાબી બાજુ ન જવા દે. માત્ર ડાબી બાજુથી કે માત્ર જમણી બાજુથી વાપરીને અંદર ઉતારી લે. આવું જે કરે, એ રસનેન્દ્રિયનો વિજેતા કહી શકાય. આ મમળાવવામાં તો સ્વાદ - રાગ ઉત્પન્ન થાય.*

*શિષ્ય ! મોક્ષ જોઈતો હોય, તો, ભગવાનની આજ્ઞા પાળવી જ પડે. રાગ-દ્વેષ ઘટાડવા જ પડે. એ જ દિવસથી મેં એ જિનાજ્ઞા પાળવાનું શરુ કરી દીધું. હું રોજ જમણી બાજુથી જ કોળિયા ચાવીને નીચે ઉતારી લઉં છું. ડાબી બાજુ જવા દેતો નથી. એટલે આ ચોકઠું જમણી બાજુ ઘસાયેલું છે, ડાબી બાજુ ઘસાયા વિનાનું છે."*

પોતાનાં ગુરુની આવી *વિશિષ્ટતમ પરિણતિ* જોઈ  શિષ્ય ખૂબ આશ્ચર્ય પામ્યો....

From book- *વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી: આપણા સાધુ આધ્વીજી ભગવંતો...*ભાગ -1

*લેખક- *પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સ.જી.*

# પ્રસંગ -11

## *મારે તીર્થંકર નહીં, ગણધર બનવું છે, કેમકે .....*

*"બાલમુનિ, તમે બોલો તો ખરા કે તમને તીર્થંકર બનવાની ઈચ્છા છે કે ગણધર બનવાની ?"*

એક વડીલે ૧૦ વર્ષ ની નાનકડી ઉંમર નાં બાલમુની ને પ્રશ્ન કર્યો.

મુગ્ધ જેવા દેખાતા બાલમુનિએ બીજી જ પળે ઉત્તર આપ્યો, કે,

*"ઈચ્છા તો મને ગણધર બનવાની છે."*

વડીલ આ પ્રત્યુત્તર સાંભળી જરાક આશ્ચર્ય પામ્યા.

*"તીર્થંકર જેવી ઉચી પદવી છોડીને ગણધર બનવાની તમને ઈચ્છા છે ? કેમ ?"*

અને કોઈની ચડામણી વિનાના, ગોખણપટ્ટી વિનાના મનોહર શબ્દો બાલમુનિએ ઉચ્ચાર્યા. ƺ ȟ

*"વડીલશ્રી, જો હું તીર્થંકર બનું, તો, ત્રણલોકનું સ્વામિત્વ મને પ્રાપ્ત થાય. પણ ત્રણ લોકનાં સ્વામીના અદકેરા સેવક બનવાનું સૌભાગ્ય તો મને ન જ મળે ને ?*

*એને બદલે જો હું ગણધર બનું, તો, ત્રણલોકના સ્વામીનાં ચરણોની અમુલ્ય સેવા પ્રાપ્ત થાય, ભક્તિ ભાવ પ્રાપ્ત થાય. માટે મારી ઈચ્છા ગણધર બનવાની જ છે."*

(આજે તો એ મુનિ, *૪૦ વર્ષની ઉમરના ગણિ* બની ચૂક્યા છે...

પણ આજેય પોતાના ગણધર બનવાનાં સ્વપ્ન ને સાકાર કરતાં હોય, તેમ *મુનિઓની અપૂર્વ સેવા-ભક્તિ* કરે છે.)

From book- *વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી: આપણા સાધુ આધ્વીજી ભગવંતો...* ભાગ -1

લેખક- *પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સ.જી.*

*અહો જિનશાસનમ્ !!!*

# પ્રસંગ -12

# *પાળે પળાવે પંચાચાર...*

"આચાર્ય ભગવંત છે.?

મારે એમને મળવું છે.. ખાસ મળવા જ આવ્યો છું."

બપોર ના સમયે એક મુનિરાજ દૂરના ઉપાશ્રયથી આચાર્યશ્રી ને મળવા આવેલા, તેમણે આચાર્યશ્રી ના શિષ્ય ને ઉપર મુજબ પ્રશ્ન કર્યો....

"સાહેબ છે તો ખરા, પણ થાકેલા હોવાથી અત્યારે આરામ કરે છે."

કવિકુલકિરીટ ના નામે પ્રસિદ્ધ એ આચાર્યશ્રી ના શિષ્ય એ પ્રત્યુત્તર વાળ્યો.

આ બે મુનિઓનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો ત્યાં જ જરાક દૂર ના સ્થાને આરામ કરતા આચાર્યશ્રી સહજ રીતે જ ઉઠી ગયા..

આગંતુક મુનિવર ની નજર એ તરફ ગઈ અને તે વખતે આચાર્યશ્રીની પ્રવૃત્તિ જોઈ એ આશ્ચર્ય પામ્યા..

*ઉઠતા ની સાથે જ આચાર્યશ્રી એ દ્રષ્ટિથી બરાબર જોઈ ને મુહપત્તિ હાથમાં લીધી..

મુહપત્તિ થી ઑઘો પૂંજી ઓઘો પકડ્યો.

પછી ઓઘા થી ચશ્મા નું બોક્સ પૂંજી, બોક્સ ના સાંધા ના ભાગ પૂંજી એ ખોલ્યું.

ખોલ્યા બાદ ઓઘા થી ચશ્મા ની દાંડીઓ પૂંજી ચશ્મા હાથ માં પકડ્યા.

પછી ચશ્માના સાંધાના ભાગ પૂંજી ચશ્મા ની દાંડીઓ ખોલી અને

બીજી બાજુ મુહપત્તિ દ્વારા બેય કાન ના ભાગ પૂંજી ચશ્મા પહેરી આગંતુક મુનિરાજ ની દિશા માં નજર દોડાવી......

આ બધી ક્રિયા એટલી સહજ રીતે થઈ હતી કે આગંતુક ને સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે,

*"આ માત્ર આજ પૂરતી ક્રિયા નથી. પણ આચાર્યશ્રીના જીવનમાં પળેપળ માટે વણાઈ ગયેલી સંયમ ક્રિયા છે.."*

મુનિને આચાર્યશ્રી પ્રત્યે અત્યંત આદરભાવ પ્રગટ થયો. "આટલા મહાન આચાર્ય હોવા છતાં આવી ઝીણી ઝીણી કાળજી રાખે છે !" એ ભાવ થી એમનું મસ્તક નમી પડ્યું....

From book- *વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી: આપણા સાધુ આધ્વીજી ભગવંતો...* ભાગ -1

લેખક- *પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સ.જી.*

# પ્રસંગ -13

## *આપણે જુગુપ્સા પરીષહ જીતવાનો છે..**

કરોડપતી પીતા ની લાડકવાયી દીકરી પીતા ના કહેવાથી દુધવાળા ભૈયા પાસેથી દુધ લઈને પાછી આવતી હતી ..

ત્યારે એની નજર ભુખથી ટળવળતા ગલુડીયાઓ પર પડી...

કરુણા થી પ્રેરાઈને દીકરીએ આ બધુ દુધ ભુખ થી ટળવળતા ગલુડીયાઓ ને પીવરાવી દીધુ...

પીતાને આવી ને કીધુ મારાથી એ ભુખ થી ટળવળતા ગલુડીયાઓ ન જોવાયા એટલે મૈં દુધ પીવરાવી દીધુ...

પીતાએ પીઠ ઠાબડી પ્રશંશા કરી...

આ કરોડપતી ઘર ની કન્યા એ એક દીવસ દીક્ષા  લીધી ..

જીવન મા એમણે જુગુપ્સા પરીષહ પર એવો વીજય મેળવ્યો કે અવશર આવે તો સહવર્તી સાધ્વીજીઓ ના સ્થંડીલના પ્યાલા પણ સાફ કરવામાં એમને જુગુપ્સા નડતી નથી...

એમને તો અત્યારે પણ એ જ ભાવ થાય કે આમા જીવો ની દયા થાય અને મારા માટે પરમેષ્ઠી તરીકે પુજનીય સાધ્વીજીઓની ભક્તિ નો લાભ મલે.

એમના એ પ્યાલા મારા કર્મમળને ધોવા સમ છે.

એક શ્રીમંતઘર ની કન્યા ગચ્છ ભક્તિ માટે પ્યાલાઓ સાફ કરવાનું કામ કરી શકે એ પણ આશ્ચર્ય જ છે ને???

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Jain Sadhu Sadhviji bhagvanto* Bhag -1

Lekhak-  *Pujya Muniraj Gunhans vijay ji ms ji..*

## *પ્રસંગ-14*

## *"પ્રભુ અમોને પણ તે બાલમુનિ જેવું સત્વ આપે તેવી પ્રાર્થના"*

તે બાલમુનિ ને સંયમ લીધા ને પ્રાયઃ 1 વર્ષ થયું.....

દીક્ષા લઈ ને આયંબિલની ઓળી પર ઓળી ચાલે...

લાંબા વિહાર

..

8 થી 10 કલાકનું મિનિમમ  ભણવાનું

. .

રાત્રે 2/3 કલાક સ્વાધ્યાય

......

અત્યારે વિહાર માં ઓળી ચાલે

..

એક નાના ગામમાં પહોંચ્યા

...

વિહાર ધામમાં સ્થિરતા

...

જૈન નું કોઈ જ ઘર નહીં

...

લગભગ 12 જેટલાં સાધુ ભગવંત

...

ગોચરી બધા નિર્દોષ જ વાપરે

...

તે દિવસે તો ગોચરીની તકલીફ

....

બધા વિચારે બાલમુનિની ગોચરીનું શું થશે???

....

ત્યાં તો  બાલમુનિએ ધડાકો કર્યો મારા માટે કોઈ ચિંતા ના કરો ..

મમરા

ચણા

કે

પૌવા કોઈ પણ એક જ વસ્તુ લાવજો...

આજે એક જ દ્રવ્ય થી આયંબિલ કાંઈ ન મળે તો ઉપવાસ

....

તેમના ગુરુએ  ખૂબ જ સમજાવ્યા કે કાયમ 3/4 દ્રવ્ય જ વાપરો છો તો આજે પણ એટલું જ વાપરજો

મુનિ ભગવંતો ગામ ના બધા ઘરે જાય આવશે તમે ચિંતા ના કરો

...

જેમ તેમ કલાક પછી માન્યા અને તે પણ માત્ર રોટલી અને પાણી

....

અને તેઓએ આયંબિલ માત્ર રોટલી અને પાણી થી જ કર્યું

....

આ પ્રસંગ કહેતા મહાત્માની આંખ માં થી આંસુ વહે

...

ધન્ય તે બાલમુનિ ને

....

N N N N N N N N N

Source- Ek Shravak bhai (Valsad)

*અહો જિનશાસનમ્!!!*

## *પ્રસંગ -15*

## *આ છે જિનશાસનની સાધુતા,*

## *તેમાં આદર્શ અનેક છે, અહં ક્યાંય નથી.*

"દેરાસરમાં આપ શ્રી જે સ્તવન ગાતા હતા, તેની આ કડીનો અર્થ શું લેવો?"

ઉપાશ્રયમાં આવીને એક સાધ્વીજી ભગવંત,

સત્તર વર્ષના પર્યાયવાળા

એક મુનિ ભગવંતને પૂછી રહ્યા હતા...

મુનિરાજ શ્રી એ ઊંચું જોયા વિના જ સ્તવનની એ ગૂઢ કડીનો

માર્મિક ભક્તિમય અર્થ કહી સંભળાવ્યો...

પૂછનાર સાધ્વીજી ભગવંત

અર્થથી આનંદિત થઈને ચાલ્યા ગયા...

પાછળથી તેઓને ધ્યાનમાં આવ્યું કે

જે મુનિરાજ શ્રી ને તેમણે અર્થ પૂછેલો,

તેમણે *સત્તર વર્ષના પર્યાયમાં કોઈ વિજાતીય સાથે એક શબ્દ સુદ્ધાંની વાત નથી કરી...*

આજે એમણે સામેથી પૂછ્યું,

અને મુનિરાજ શ્રી કેટલા સરળ હશે કે

એમણે અર્થ જણાવી દીધો...

સંયમજીવન આદર્શ બને સૌ માટે એ ખરું,

પણ સત્તર વર્ષનો આદર્શ હજી લામ્બો બનાવવાં, કોઈ પૂછે ત્યારેય મૌન રહીને રેકોર્ડ પ્રસ્થાપિત કરવો, એ તો જાણે એ

મુનિરાજ શ્રી ના સ્વભાવમાં ય નહોતું......!

""" *આ છે જિનશાસનની સાધુતા,*

*તેમાં આદર્શ અનેક છે, અહં ક્યાંય નથી.*""""

Source - Ek Shravak Bhai(Deesa)

*અહો જિનશાસનમ્ !!!*

## પ્રસંગ -16

## *"નિ:સ્પૃહતા એક શ્રાવકની, શાસ્ત્રાનુસસારિતા એક આચાર્યદેવની.."*

વિ. સં.2063 માં સુરત મુકામે ઉપધાન તપ ની આરાધના ના મંડાણ થયા ..

સ્થળ હતું પૂજ્ય રામસૂરીજી ડેહળવાળાના અગ્નિદાહ થી પવિત્ર થયેલ *રામ પાવન ભૂમી !*

નિશ્રા હતી *સાગર સમુદાય ના એક સંયમી આચાર્યદેવ ની. !*

આશરે 200 જેટલા આરાધકો ઉપધાન તપ માં જોડાયા હતા.

આમાં આંખે ઉડીને વળગે આવી મહત્વની બાબત એ હતી કે એ આખાય ઉપધાનતપનો સંપૂર્ણ લાભ માત્ર  એક જ વ્યક્તિ એ લીધો હતો.

લાખો રૂપિયા ધર્મમાર્ગે ખર્ચવા છતાં પણ આશ્ચર્ય તો એ વાત નું હતું કે એ *પોતાનું નામ જાહેર કરવા તૈયાર ન થયા.*
બધું ગુપ્ત રીતના કરવા ઇચ્છતા હતા અને ખરેખર એમ જ થયું.

માત્ર આચાર્ય દેવ અને કેટલાક મુખ્ય કાર્યકરો ને જ આ વાત ની ખબર હતી.કે  *કોણ વ્યક્તિ આ બધો લાભ લઇ રહી છે*

બાકી એ સિવાય સેંકડો આરાધકો વગેરેને તો આજ દિન  સુધી પણ એ ખબર નથી પડી કે *કોને આ ઉપધાન કરાવ્યા છે*

છેલ્લે માળ નો દિવસ આવ્યો, ત્યારે આ ભાઈ પોતાના આખા પરિવાર સહિત એ પ્રસંગ માં ઉપસ્થિત રહ્યા, કેમ કે પોતે કરેલા સુકૃત ની અનુમોદના કરવાનો એ અપૂર્વ અવસર હતો .

પણ *માત્ર પ્રેક્ષક તરીકે સભાસદ તરીકે ઉપસ્થિત થયા. અતિથિવિશેષ રૂપે કે અન્ય વિશેષ કોઈપણ સ્વરૂપે નહી*

કર્મઠ કાર્યકરો આજે પણ એ શ્રાવકની ઉદારતા ને એ કરતાંય વધુ ઊંચી નામની:સ્પૃહતાના વખાણ કરતા થાકતા નથી...

એમાં કુલ 50 લાખ રૂ.જેટલી દેવદ્રવ્ય નીં ઉપજ થઈ.

નિશ્રાદાતા આચાર્યદેવ એ કમાલ કરી.

જે જે સંઘો માં નૂતન દેરાસર, જીર્નોદ્ધાર વગેરે માટે દેવદ્રવ્યની જરૂર હતી એ બધાં સંઘો ને બોલાવ્યા.

ઉપધાન સમિતિને સમ્યક માર્ગદર્શન આપી કાબુલ કરાવ્યું કે "આ ઉપજ ના પૈસા રાખી મુકવા નહિ, પણ જરૂરિયાત હોઈ ત્યાં તરત જ વાપરી નાખવા."

અને અઠવાડિયામાં તો 45-47 લાખ રૂ. ની વ્યવસ્થિત વહેંચણી પણ થઈ ગઈ.

વહીવટ કર્તાઓ પ્રસંશા કરે છે કે "આચાર્ય દેવની પ્રેરણાથી કેટલાક તીર્થોના કામ ચાલુ છે .

છતાં આચાર્યદેવે પોતાના માર્ગદર્શન હેઠળ તૈયાર થતા તીર્થો માટે આ રકમ ની માંગણી સુધા નથી કરી .. ઊલટું નાના -નાના સાંધો ને યાદ કરી એમની આવશ્યકતા પુરી કરવા પર ધ્યાન આપ્યું.....!

ધન્ય છે એમની નિ:સ્પૃહતાને!!!

From book-

*વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી: આપણા સાધુ સાધ્વીજી ભગવંતો* *ભાગ -3*

લેખક-.

*પૂજ્ય મુનિરાજ ગુણહંસ વિજયજી મ.સ.જી.*

*અહો જિનશાસનમ્ !!!*

# *પ્રસંગ -17*

## *ગૌતમ સ્વામી ના વારસદારો જીવંત છે !!*

"દસ વાગ્યા સુધી પાઠ કરવાનો. એ પહેલા  ઉંઘવાનું નહિ. બરાબર.? હું દસ વાગે આવીશ. હું કહું, પછી સંથારો કરજે." સુરત ના એક ઉપાશ્રયમાં ગુરુએ શિષ્યને ઉપર મુજબ સૂચન કર્યું.

*ગૌતમસ્વામી તરીકે પ્રસિદ્ધિ પામેલ એ મુનિરાજ !*

ગુરુની પ્રત્યેક વાત ભગવાન ની આજ્ઞા માની સ્વીકારનાર એ મુનિરાજ !

'સમર્પણમાં તો આમનો જોટો ન જડે' એવી જબરદસ્ત પ્રસિદ્ધિ પામેલા એ મુનિરાજ !

ભરયૌવનવય માં પણ ઉચ્છુંખલતા ને બદલે નમ્રતા પરતંત્રતા ને આત્મસાત કરી ચૂકેલા એ મુનિરાજ !

'હા જી' કહી ને મુનિ ત્યાં બેસી સ્વાધ્યાય કરવા લાગ્યા.

દસ વાગી ગયા, પણ ગુરુ તો ન આવ્યા.

અગિયાર વાગી ગયા, તો પણ ગુરુ ન આવ્યા.

જ્યાં સુધી ગુરુ આવીને ઉંઘવાનું ન કહે, ત્યાં સુધી મારાથી ઉંઘાય કેમ..?

એ વિચાર થી મુનિ ત્યાં જ બેસી રહ્યા...

પણ શરીર તો શરીરનું કામ કરે જ ને..?

અંતે ટેબલ ના આધારે મુનિ ઝોકા ખાતા ખાતા ત્યાં જ બેઠા બેઠા સુઈ ગયા.

હકીકત એ બનેલી કે ગુરુ પોતાની સૂચના ભૂલી ગયેલા, અને સંથારી ગયેલા. એટલે એ દસ વાગે આવ્યા નહિ.

છેક રાત્રે બે વાગે ગુરુ માતૃ કરવા માટે ઉઠ્યા, અચાનક એમને રાતની વાત યાદ આવી. સફાળા ઉભા થઇ એ શિષ્યના સ્થાને ગયા. જોયું તો ટેબલના આધારે શિષ્ય ઝોકા ખાતો, બેઠો બેઠો સૂતેલો હતો.

"અરેરે ! મારા પ્રમાદ માં આને કેટલી મુશ્કેલી પડી ?" ગુરુ ને દુઃખ થયું. તરત એનો સંથારો પાથરી દઈ શિષ્યને ઉઠાડ્યો,  સંથારા પર સુવાડી દીધો. શિષ્યના આ ગજબ કોટી ના સમર્પણ માટે ગુરુ ને પણ પુષ્કળ બહુમાન થયું.

આ શિષ્ય એવો છે કે ગચ્છ ના કોઈ પણ સાધુ સાથે મળવાનું - બેસવાનું - વાતો કરવાનું થાય ત્યારે એ પહેલેથી જ કહી દે કે "જુઓ, તમે મને જે પણ વાત કરશો, એ બધી વાત હું મારા ગુરુ ને કહી જ દેવાનો છું. કશું છુપાવવાનો નથી. એટલે જે વાત તમે મારા ગુરુને જણાવવા ઇચ્છતા ન હો,

એ વાત મને કરતા જ નહીં..."

*(ગૌતમ સ્વામી અને માષતુષ મુનિ માત્ર ઇતિહાસ માં સુવર્ણાક્ષરે લખાઈ ગયેલા આદર્શ પાત્રો જ છે, એમ ન માનશો. એમના વંશજો આજે પણ જીવતા જાગતા છે.)*

From book-

*વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી: આપણા સાધુ સાધ્વીજી ભગવંતો ભાગ -3*

લેખક-.

*પૂજ્ય મુનિરાજ ગુણહંસ વિજયજી મ.સ.જી.*

*અહો જિનશાસનમ્ !!!*

# *પ્રસંગ – 18*

# *शरीरेणैव युद्धयन्ते, दीक्षापरिणतौ बुधाः!*

*"સાહેબજી! અઠ્ઠમનું પચ્ચક્ખાણ આપશો જી."*

એક સુવિનીત શિષ્યાએ ગુરુને વંદન કરીને નમ્રભાવે અઠ્ઠમનું પચ્ચક્ખાણ માંગ્યું.

ગુરુણી પાસે બેઠેલા સંસારીઓને આશ્ચર્ય થયું.

"આજે તો કોઈ તિથિ નથી. કોઈ વિશિષ્ટ તપ નથી. આજે કેમ આ સાધ્વીજી અઠ્ઠમ કરે છે..?" જિજ્ઞાસાથી તેઓએ પ્રશ્ન કર્યો.

સ્મિત સાથે ગુરુએ ઉત્તર આપ્યો.

"આ એમનો કેટલામો અઠ્ઠમ છે એ તમને ખબર છે..? દીક્ષા લીધાને આ સંયમીને 11-12 વર્ષ થયા છે.

*દીક્ષા ના પ્રથમ દિવસથી માંડીને આ સાધ્વીજીને અઠ્ઠમના પારણે અઠ્ઠમ શરૂ કર્યા છે. આજે 11-12 વર્ષ થઈ ગયા. અખંડ રીતે અઠ્ઠમ ના પારણે અઠ્ઠમ ચાલુ છે. આજે એમનો લગભગ 970 મો અઠ્ઠમ છે."*

બેઠેલા સંસારીઓ અવાચક બની ગયા." શું બોલવું.? " એમને કંઈ સમજ ન પડી. દીક્ષા દિનથી માંડીને સળંગ 970 અઠ્ઠમ કોને કહેવાય..?

*મહોપાધ્યાયજી બત્રીશ-બત્રીશીમાં  કહ્યું છે કે," જે આત્મામાં સંયમપરિણામ પ્રગટે એ પંડિત આત્માઓ પોતાના શરીરની સાથે જ ઘોર યુદ્ધ કરે. એ શરીરને જ પોતાનો સૌથી કટ્ટર શત્રુ માને."*

આ સાધ્વીજીમાં આવા જ કોઈ પરિણામો પ્રગટયા હશે. એ વિના આવી ઘોર આરાધના શી રીતે સંભવે..?

*આ પ્રસંગ વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો : ભાગ - 1 માંથી લેવામાં આવ્યો છે.*

*લેખક- પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ગુણહંસ વિજયજી મ.સા.*

*અહો જિનશાસનમ્!!!*

# પ્રસંગ-19

# *રાગ દ્વેશ મળ ગાળવા, ઉપશમ રસ ઝીલો*

# Part -1..

*"અરે બાપ રે ! આ તો ભારે થઈ. એ મુની મને સખત ઠપકો આપ્યા વીના નહી રહે."*

પાણી લાવનારો સાધુ ચીંતામાં પડી ગયો હતો...

*વાત એમ બની હતી કે કર્મ સાહીત્યનો ઊંડાણપુર્વક અભ્યાશ કરી રહેલા એક મહાત્મા એ પાંચમા કર્મગ્રંથનો તલસ્પર્શી અભ્યાશ કરી એક સારામાં સારી નોટ બનાવી હતી...*

*આશરે દોઢશો બસો પાનાનું એ લખાણ !*

*સખત મહેનત ! સુક્ષ્મ ચીંતનો એમાં ઉતારેલા.*

સ્વાભાવીક છે કે એ નોટની એ મુની ભગવંત બરાબર કાળજી કરે.

પણ એકવાર બન્યુ એવુ કે વીહારમાં એ નોટ મહાત્મા એ પોતાના ખાલી ઘડાની અંદર મુકી રાખેલી.

સ્થાને પહોંચ્યા બાદ એ નોટ એમાથી કાઢવા ની રહી ગયેલી. ઘડો એમ ને એમ પડી રહેલો.

પાણી લાવનાર બીજા મુની ભગવંત એ જ ઘડો પાણી લાવવા માટે લઈ ગયા.

"એ ઘડો પડીલેહણ થઈ ગયેલ હશે " એવા કોઈક વીચારથી કંઈ વીશેષ ધ્યાન ના આપ્યું અને ઘડા માં ઘગઘગતું પાણી વહોરી લે છે.

આખી નોટ એ પાણીમાં પલડી ગઈ ખલાશ થઈ ગઈ. ઉપાશ્રય આવ્યા બાદ આ બાબત નો ઉપયોગ આવ્યો એમને ખ્યાલ આવી ગયો પાંચમા કર્મગ્રંથનો તલસ્પર્શી અભ્યાશ કરેલ નોટ ખલાશ થઈ ગઈ.

એ નોટ બનાવનાર મહાત્મા ને ભારે આઘાત લાગશે વળી સખત ઠપકો પણ આપશે આ બધા વીચારો એ મહાત્મા ને મુંઝવણ માં મુકી દીધા કીધા વગર તો ચાલે નહીં.

એ મહાત્મા નોટ બનાવનાર મહાત્મા ને શુ કહે છે., પ્રતીઉતર મા મહાત્મા એમને કેવો ઠપકો આપે છે એ વાતો આવતીકાલ ના પ્રસંગ માં જોઈશું.....

*Cont. Part 2......*

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi: aapna sadhu sadhviji bhagvanto.* *Bhag-3*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms ji.*

*અહો જિનશાસનમ્!!!*

# *પ્રસંગ-20*

# *continued...*

# *Part -2*

# *રાગ દ્વેશ મળ ગાળવા, ઉપશમ રસ ઝીલો*

મહાત્મા એ નોટ બનાવનાર મહાત્મા પાસે જઈ બે હાથ જોડી દીનવદને ક્ષમા માંગી કે

*"મહાત્મન ! મારી ભુલ થઈ. મને ક્ષમા આપો. તમારી નોટ અજાણતા જ મારા નીમીતે ખલાશ થઈ ગઈ..."*

ઠપકો સાંભળવાની તૈયારી વચ્ચે જ આશ્ચર્ય ઉપજાવે એવી ઘટના બની. ..

જે મહાત્માની ઠપકો સખત સાંભળવાની ભારે આઘાત ની કલ્પના આ મુની એ કરી હતી એ મહાત્મા પ્રસન્નતા સાથે હસતા હસતા બોલ્યા અરે તમે તો મારા પર મોટો ઉપકાર કર્યો.

*આમ તો હું બીજી- ત્રીજી વાર પાંચમા કર્મગ્રંથનું પુનરાવર્તન કરીશ કે કેમ???* એ પ્રશ્ન હતો,

પણ તમારી કૃપા ઉતરી એટલે એ નોટ બનાવવાનો મને અવસર મલ્યો.

*"આખી નોટ ફરી બનાવીશ મને કેટલો લાભ થશે! પાંચમો કર્મગ્રંથ એકદમ પાકો થઈ જશે."*

પેલા મુની તો એકદમ આભા જ બની ગયા...

End

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi: aapna sadhu sadhviji bhagvanto.**Bhag-3*

Lekhak- *Pujya Muniraj Gunhans vijay ji ms ji.*

*અહો જિનશાસનમ્!!!*

## પ્રસંગ-21

## *ગુરુઆજ્ઞાની અમર કહાની...*

"ક ટ ટ ટ ટ ટ..." પાત્રું હાથમાંથી છટક્યું અને જમીન પર પછડાઈને તુટી ગયું.

તુટેલું પાત્રુ હાથમાં લઈને મુનિ શ્રી પહોંચ્યા ગુરુદેવ શ્રી પાસે.. " *ગુરુદેવ.!* પડીલેહણ કરતાં *પાત્રું તુટી ગયું"*

"ધ્યાન ક્યાં હતું તમારું?"

ગુરુદેવ કડકાઇથી બોલ્યાં..

"ભગવંત ધ્યાન તો, પડીલેહણમાં જ હતું, પણ, એક હાથમાંથી બીજા હાથમાં લેતાં. *ઉપયોગ ચૂકાઈ ગયો,"* મુનિ શ્રી એ પ્રામાણિકતાથી કહ્યું.

"તો હવે તમારી પાસે કેટલાં પાત્રા વધ્યાં?"

"ગુરુદેવ શ્રી મારી ઉપધિમાં તો બે જ પાત્રા રાખું છું... *એક તુટી ગયું અને એક વધ્યું"*

"વધેલાં પાત્રામાં જ વાપરવાનું છે આજથી.. નવું પાત્રુ મળશે નહીં.. ગૃહસ્થ વહોરાવવા આવશે તો પણ તમને નહીં મળે..."

*"ઉપયોગ એજ સંયમ છે.* *ઉપયોગ ચૂક્યા તો સંયમ ચૂક્યા* એ યાદ રાખજો. *ઉપયોગ આત્મસાત્ કરવા* *હવે એકપાત્રી આહાર કરજો*

*"જી ગુરુદેવ.! આપની આજ્ઞા," -પ્રભુની આજ્ઞા* બાકીના શબ્દો મનમાં બોલીને એ જ પળે મુનિ શ્રીએ મનોમન જીવનભર એક જ પાત્રામાં વાપરવાનું નક્કી કર્યું...

માસક્ષમણનાં પારણાં હોય કે આયંબિલની ઓળીઓ.. એક પાત્રાથી વધુ ઉપયોગ કરવાનો વિચાર પણ મુનિ શ્રીએ ક્યારેય ન કર્યો...

*મુનિ થી આચાર્ય, ગચ્છનાયક*

*શાસન પ્રવાહક બન્યાં, પણ.*

*ગુરુ આજ્ઞા કદી ન ભૂલ્યા...*

સંયમ યાત્રાનાં ૬૦ વર્ષ

એક પાત્રી આહાર જ કર્યો...

આવા હતાં

પ્રભુ વીર પથનાં પથિક,

અખંડ ગુરુઆજ્ઞાનાં સાધક

યુગપ્રભાવક સૂરિદેવ

અહો ! શ્રામણ્યમ્ !

અહો! જિનશાસનમ્ !

*અહો જિનશાસનમ્!!!*

## *પ્રસંગ-22*

## *શાસન સમાચાર*

## *વિશ્વનો સૌથી વિશાળ વ્યાખ્યા ગ્રંથ*

## *'ગૂઢાર્થ તત્વાલોક'*

*21 માં વર્ષે 400 શ્લોક પર 90000 શ્લોકોની રચના*

- જગતમાં બનતા ચમત્કારો પોતાનો ચમકારો દાખવીને થોડા સમય માં વિલીન થઈ જતા હોય છે. પરંતુ જ્ઞાનના ક્ષેત્રે એ ચમ્તકાર એવા હોય છે જે શાસનકાળ પર્યંત ટકે છે.

એવા એક ચમ્તકારનું સર્જન માત્ર 21 વર્ષે ની ઊંમરમા 14 વર્ષે નો દીક્ષાકાળ પર્યાય ધરાવતા પુ. પ્રેમ- ભુવનભાનુસૂરિશ્વરજી મહારાજા ના સમુદાયના પ.પુ.આ.ભ. યશોવીજયસુરિશ્વરજી મ.સા. ના શીષ્ય પૂ.મુ.શ્રી ભક્તિયશવીજયજી મ.સા એ કર્યું છે.

પુર્વે સંસ્કૃત બુક ના પાંચ ભાગ બહાર પાડયા બાદ ખૂબ કઠીનતમ ગ્રંથ *'गूढार्थँ तत्वालोक'* નામક ગ્રંથ ને હાથમાં લઈને  વિશિષ્ટ વિશાળ સર્જન કર્યું છે.

· લગભગ 90,000 શ્લોક પ્રમાણ લખાણ...

· 14 જેટલા ભાગમાં મોટા વોલ્યુમ.

· અર્જૈન ગ્રંથ પર આટલું વિશાળ સાહીત્ય સર્જન

· અન્યદર્શની ગ્રંથો પર phd ડીગ્રીવાળા કરતાંય વધુ લખાણ

આટલા લખાણ માં ક્યાય ભુલને સ્થાન નહિં.માત્ર 8 વર્ષની વયે દીક્ષા અને તે જ વખતે મોટું વિઘ્ન  છતાં તેમાંથી પાર ઊતરીને આજે 21 વર્ષે ની વયે ખૂબ જ અકલ્પનીય સર્જન કરનાર મુની શ્રી ને શત્-શત્ વંદના

સંસ્કૃત ભાષા નો અભ્યાશ ઓછો થઈ રહ્યો છે તેમાં પણ નવ્યન્યાય જેવા ગ્રંથો નો અભ્યાશ ક્રમશ:દુર્લભ બની રહ્યો છે ત્યારે આ મુની એ અજોડ સેવા આપી છે.સામાન્ય રીતે ન્યાય ગ્રંથોનો અભ્યાશ  જૂજ સાધુ અને વિદ્ધવાનો પર્યંત જ સીમિત છે.એની જટીલતાને પાર પામવી અત્યંત અઘરી છે. આવા સમયે આવુ ઐતીહાસીક કાર્યે કરીને મુની શ્રી એ સમાજ મા નવો માપદંડ રચ્યો છે.એમના ગુરુદેવ પૂ.આ.ભ. યશોવીજયસૂરીજી મ.સા એ ષડદ્રવ્યના બધા જ અભ્યાશ જ નહી પણ સમન્વય કર્યો છે. આવા દીગ્ગજ ગરુદેવ ની નીશ્રામાં રાજકોટ મુકામે પ્રસ્તુત ગ્રંથનું વિમોચન ગત મહીને થયુ હતું..

શ્રીમતી અમીબહેન-નયનકુમાર ના કુલરત્ન ધવલકુમાર માંથી ભક્તિયશવિજયજી મ.સા બનેલા મુની શ્રી તરફથી આવા જ ગ્રંથો મળતા રહે એવી જ શુભાશા...

Source- Nikhalas Magazine..( Hareshji Kothari.)

*અહો જિનશાસનમ્!!!*

## *પ્રસંગ-23*

## *Part-1*

## ધન ધન મૂનિવરા

## ધન ધન મૂનિવરા

.....

આજ થી લગભગ 3થી 4, વર્ષ પહેલા અમદાવાદ મા એક બહેન ની દીક્ષા ની વિધિ ચાલી રહી હતી

..

અચાનક તે બહેન ના ભાઈ એ દિક્ષા દાતા શ્રી ને કહયુ મારે પણ દીક્ષા લેવી છે

....

પુજ્ય શ્રી આશ્ચર્ય થી તે યુવાન ને જોતા રહ્યા

...

પુછ્યુ તારા ગુરૂ કોણ ??

...

યુવાન કહે કોઇ ધાર્યા નથી તમને મારા મા યોગ્યતા દેખાતી હોય તો કૃપા કરી શિષ્ય બનાવો

..

પૂજ્ય શ્રી માત્ર એટલુ જ જાણે કે આ મુમુક્ષુ નો ભાઈ છે બીજી કોઇ જાણકારી નહી

.....

યુવાન ના માતા પિતા ને જેઓ સ્ટેજ પર જ હતા બોલાવી વાત કરી અને વાત કરી તરત જ રજા આપી અને કહે અમારા ધન ભાગ્ય કે બન્ને બાલક ચારિત્રને પ્રાપ્ત કરશે

....

તત્કાલ બહેન ની વિધિ અટકાવી

...

યુવા મુમુક્ષુ માટે સાધુ ના વેષ ની તૈયારી માટે 3/4 વ્યક્તિ ને તપોવન મોકલ્યા

...

બીજી બાજુ ત્યા જ વર્ષીદાન અપાવ્યું

..

રંગે ઉમંગે બંને દીક્ષા થયા

..

સુખ સાહ્યબીઓ મા ઉછરેલો યુવાન ક્યારેય દુઃખ શું છે તે અનુભવેલ નહી

....

કર્મ સત્તા તેને કેવા દુઃખ આપે છે

અને તે નૂતન મુનિ કેવી રીતે સંયમ જીવન જીવે છે તે .......

આવતી કાલે Part-2 માં આવશે .....

Source - Vipul bhai valsad.

*અહો જિનશાસનમ્!!!*

*પ્રસંગ-24*

*Part-2*

નૂતન મુનિએ નિયમ લીધો કે નિર્દોષ જ ગોચરી પાણી વાપરવા

....

કર્મ સત્તા તેનો દાવ ચાલુ કરે છે

...

નૂતન મુનિ ને પથરી નો દૂખાવો ઉપ્ડ્યો

....

દૂખાવો એવો ભયંકર થાય કે ના બેસાય કે ના સુવાય

...

તો પણ તેઓ સમતા થી સહન કરે

...

ડોકટરો એ ઑપરેશન નો એક માત્ર ઉપાય કિધો

...

દવા ..ઈન્જેક્શન ...થી કામ ચલાવે

.. .

લામ્બા વિહાર હોય ...

ગરમી સખત હોય ..

ઉતારો વિહાર ધામ મા હોય તો પણ દૂર દૂર સુધી જાય ગોચરી

.....

એમના ગુરુ કહે અમે વિહાર ધામ નુ ચલાવી લચ્યે પણ આ મુનિ એ ક્યારેય અપવાદ સેવ્યોં નથી

...

ગુરૂ ક્રુપા એવી મલી કે માત્ર 3વર્ષ મા લગભગ 6/7વર્ષ જેટલું ભણ્યા

...

વ્યાખ્યાન પણ જોરદાર

...

પથરી નો દૂખાવો મહિને બે મહિને સખત થાય ...

જ્યારે અમારા ગામ મા પધારેલા ત્યારે આગલા દીવસ થી દુખાવોં ચાલુ

..

છતા મસ્તી થી 10km નો વિહાર કર્યો .તેમના ગુરૂ એ વ્હીલ ચેર માટે કીધું તો ના પાડી

...

બપોરે રવિવાર નો સમય  અને વ્યાખ્યાન ચાલે તેઓ થી ના બેસાય કે ના સુવાય

...

બીજા મહાત્મા એ મને વ્યાખ્યાન માથી ઈશારો કરી બોલાવ્યો .બધી વાત કરી ને કહયુ કોઇ ડોકટરો આવે તો તેમણે ઈ ન્જેકશ આપવુ છે ..

સડ્નસિબે એક ડૉકટર વ્યાખ્યાન મા આવેલ તેમણે વાત કરી...

સાહેબ જી પાસે ઈંજેકશન હતુ પણ સ્પિરિટ ના મલ્યૂ ડૉક્ટર કહે સ્પિરિટ વગર તો ના ચાલે ..

મને કહે મેડિકલ માથી લય આવ ત્યાતૉ સાહેબજી કહે ના મારા માટે તમે ના જતા ...

તેઓ એ એમને એમ જ ઈંજેકશન  મરાવ્યુ

....

પણ તે અડધો કલાક કે પછી સવારે વિહાર મા તેઓ ની પ્રસન્તા જૌય્યે તો ગજબની ....

જ્યારે મે પુછ્યુ આ નુ રહસ્ય તો કહે પ્રભુ તો કેટલું સમતા થી સહન કરેલ ...

જ્યારે હૂ પામર આટલુ અમથુ સહન નથી કરી સકતો કે ઈંજેકશન લવ છુ

...

મારા કર્મો ક્યારે ખપ્સે બોલતા બોલતા આખો મા પાણી આવી ગયા

.....

સુ તેમની લઘૂતા

સુ તેમની ગુરૂ ભક્તિ

સુ તેમની સહનશીલતા

.....

Source - Vipul bhai (valsad)

*અહો જિનશાસનમ્!!!*

## *પ્રસંગ-25*

## *વીર આર્યા ના ચરણે વંદન...*

‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿

*શાસન શણગાર્યું, જીવન જીવી જાણ્યું*

 કેન્સરની પીડા એ મૃત્યુ તો આપ્યું, પણ એમની અવિહડ સમાધિ જોઈને પદસ્થ આચાર્ય ભગવંતોએ પણ કહ્યું: *"મૃત્યુ મરી ગયું રે લોલ"*

માત્ર ૩૨ વર્ષની વય અને ૧૫ વર્ષનો સંયમપર્યાય, હજી તો પચાવવાની ઉંમર પાકે એ પેલા કર્મરાજા કેન્સરની ભયાનક પીડા સાથે તૂટી પડ્યા, અને તોય એ સાધ્વીજી શ્રી શ્રુતનિધિશ્રીજી ઝાંસીની રાણીની જેમ જીવનના ગણાતા અંતિમ શ્વાસોમાં પ્રભુ આજ્ઞાનું શસ્ત્ર ઉપાડી સતત ઝઝૂમતા રહ્યા.

ના જીવનની અભિપ્સા, ના મૃત્યુનો ભય,

કેન્સર ની ભયાનક પીડા માં પણ જેઓ આચાર ચુસ્તતા એક પળ માટે ચુકયા નથી.

*અહો! જિનશાસનમ્.*

Source- Social Media

## *પ્રસંગ-26*

*વીર આર્યા ના ચરણે વંદન...*

‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿

**સહનશીલતા :**

જે કિમોથેરાપી માં દર્દી ના હાથ પગ બાંધી ને રાખવામાં આવે એટલી હદે અસહ્ય વેદના હોય તે અવસ્થા એ આશ્ચર્ય સર્જાયું કે ચાલુ કીમાથેરાપી એ ઉભા થઇને પરઠવાનું કાર્ય આદર્યું, નર્સને પણ પાસે આવવા ના દીધા.

જ્યારે પરિસ્થિતિ અતિ વિકટ બની, સ્થિતિ વધુ કથળી, દેહની સંપૂર્ણ જાગ્રત અવસ્થા નષ્ટ થઈ. જ્યાં સ્વ ને કઇ ભાન નહિ. જ્યાં સ્વયમ નું નામ પણ વિસરાઈ ગયું એ વેદનામાં પ્રભુના યોગો જીવનમાં એવા વણેલા કે પ્રતિક્રમણ-દર્શન નો સમય થાય ત્યારે એ કહેતા મારે પ્રતિક્રમણ દર્શન કરવા જવાનું છે મને જવા દ્યો.

આ કેન્સર જેવો ઉપસર્ગ તેમની પાસેથી બધું જ લઇ ગયું પરંતુ તેમના સંયમ ભાવને એક અંશ પણ હાનિ ન પહોંચાડી શક્યો ને પહોંચાડી દીધા તેમને શિવનગરી ભણી.

*હસવું આવે એ મોહરાજાના સામ્રાજ્ય પર કે પાર વગરની પીડાના અંતે ય જેને ઝુકવું જ પડ્યું વીર આર્યાના ચરણોમાં*

*જીવન જીવી જાણ્યું, મૃત્યુ મારી જાણ્યું*

## *પ્રસંગ-27*

*વીર આર્યા ના ચરણે વંદન...*

‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿

***આત્મ- જાગૃતિ:***

જયારે દેહની જાગ્રત અવસ્થા હતી ત્યારે એ તીવ્ર વેદના માં પણ પ્રતિક્રમણ, પડિલેહણ, પરઠવાની ક્રિયા ચુસ્ત પણે વીર આર્યા પોતે સ્વયમ્ આદરતા. સહવર્તિઓ વિનંતી કરતા કે આપ ના કરો ત્યારે તેઓ પ્રસન્નતાથી કહેતા *જ્યાં સુધી દેહ માં શક્તિ છે ત્યાં સુધી પ્રભુ ની આણાને જીવી લેવા દો..*

ટેકો લેવો હોય, પડખું ફેરવવું હોય કે પછી કોઈ વસ્તુ લેવી - મુકવી હોય તો પ્રમાર્જ્યા વિના કોઈ પ્રવૃતિ નહીં કરતાં..

આવી વિકટ પરિસ્થિતિ માં પણ સમિતિ - ગુપ્તિ પર એમનું આટલું ચિંતન ચાલતું કે 5-6 નોટ તો આરામ થી ભરાઈ જાય.. પરંતુ, અફસોસ! એ સમય આ વીર આર્યા પીડા ના કારણે ન તો બોલવામાં સમર્થ હતાં. ના લખવામાં..

*ધન્ય છે વીર આર્યા તમારી આત્મ- જાગૃતિ ને.!*

## *પ્રસંગ-28*

*વીર આર્યા ના ચરણે વંદન...*

‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿

***પ્રભુ પ્રીત :-***

આ વીર આર્યા ને પ્રભુ પ્રત્યે પણ અવિહડ રાગ હતો, કલાકો સુધી સ્તવનોમાં ની સરગમ ચાલ્યા કરે, તો એવા પ્રભુ માં તલ્લીન બની જતાં કે એમના મુખ પર ક્યારેય થાક કે કંટાળો અનુભવવા ન મળે.

એમાં પણ 'શ્રી જીરાવલા દાદા' પ્રત્યે ની શ્રદ્ધા તો અતૂટ અને અમાપ હતી.. એમના મુખ થી આ જ રણકાર નિકળતો... *'मेरा जीवन तेरे हवाले, ओ

मैया इसे पल - पल तु ही संभाले...'* અને *'મારે જવું છે મોક્ષ માં, મુજ માર્ગ ને અજવાળજો..'*

અંતિમ ઘડી સુધી ના એમના શબ્દો હતા કે, *'જે દિવસે મારી સાંસોની વીણા ને તાર તૂટી જશે એ દિવસે સમજશો કે મારી શ્રદ્ધા માં ખામી છે..'* અર્થાત્ જે દિવસે મારી આયુષ્ય ની દોરી તૂટશે અને હું જીવન થી પરાજય પામીશ, એ દિવસે આ ઘટના માં ગુનેગાર માત્ર અને માત્ર મારી શ્રદ્ધા ની ખામી હશે... પણ, મારા પ્રભુ ની તાકાત માં ખામી નહીં હોય..

આ વીર આર્યા પ્રભુ ને કહેતાં..

*'પ્રભુ આ કેન્સર તો મારા માટે એક વરદાન છે..'*

*'જે વિશ્વાસ થી આપે મને કર્મ ખપાવવાની આ તક આપી છે,બસ! એજ વિશ્વાસ થી હું આ તક ને વધાવી શકું...'*

## *પ્રસંગ-29*

*વીર આર્યા ના ચરણે વંદન...*

‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿

***સ્વાધ્યાય રસ...***

કેન્સર ની ભયાનક રોગ ની ઉપસ્થિતિમાં પણ એમના રગે રગ માં સ્વાધ્યાય નો રસ રમતો હતો...

આવી પીડા માં પણ *અમૃતવેલ ની સજ્જઆય, મ્હોંપાધ્યાયજી નું 350 ગાથા નું સ્તવન, 125 ગાથા નું સ્તવન, સમકિત ના 67 બોલ ની સજ્જઆય.....* આદિ ને ચિંતન મનન દ્વારા આત્મસાત કરતા.....!

પંડિત વર્ય બાબુભાઇ જ્યારે પણ સ્વાધ્યાય કરાવવા માટે આવતા,ત્યારે એમના મુખ પર નું સ્મિત એવું ખીલી ઉઠતું કે, સામે વાળા ને ઉત્સાહ આવી જાય....

બધું ભૂલી નોટ-પેન લઈને લખવા બેસી જતા... *આવો હતો આ વીર આર્યા નો સ્વાધ્યાય રસ....*

## *પ્રસંગ-30*

*વીર આર્યા ના ચરણે વંદન...*

‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿ ‿

***સંયમ પ્રેમ***

કેન્સર ના રોગના પ્રારંભ ના દિવસોમાં, દિવસમાં 15 થી 17 વાર ઉલટી થાય પણ આસપાસ ના લોકોને આનો ખ્યાલ પણ ન આવવા દીધો.. કારણ એક જ હતું.

એમને ભય હતો કે, *'મને વાહન માં બેસાડી Check - up માટે લઈ જશે.'*

પરંતુ, દિન - પ્રતિદિન અસ્વસ્થતા વૃદ્ધિમંત બનતી ગઈ અને આખરે ગુર્વાજ્ઞા થી એમને વાહનનો ઉપયોગ કરવો પડ્યો. એ તો ઠીક પરંતુ, આશ્ચર્યકારી ઘટના તો એ છે કે આવી સખત પીડા માં, જયાં બેસવાની પણ શક્તિ નહોતી ત્યાં અશ્રુભીના નયન સાથે સંયમ પ્રેમી આ વીર આર્યા

ડીસા થી અમદાવાદ વાહન માં ઉભા ઉભા આવ્યાં

*ધન્ય છે વીર આર્યા તમારા સંયમ પ્રેમ ને.*

*અહો! જિનશાસનમ્.*

*અહો જિનશાસનમ્!!*

## *પ્રસંગ-31*

## *""મુજ આત્મા જગ્યો હવે....""*

"ગુરુજી! ટ્રસ્ટીઓ ને કહીને વાડા સાફ કરનારને તરત બોલાવો પડશે.

ત્રણ દિવસ થી ભંગી આવ્યો નથી. બધા પ્યાલા એમ ને એમ પડ્યા છે. ભારે મુશ્કેલી થશે."

એક સાધ્વીજીયે વિશાલ ગ્રુપના ગુરુણીને વાત કરી...

એમની વાત સાચી હતી. ગચ્છમાં બધા પોત-પોતાની શક્તિને અનુસારે વડીનીતી બહાર જવાનું કે પરઠવવાનું કે છેવટે વાડાનો ઉપયોગ કરવાનું કરતા હોય છે.

રોજ ભંગી આવીને પ્યાલાઓ સાફ કરી જાય, એટલે એ પ્યાલા નો બીજા દિવસે ઉપયોગ થયી શકે... એ રીતે બધું ચાલતું હતું.

પણ ત્રણ દિવસથી ભંગી ન આવ્યો, એટલે પ્યાલા પણ ઘટી પડ્યા, વાડાના ઉપયોગ કરનાર સંયમીઓને ચિંતા થાય, એ સ્વાભાવિક છે..

'પછી વાત સાંજે ટ્રસ્ટીને કે કોઈક મહત્વની વ્યક્તિને કરશુ..' ગુરુણીએ કહ્યું.

*બપોરે ગોચરી પતી અને કોઈક સાધ્વીજી વાડા માં ગયા હશે, ત્યાં જોયું તો તમામેં તમામ પ્યાલા સાફ થયી ચૂકેલા..* ,к

એ આશ્ચર્ય પામ્યા, ભંગી આવ્યો ન હતો, એ તો એમને પાકી ખબર જ હતી. તો પછી આ સફાઈ કામ કોને કર્યું.?

એમને આવીને ગુરુણીને વાત કરી, એ પણ આશ્ચર્ય પામ્યા, આનંદ પણ થયો. પણ આવું કામ કોને કર્યું હશે ? એ જાણવાની ઈંતેજારી એકદમ વધી ગયી.

એમને જાહેર માં બધા સાધ્વીજીઓ ને પ્રશ્ન કર્યો..

કોઈએ જવાબ ન વાળ્યો..

છેવટે એક સાધ્વીજી બોલ્યા..

*'ગુરુજી મને ખબર છે કે આ મહાન વૈય્યાવચ્ચ કોને કરી છે..'* એમને એક સાધ્વીજી પ્રત્યે આંગળી ચીંધી... 

*""ગોચરી વેલી પતાવીને એ વાડા માં ગયા, બધા પ્યાલા ની અશુચિ તેઓ જાતે દૂર જઇ પરઠવી આવ્યા, બધા પ્યાલા ધોઈ કરીને મૂકી દીધા."*

કોઈને ખબર પણ ન પડવા દીધી.એમને તો મારી આંખ ઉઘાડી છે." સાધ્વીજીનો આવાજ ભીનો થયી ગયો.

સૌની આંખો ભરાઈ ગઈ.

કારણ કે બધા જાણતા હતા કે

આ કામ કરનાર સાધ્વીજી મુંબઈના અતિસુખી પરિવાર ના દીકરી હતા...!

From book-

વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી: આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો.

Lekhak-

પૂજ્ય મુનિરાજ ગુણહંસ વિજયજી મ.સ.

અહો જિનશાસનમ્ !!

## પ્રસંગ- 32

## *"સુમંગલ આચાર્ય ના પ્રતિનિધીઓ જય હો...."*

શેષકાળમાં વિહારો ચાલુ હોય, એ વખતે એક ઉપાશ્રયમાં જુદા જુદા પાંચ - સાત સાધ્વીગ્રૂપો ભેગા થઈ ગયા. ગ્રૂપો અલગ, પણ સામાચારી એક હોવાથી પરસ્પર પ્રતિલેખનાદી નો વ્યવહાર ખરો!

એમાં એક સાધ્વીજી.......

ઉંમર ખાસ્સી મોટી.........

ચાલવામાં પણ ભારે તકલીફ.....

'વોકર' નો ઉપયોગ કરીને એમણે ચાલવું પડે.....

પણ એ દિવસની એમની ચર્યા જોઈને તમામ સાધ્વીઓ મોંમાં આંગળા નાંખી ગયા.

વોકરથી ધીમે ધીમે ચાલતા એ વારાફરથી સાધ્વીજીઓ પાસે ફરે, અને કહે

*'લાવો, મને તમારા પડિલેહણ નો લાભ આપો...'*

'તમે રેહવા દો, તમે હોવી ઘરડાં થયા.' બધા આવો જ જવાબ વાળે.

'ભલે વૃદ્ધ થઈ, પણ આવું કામ તો હું કરી જ શકું છું. બીજા બધા કામ મારાથી થતા નથી, તો કમસેકમ આટલું કરી ને તો ગચ્છભક્તિ કરું....'

અને ખરેખર એ રીતે ઘણા સાધ્વીજીઓ ના પાત્રાદી-પડિલેહણનો લાભ લીધો.

(સુમંગલ આચાર્ય આચાર્યદેશ માં અપંગ રાજકુમાર તરીકે જનમ્યા, પૂર્વભવ ના શિષ્યો એ એમને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી, પણ એ અપંગ હોવાથી વિહાર કરી શકતા ન હતા.

શિષ્યો એમને ખભે ઉંચકી વિહાર કરાવતા. એ રીતે પૂર્વભવગુરુનું ઋણ ચૂકવતા.

તો એમની સામે સુમંગલાચાર્ય (અત્યારે રાજકુમારનો ભવ)પણ ઉપાશ્રયમાં ઢસડાતા ઢસડાતા બધાના સ્થાને પહોંચીને બધાના પાત્રાદિપ્રતિલેખનનો લાભ લેતા..

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi: Aapna Sadhu - Sadhviji bhagvanto.*

(Bhag -4)

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

# પ્રસંગ-33

## Topmost Prasang.. ƅ

## Best Prasang... ƅ ƅ

## Read Full ʒ 8

## એક મીઠો અનુભવ...

## (એક સાધ્વીજી ભગવંત ના શબ્દો માં)

'यहां आप स्कूल में नहीं ठहर सकते।दूसरी जगह पे जाइए...

ઝારખંડના એક શહેર મા સ્કૂલ ના વહીવટદારે એમને ત્યાં ઉતારવાની ના પાડી...

ઉપપશ્રયોની વ્યવસ્થા ગુજરાત મા મળે,આવા ઝારખંડ જેવા પ્રદેશો મા નહિ!

અમારા માટે જ ત્યાં સ્કૂલ માં ઉતરવાનું હતું.પણ ત્યાં ના માણસે સ્પસ્ટ ના પાડે.

'क्यों ?? क्या तकलीफ है??' અમે સહજ રીતે પ્રશ્ન કર્યો.

'यहां पे अभी 10 और 12 की परीक्षा चल रही है,इसलिए मनाई कर रहे है।वरना आप जैसे संत - सतीओ निषेध करने का कोई कारण ही नहीं है।'. એ ભાઈએ નમ્રતા પૂર્વક જવાબ આપ્યો.

છેવટે અમારે બીજી જગ્યા શોધવી પડી...

ત્યાં એક મુસ્લિમ ભાઈ ની ધર્મશાળામાં ઉતારવાની જગ્યા મળી તો ગઈ...

પણ જગ્યા નાની!!

મુસાફરોની આવન-જવન!!

રાત પસાર કરવી દુષ્કર!!

છેવટે મકાન ની બહાર નીકળી કોઈક સજ્જન માણસ ને પૂછ્યું.

'इस धर्मशाला का मालिक कौन है??'

'वह तो अभी हाईकोर्ट में होंगे....'

हमे हाईकोर्ट का रास्ता दिखाओगे....

અમે વિનન્તી કરી,પણ એની અનુકૂળતા ન હોવાથી અમે જ હાઇકોર્ટ નો રસ્તો પૂછતા પૂછતા ત્યાં પહોંચ્યા...

અંદર જતા હતા,ત્યાં વોચમેન પૂછ્યું....

" कहा जाना है??"

'बहार रुको मैं आता हूं....'

કહીને એ અંદર રાજા લેવા ગયો.

રાજા મળતાજ અમે જજ ની ઓફીસ માં દાખલ થયા.

અમને જોતા ની સાથે મુસ્લિમ જજ ઊભો થઈ ગયો,એના મોઢા પર અહોભાવ - સદભાવ નીતરતો દેખાતો હતો... ṃ ṃ

""आइए,आइए!!आप तो श्वेताम्बर जैन साध्वी जी हे न??

हा जी...

कहो में आपकी क्या सेवा कर सकता हूं??""

हम पूरे भारतभर में पैदल विचरण करते है,हमे कहीं कभी कोई तकलीफ नहीं हुई,लेकिन आपके जिल्ले मै हमे कोई स्थान नहीं मिल रहा। ७

"हम आपकी धर्मशाला में रुके हुए है । लेकिन वो छोटी है, और वहां पुरुषों का आवागमन है, जो हमारे जीवन की सुरक्षा के लिये उचित नहीं है ।

आप क्या इतना कर सक्ते है कि, आज़ एक रात धर्मशाला में कोई भी पुरुष का प्रवेश न हो ... और आग़े भी हमें ठहरने की ज़गह मिलती रहें ...,

क्या आप हमें इतनी सहाय कर सक्ते है ?"

અમે સૌમ્ય અને સ્પષ્ટ શબ્દો માં ટૂંક માં રજુઆત કરી દીધી...

"आप का सब काम हो जायेगा । आज़ रात धर्मशाला में एक भी पुरुष का प्रवेश नहीं હોગા..

और, ये मेरा कार्ड लिजिए... आगे भी आप जहां जाएंगे, मेरे ये कार्ड से आपका काम हो जायेगा। आप हमारे अतिथि है।"

એમણે કાર્ડવાળો હાથ અમારા તરફ લંબાવ્યો.

"क्षमा कीजियेगा, हम आपके हाथ से नहीं ले सक्ते । इस तरह हम आपको नहीं छु सक्ते ।"

"ओह ! Good ! I am very Sorry ! " કહીને એમણે કાર્ડ ટેબલ પર મૂક્યું.

"आपका आभार, लेकिन आप टेबल से टच्ड है, कृपया आप टेबल का स्पर्श छोड़ दीजिए, उसके बाद हम कार्ड ले लेंगे ।"

હાઈકોર્ટ નાં જજ આશ્ચર્ય પામ્યા, એમના મોઢા પર અહોભાવની  લાગણીઓ ઉભરાતી હતી. એ બોલ્યા ....–

"आपका तो भगवान महावीर से स्नेह है, आपको तो समंदर में डुबकी लगाके इस स्नेह में पार उतरना है ।

मैं जब कोलेज़ में था, तब दिगंबर - श्वेतांबर भग़वान महावीर का चेप्टर पढ़ा था, आज़ आपने मुझे भग़वान महावीर की याद दिलाई है ।"

એમણે ફળો અને ચા મંગાવ્યા, અમને આપવા લાગ્યા.

અમે સવિનય ના પાડી.

એ વખતે એમની એજ્યુકેટેડ પર્સન તરીકેની આભા અને જે ચમક જોઈ, તે જોઈને પ્રભુશાસનની આચારવ્યવસ્થા ઉપર અમારું હૃદય ઓવારી ગયું.

ҕ ň (સંયમીઓ ! સાવ સ્થૂલકક્ષાનાં આચારો પણ આટલી ઉંડી છાપ પાડી શકે છે, સૂક્ષ્મ આચારો અને ઉત્તમ પરિણતી એ ક્રમશ: મધ્યમ અને ઉત્તમજીવોને માટે ખૂબ જ સુંદર મજાનું આલંબન બની શકે છે.આમાં આપણું પોતાનું હિત પણ સચવાય અને પરનું હિત પણ સધાય.)

આવા 👆 ň દ્રષ્ટાંતોને નઝર સમક્ષ રાખશો.

અહો ! જિનશાસનમ્

From book-  વિશ્વ ની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો..

Lekhak-  પૂજ્ય મુનિરાજ ગુણહંસ વિજયજી મ.સ. જી

## પ્રસંગ-34

## (આ પ્રસંગ વાંચીને આપ પણ કંઈક પરિવર્તન લાવશો ને?)

## *એક સાધ્વીજી ના શબ્દોમાં.....*

ᵻ

અમે વિહાર કરતા કરતા એક સ્થાનમાં આવ્યા, ત્યાં એક પરિચિત બહેન વંદન કરવા માટે આવ્યા, મારા ગુરુણી અને બહેન વચ્ચે જે વાતચીત થઈ , તે નીચે પ્રમાણે હતી...

ᵻ

*ગુરુણી* : આ વખતે તો તમારે ત્યાં સરસ સાધુ ભગવંત હતા, વ્યાખ્યાનનો લાભ સારો મળ્યો હશે.....

*બહેન* : અરે, મ. સા.! શુ વાત કરું ? આ વર્ષે મને ખબર પડી કે મેં મારું આખું જીવન બરબાદ કરી નાખ્યું.

*આવું જિનશાસન.....* *આવું શ્રમણજીવન.....*

વગેરે બધું મળવા છતાં પણ હું એની કદર ન કરી શકી.

શુ સાધુઓ હતા..... ⅊ ⅊

એ બધાનો વિહાર થતા તો જાણો મારા જીવનમાંથી ઉલ્લાસ પણ વિહાર કરીને ચાલ્યો ગયો....

( આટલું બોલતા બોલતા તો એ બહેન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.....)

ગુરુજી!

શુ એ બધાનું અલૌકિક જીવન..... અમે રવિવારાદિના મોટા વ્યાખ્યાન બાદ ક્યારેક ત્યાં બેઠા હોઈએ, ત્યારે તેઓ જે બપોરનો કાળવેળાનો કાજો કાઢે.....

એ એટલી બધી કાળજીથી કાઢે કે એની મારા પર ઘેરી છાપ પડી..

બધો કાજો ભેગો કરે, બરાબર જુએ, પછી ઉચિતસ્થાને પરઠવી આવે. મેં કદી આવી કાળજીથી ઝાડું નથી વાપર્યું.....

તેઓ જયારે ભીંતનો ટેકો લે, ત્યારે પણ ભીંત અને પીઠ બંને બરાબર *પૂંજીને* જ ટેકો લે...

(વંદનાદિ કરવા ગયા, ત્યારે આવું અનેકવાર જોવા મળ્યું.)

ગુરુજી! ચરવળો લઇ ને આજ સુધી ભલે ઘણા બધા સામાયિક કર્યા, પણ આટલો સૂક્ષ્મ ઉપયોગ ત્યારે શીખી..... *એમનું પાત્રપ્રતિલેખન પણ ગજબનું!* એક-એક પાત્રુ કાળજીથી જુએ, પુંજે.....

એમને તો ૧૧:૩૦ થાય, એટલે જમવાની ઉતાવળ.... *અને આ સાધુઓને બધાને એકાસણા હોવા છતાં પણ કેવી પ્રસન્નતા!*

મહાત્માઓ ઘણા..... લખવા માટે બધાને ટેબલ તો જોઈએ ને!

પ્રવચનકારે વ્યાખ્યાનમાં જાહેરાત કરી કે' જેને ત્યાં લખવા માટે ઉપયોગી થાય, એવા પ્રકારના ટેબલ હોય, તેઓ અમને આપી શકે.....

પછી જે ટેબલો મળ્યા, એ દરેક ટેબલ પર જેના હતા, તે શ્રાવકના નામની કાપલી ચોંટાડી દીધી,..

જેથી ચોમાસા બાદ પાછા આપવામાં ગરબડ ન થાય.

અને ખરેખર ચોમાસા બાદ દરેકના ઘરે એ ટેબલો વ્યવસ્થિત પહોંચાડી દીધા, જરાક પણ ગરબડ ન થવા દીધી...

ઘરે ગોચરી વહોરવા આવે, તો પણ કેટકેટલી પૂછપરછ કરી ને જ વહોરે.... ઘરે ઓછા સભ્યો હોય તો ઓછું વહોરે..... વધારે હોય તો એ રીતે વહોરે.....

મને તો ઘણીવાર એમ થતું કે ક્યાંકથી ઘણા માણસો બોલાવી લાવીને, એ બધા માટે તપેલા ભરીભરી ને રસોઈ કરું, એટલે ભરેલા તપેલા અને ઘણા જમાનરા જોઈને 'સાધુઓ ગોચરી વહોરે..... પણ રોજ આટલા બધા મહેમાનો મારે ક્યાંથી ભેગા કરવા ?

જ્યારે પણ એમને વહોરાવવાનો લાભ મળતો, ત્યારે હું ગાંડી ગાંડી થઈ જતી... φ *પણ જબરજસ્ત ત્યાગ! ફ્રુટ વગેરે ઘણી વસ્તુઓ બંધ.....*

બધા સાધુઓ ગુરુની ભક્તિમાં ઓતપ્રોત!

ગુરુજી ઉભા થાય, તો તરત આસન લઈ લે,

ગુરુજીને જ્યાં બેસવું હોય, ત્યાં તરત જ શિષ્યો આસન પાથરી દે.

એક જ ઈશારો કરે, કે તરત પોતાના સ્થાનેથી ઉભા થઇ 'હાજી' બોલતા બોલતા ગુરુજીની પાસે આવી જાય.

મ. સા.! મેં તો મારા માં-બાપની પણ આવી ભક્તિ નથી કરી. F

એ બહેન હર્ષ માં આવી ને બોલતા જ ગયા બોલતા જ ગયા.....

સાધુ ભગવંતોની જીવનચર્યાનો એટલો બધો પ્રભાવે બહેન ઉપર પડ્યો કે એ બહેને પણ ફ્રુટ-મીઠાઈ-અભક્ષ્ય-બહારનું-Hotelનું..... બધું જ બંધ કરી દીધું.

પરિગ્રહ પણ (કપડાં વગેરેનો) ઘણો બધો ઘટાડી દીધો.

ઢગલાબંધ પચ્ચ. લઇ લીધા. ♫

એક જ વાત બોલ્યા કરે 'હવે તો હું પણ ક્યારે એ સાધુ ભગવંતો જેવી બની જાઉં.' ω ω

કોઇ વિશેષ અભ્યાસ વગર.....

કોઈપણ પ્રકારની દીક્ષા માટેની વિશેષ પ્રેરણા વગર.....

સાધ્વીજી ભગવંત ના પરિચય વગર.....

માત્ર સંયમજીવનના સુંદર આચાર-વિચાર, પરસ્પરનો મીઠાશ ભરેલો વ્યવહાર જોઈને એ બહેન, એમનો પરિવાર સંયમ માટેનો તલસાટ પામી ચુક્યો છે...

*( લોકો ભલે ગમે એટલા ભોગવાદ તરફ ખેંચાયા હોય, લોકોને ગમે તો છે ત્યાગવાદ! ઉલટું એમ લાગે છે કે એમનો ભોગવાદ વધ્યો હોવાથી જ એમની ત્યાગપ્રીતિ વધી છે. ત્યાગ એમને આશ્ચર્ય પમાડે છે....)*

♫ ♫ ♫ ♫ ♫ ♫ ♫ ♫ ♫

From- Vishva ni Aadhyatmik Ajaybi: Aapna Sadhu Sadhviji Bhagvanto Bhag-4

Lekhak- Pujya Muniraj Gunhans vijay ji ms

*"અહો જિનશાસનમ્!!"*

## *પ્રસંગ-35*

કોઇ કહે શાશન સમ્રાટ ...કોઇ કહે બાલ બ્રહ્મચારી .... કોઇ કહે તીર્થ રક્ષક....કાંઇ કેટલા બિરુદ .........

આજથી લગભગ 130 વર્ષ પેહલા દીક્ષા વિશે કોઇ સ્વપ્ન મા પણ નહી વિચરતા

ત્યારે દીક્ષા લેવા મહુવા થી ભાવનગર આખી રાત ઊંટ પર બેસી પહોચ્યા ....

ગુરૂ દીક્ષા આપવા તય્યાર નહી કહે માતા પિતા ની રજા વગર ના આપુ એટલે અમુક દિવસ ત્યા જ રહ્યા અને એક દિવસ જાતે સાધુ વેશ પેહ્યૉ

અને ગુરૂ એ દીક્ષા આપી ........

અને ગચ્છ પતી મુલ ચંદ જી મ.સા.નો ઓઘો તેમણે આપ્યો ....

માત્ર ત્રણ મહિના ના દીક્ષા પર્યાય મા તેમની તેજસ્વીતા જોય તેમણે વ્યાખ્યાન કરાવતા ....

મારો કોઈ શિષ્ય "સિદ્ધાંત કમૌદી " ભણે તેવુ તેમના ગુરૂ ની ઇચ્છા તેમણે પૂરી કરી

દીક્ષા ના ત્રીજા જ વર્ષે એક જ્ઞાની પંડિત સાથે વાદ કરી તેને પરાસ્ત કર્યો એકદમ તેજસ્વી ... ગજબની સૂજ બુજ......

એટલે તો તેમણે માત્ર 19વર્ષ ના દીક્ષા પર્યાય મા આચાર્ય પદવી અપાય ....

....અત્રે યાદ રહે તેમના પેહલા 250વર્ષ સુધી કોઈ આચર્ય પદ પર આરુઢ થયુ ના હતુ

ઘણા વર્ષો થી બંધ અંજનશલાકા વિધાન નો પુનઃ પ્રગટ કરાવ્યો અને

સવંત 1983/84 ચાન્સ્મા મા વિદ્યા શાલ પ્રતિષ્ઠા મા તેનો ઉપયોગ કર્યા

તેઓ જયારે અંજન કરતા ત્યારે પૂર્ણ કદ નો અરિસૉ પ્રભુ સામે રખવ્તા અને જેવી પ્રભુ ની દ્રષ્ટિ પડતી તે અરિસૉ કડક ભૂસ થય તૂટી જતો

મેવાડ મા લોકો ની અજ્ઞાનતા નો લાભ લય તેરાપન્થી સાધુ એ પ્રતિમા પર 52ખિલા ઠોક્વ્યા તે સમાચાર પ્રાપ્ત થતા જ ઉદય પૂર ના દરબાર મા કેસ કરાવ્યો અને તેઓ અમદાવાદ થી વિહાર કરી ત્યા પહોચ્યા તર્ક થી કેસ જીત્યા અને ત્યા ભ્રમણ કરી બધા ને પાછા સ્થિર કર્યા

કાપરડા તીર્થ ની પ્રતિષ્ઠા વખતે હજારો ભીલ લોકો તીર કામ્ઠા લય હુમલો કરેલ પરંતુ મેરૂ ની જેમ અડગ રહી ને પ્રતિષ્ઠા કરેલ .....

અનેક લબ્ધી ના સ્વામી પરંતુ માત્ર શાશન પ્રભાવ/રક્ષા માટે જ ઉપયોગ કરેલ

એક જાદુગરે મુનિ ના પાતરા મા માસ મૂક્યું જાદૂ થી ત્યારે તેઓ એ તેને નિર્દોષ ગોચરી મા બદલ્યું અને જાદુગર ને સ્થિર કરી દીધો માફી માંગી કોઇ સાધુ ની મસ્કરી ના કરવી એવુ કેહ્તા છોડ્યો

એક બાલક જન્મ થી મુઁગો તેમણે પિઠે ધબ્બો મારી કહયુ નવકાર બોલ અને તે બોલ્યો

પ્રાય બોટાદ મા વિધર્મી એ અમુક દાવ બતાવી અને આપણા ધર્મ વિશે એલ્ફેલ બોલ્યા એટલે તેને બોલાવી એક પર એક 3પાટ મુકાવી અને તેના પર બેઠા પછી બધી પાટ કઢાવી નાખી અને અદ્ધર બેસી રહ્યા તેઓ એ તેમના શિષ્યો ને ભણાવતા ત્યારે ઘડા ને બાંધવાની દોરી વડે ભૂલ પડે ત્યારે શિક્ષા કરતા ...

કોઈ પણ હોય ચાહે રાજા કે મહારાજા તે સમયે આવે તો મલવા ની ના પાડી દેતા ..

સૌરાષ્ટ્ર મા ગામે ગામ જેઓ એ વિચરણ કરી ગામે ગામ લોકો ને ધર્મ માર્ગે જોડ્યા

તેઓ ના 8જેટલા શિષ્યો ને આચાર્ય પદ આપ્યુ

ઘણા રાજવીઓ ને પ્રતિબૉધ કર્યા

છેલ્લા વર્ષો મા નાદૂરસ્ત તબિયત હોવા છતા બે બે ત્રણ ત્રણ કિલોમીટર નો જ વિહાર કરતા પરંતુ ડોલિ વગેરે નો ઉપયોગ ના જ કરેલ

આજે પણ તેમની સમાધિ સ્થળ પર તેમના પગલા પર આજે કરેલ કેસર પૂજા અને પુષ્પ પૂજા બીજા દિવસ સુધી તરો તાજા રહે છે

જ્યારે આજુ બાજુ સુકાય જાય છે નમો નમો શ્રી ગુરૂ નેમિસૂરીયે ....

Source- Ek shravak bhai

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-36*

એક મુનિરાજ તપોવનના દેરાસરમાં સવારે દર્શન કરવા પધાર્યા...

રંગમંડપમાં રોજ સવારે ચારસો બાળકો સામુહિક અષ્ટપ્રકારી પૂજા કરે, અલ્પેશભાઈનું સંગીત એમાં સહાયક બને..

પ્રભુભક્તિના આ માહોલ ને માણવા માટે દેરાસરમાં અડધો કલાક બેસવાની ધારણાથી મુનિરાજ પધારેલા..

ગરમીનો સમય ! એટલે ઈચ્છા થઈ કે 'કામળી બહાર લટકાવીને અંદર જાઉં.' અને એમણે દેરાસર બહાર પડેલા બોર્ડ પર કામળી લટકાવી તો ખરી,

પણ તરત યાદ આવ્યું કે

'આ તો ખુલ્લી જગ્યા છે, ઉપરથી ભલે દેરાસરનો જ ભાગ છે. પણ ચારેબાજુથી પવન આવવાથી કામળી ઊડ્યા કરવાની. નકામી અડધો કલાક સુધી વાયુકાયની વિરાધના થવાની.'

મુનિએ તરત જ બોર્ડ ઉપરથી કામળી લઈ લીધી, દેરાસરના રંગમંડપમાં પ્રવેશ કર્યો. જે જગ્યાએ કામળી બિલકુલ ન ઉડે, એવા સ્થાન પર = દરવાજા ઉપર એ કામળી લટકાવી દીધી.

(કામળીકાળમાંથી આવેલા હોવાથી તરત તો એની ગડી કરાય નહિં ને?)

બપોરે બાળકોમાં વાચના આપવા માટે અહિંસા પેવેલિયન (ઉપાશ્રયને આ નામ આપવામાં આવેલું...) ના હોલમાં જઇ ચડ્યા.

મોટા સ્ટેજની સામે ત્રણસો બાળકો ગોઠવાઈ ગયેલા હતા..

મુનિરાજે જોયું કે સ્ટેજ પર ચઢવા માટે ત્રણ વિકલ્પો હતા.

ૈ

(૧) બે બાજુ લાકડાની બનાવટના દાદરાઓ ગોઠવેલા હતા, જે જમીન સાથે કાયમી ફિટ નહીં. હલાવી-ચલાવી શકાય એવા !

ૈ

(૨) બે બાજુ સ્ટેજના જ એક ભાગ રૂપ, સ્ટેજની સાથે કાયમી ફિટ એવા પગથિયાં હતા.

ૈ

(૩) કોઈપણ દાદરાનો ઉપયોગ કર્યા વિના જ જરાક પગ ઊંચા કરીને પણ સ્ટેજ પર ચઢી શકાય એમ હતું..

મુનિએ એ દિવસો દરમ્યાન બીજા-ત્રીજા વિકલ્પનો જ ઉપયોગ કર્યો..

એકવાર છોકરાઓએ જિજ્ઞાસાથી આ અંગે પ્રશ્ન કાર્ય, ત્યારે જવાબ વાળ્યો કે 'જુઓ, લાકડાના અસ્થિર દાદરા ઉપર પગ મૂકું, ત્યારે એ દાદરા દબાય છે, એટલે જો એ જગ્યાએ કંથવા-કીડી-કરોળીયાદિ કોઈપણ જીવો હોય, તો દાદરા + જમીન વચ્ચે દબાઈ જવાથી મરી જાય.. માટે આવા અસ્થિર દાદરા ઉપર અમારાથી પગ ન મુકાય.'

ઉનાળાના એ દિવસોમાં વાચના વખતે ત્રણસો બાળકોની ઉપર રહેલા પંખાઓ કોઈકે શરૂ કરી દીધા.

મુનિની ઉપરના પંખા શરૂ ન કર્યા, મુનિ કંઈક બોલે એ પહેલાં તો બાળકોને સંભાળનારા એક મોટાભાઈએ જ મોટા અવાજે સ્પષ્ટ સૂચના કરી દીધી કે 'પંખાઓ બંધ કરી નાખો, તમને શરમ નથી આવતી, કે આપણે મુનિની સામે બેસી ને પ્રવચન સાંભળી રહ્યા છીએ.

આપણે આ પિકચર-નાટક જોવા નથી આવ્યા. મુનિ ચોવીસ કલાક આ ગરમી સહન કરે છે, આપણે માત્ર પોણો કલાક સહન ન કરી શકીએ ?'

એના શબ્દોમાં સાધુઓના ત્યાગધર્મ પ્રત્યેનો જે છલોછલ બહુમાનભાવ નીતરતો હતો, એને જોઈને-સાંભળીને-અનુભવીને મુનિ અત્યંત પ્રસન્ન થયા અને એમણે એની ભરપૂર પ્રશંસા પણ કરી...

(શ્રી મહાનિશીથસૂત્રમાં ફરમાવ્યું છે કે સુસઢ નામનો સાધુ ઉત્કૃષ્ટ તપ કરતો હતો, પણ ષડ્જીવનિકાયની રક્ષા-જયણા બાબતમાં અજ્ઞાની હોવાથી અને માટે જ જયણા સાચવી શકતો ન હોવાથી એમનો સંસાર વધી ગયો..... તપશ્ચર્યા જો આવશ્યક છે, તો એના કરતાં લાખગણી આવશ્યક છે જયણા ! આપણા નિમિત્તે ષટ્કાયની હિંસા ઉભી ન થાય., સાક્ષાત્ ન થાય, અનુમોદિત ન થાય એની કાળજી આપણે રાખવી જ રહી.)

From book-  Vishva ni Aadhyatmik Ajaybi: Aapna Sadhu - Sadhviji Bhagvanto.Bhag-4

Lekhak- Pujya Muniraj Gunhans vijay ji ms

*અહો જિનશાસનમ્!!!*

## પ્રસંગ-37

## *તમે આવો અભિગ્રહ લીધો છે ખરો..??*

"ઉપદેશ રહસ્ય નો પાઠ ચાલુ છું, એમાં ગઈકાલે જ એ પદાર્થ આવ્યો કે 'મુનિ ઓ એ રોજ નવા નવા અભિગ્રહો લેવા જોઈએ.'  તો મારી પણ ઈચ્છા છે કે હું એક અભિગ્રહ લઉં. પણ આપ રાજા આપો તો જ ....'

ઊંઝા ગામ માં એક રાતે 22 વર્ષના હોશિયાર, વિદ્વવાન, ચંચળ સંયમી એ પોતાના વિદ્યા ગુરુ ને વિનંતી કરી. બાર સાધુઓનું એ ગ્રુપ શેષકાળ માં ઉત્તર ગુજરાતની સ્પર્શના કરી રહ્યું હતું.

'કયો અભિગ્રહ લેવો છે..? એ જણાવો. પછી બધી વાત.' વિદ્યા ગુરુ એ પહેલે થી બંધાયા વિના અધ્ધરતાલ જવાબ આપ્યો.

*'હું રોજ બપોરે ગોચરી જાઉં છું. જો મને પેહલા જ ઘરે દૂધીના શાક ની વિનંતી કરે, તો જ પછી મારે શાક ની છૂટ.! ત્યાં સુધી સૂકું - લીલું બધા જ શાક બંધ.!'* મુનિએ રજુઆત કરી.

'તમારા બદલે બીજા કોઈ મહાત્માને દૂધી ની વિનંતી થાય તો..?'

'ના ! એ નહિ ચાલે, મને જ વિનંતી થાય તો જ...'

'દૂધી ને બદલે બીજું કોઈ શાક...'

'તો તો આવતી કાલે જ બાધા પુરી થઈ જાય. શિયાળા માં દૂધી જલ્દી નથી મળતી, એટલે એની ધારણા કરી છે.'

'પહેલા ઘર ને બદલે બીજા, ત્રીજા ઘરે વિનંતી થાય તો..???

'ના, એ પણ ના ચાલે..'

'જુઓ, તમે હમણાં જ એકાશણાં શરૂ કર્યા છે. એના થી ઓછું પચ્ચકખાણ કરવાનું નથી. બપોરે તમે દૂધ માફક ન હોવાથી લેતા નથી. તમે શાક પણ બંધ કરશો., તો માત્ર રોટલી - દાળ - ભાત - મિષ્ટ.... ઉપર ચલાવવુ પડશે. તળેલું તો તમારે આખી જિંદગી બંધ છે. આ બધું વિચારી ને નિર્ણય લેજો. આ બાધા લાંબી ચાલે, તો મહિનાઓ કે વર્ષો સુધી પણ પુરી ન થાય.

અને આપણે કોઈ ની પાસે જાણી જોઈને શાક બનાવડાવીએ તો પારણું કરવાનું જ નથી. નિર્દોષ મળે, એનાથી જ ચલાવવાનું છે.' વિદ્યા ગુરુ એ બધા ભયસ્થાનો બતાવી દીધા..

આપ સૌ વડીલોની કૃપા હશે તો કશો વાંધો નહી આવે વિશ્વાસ પૂર્વક મુની ભગવંતએ જવાબ આપ્યો... ન ચલીત થયા ન ગભરાયા....અને અભીગ્રહ ની શરુઆત થઈ ગઈ.... દિવસો પર દિવસો વીતતા ગયા પણ અભીગ્રહ પૂર્ણ થતો નહતો.... અને એક દીવસ....નીસીહિના મોટા હર્ષસભર ધ્વની સાથે મુનીશ્રી એ ઉપાશ્રય માં પ્રવેશ કર્યો. વિધ્યાગુરુ ને લાગયુ કે આજે બાધા પુર્ણ થઈ ગઈ લાગે છે.રોજના અવાજ કરતા ઘણા મોટા અવાજે મુની બોલ્યા છે.'કેમ ? આજે મળી ગયુ ને, દુધી નું શાક, !'

હા જી ! મળી ગયું, પણ પહેલા ઘરે નહી, બીજા ઘરે!

અરેરે! તો તો અભીગ્રહ પુર્ણ ના થયો તો કેમ આટલા મોટા અવાજે નિસીહિ બોલ્યા???

વીધ્યાગુરુએ ખેદ દર્શાવ્યો...

'ખૂબ આનંદ થયો આજે! જો બીજા ઘરે પહેલા આજે ગયો હોત, તો અભીગ્રહ પૂર્ણ થઈ જાત. એ ના થયું, એમાં મારો ત્યાગ વધશે.'અત્યંત પ્રસન્નતા સાથે ના એ શબ્દો સાંભળીને વીધ્યાગુરુ સહિત ના સર્વે ખુશ થયા લગભગ 45 દિવસ સુધી કોઈપણ શાક વીના ( છુંદો,મુરબ્બો,ગુલકંદ... કશું જ નહિ..)

એમણે પસાર કર્યા અંતે એક દીવસ અદાલજ ગામમાં પહેલા ઘરે જ શાક મળી જતા એમનો અભીગ્રહ પૂર્ણ થયો. ત્યારે સહુ મુનીરાજો એ એક

સાથે ભેગા મળીને તેમને એ જ શાકથી પારણુ કરાવ્યું. જાણે કે કોઈ ને સો મી ઓળી નું પારણું ના કરાવતા હોય એવો હર્ષોલ્લાશ છવાઈ ગયો....(ઉજામા એ વિધાગુરુ એ 'દુધીનુંશાક ભુલથી વ્યાખ્યાન માં જાહેર કરી દીધુ એટલે પછી એ દીવસથી એમણે શાક બદલ્યુ, અને કેળા નું શાક ધાર્યુ. ફરી અદાલજ માં એ શાક થી પારણુ થયું.

22 વર્ષેની યુવાન વયે તો જલશા કરવાનું મન થાય, સાધુપણામાંય આવા બધા ત્યાગ કરવાનું કદાચ ઓછુ ગમે પણ આ તો જિનશાસન એવી ખાણ છે કે કોઈપણ કાળ માં રત્નો પેદા થયા જ કરે છે. ખાલી થતી જ નથી. (નીકળેલા રત્નો વીદાય લેશે પણ એની જન્મદાત્રી જિનશાસન માતાતો નવા નવા રત્નો ની ભેટ ધરતી જ રહેશે......

From book-

Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Jain Sadhu Sadhviji Bhagvanto.

Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms.

*અહો જિનશાસનમ્!!!*

# પ્રસંગ-38

*(વર્ષો થી નવકારસી કરતા હતા....*

*પછી સળંગ '"12-12 વર્ષીતપ'" ચાલુ છે....)*

આ પ્રસંગ પૂરો જરૂર થી વાંચજો....

-

આજ થી 44 વર્ષ પહેલાં, એક બહેન ની *દીક્ષા* થઇ....દિક્ષા જીવન ના શુરુઆત ના 5-6 વર્ષો માં સંયમ જીવન માં સાધુ જીવન ના બધી આરાધનાઓ સાથે-સાથે *તપશ્ચર્યા* પણ સારી થઈ ગયી....

સમય પસાર થતો ગયો..

પછી કોઈ ક કરણસર ખબર નહીં પણ કેમ પણ એ સાધ્વીજી ભગવંત કોઈ પણ તપ ના કરી શકે...

એમને વાપરવા માં કાઈ ફાવે એમ નહીં...

નાના બાળક થી પણ ઓછું ખોરાક વાપરે....

એટલે તપ ના કરી શકે કેમ કે વાપરી જ ન શકે...

તપ કરવા ની ભાવના ખરી...

પણ પ્રતિકૂલતા ના કારણે તપ એમના થી ના થાય....

પછી એમને નવકારશી નું પચ્ચકખાણ કરવું પડ્યું...

*પ્રતિકૂળતા એવી કે સંવત્સરી ના દિવસે પણ એમને નવકારસી કરવી પડે....*

એ સાધ્વીજી ભગવંત એ 27 વર્ષ થી કોઈ બાધા ના હોવા છતાં , ગેહુ અને દૂધ એમ 2 વિગઈ નો મૂળ થી ત્યાગ કર્યો હતો...કેમ કે વાપરી શકતા નહતા....

એ એમના સાધ્વીવૃદ માં બધા ને પ્રેરણા કરીને વિશિષ્ટ આરાધના અને તપશ્ચર્યા માં આગળ વધારે....

પણ પોતે ઈચ્છા હોવા છતાં પણ તપ ના કરી શકે...

એમને નવકારસી નો તપ જ ચાલે...

પછી થોડા સમય પછી એમના ગ્રુપ માં 5 મુમુક્ષુ બહેનો ની દીક્ષા થઈ...

દીક્ષા ના 6 મહિના માં પૂજ્ય આચાર્ય ભગવંત ની શુભ નિશ્રા માં શ્રી સમેત શીખરજી તીર્થ નો સંઘ નીકળ્યો...

આ પૂજ્ય સાધ્વીજી ભગવંત નું ગ્રુપ પણ સંઘ માં સાથે જોડાયું...

ચોમાસુ પણ ત્યાં જ સમેત શીખરજી માં થયું ..

ત્યાં પર્યુષણ પર્વ આવ્યું...

પૂજ્ય સાધ્વીજી ભગવંત ના ગ્રુપ માં એમના એક શિષ્યા સાધવીજી ભગવંત ને માસક્ષમણ (30 ઉપવાસ) તપસ્યા નુ પારણું પર્યુષણ ના 7માં દિવસે આવ્યું....

ત્યારે પૂજ્ય આચાર્ય ભગવંત તે તપસ્વી સાધ્વીજી મ.સ. ના તપ નું પારણું કરાવવા આવ્યા....

ત્યારે આચાર્ય મ.સ. બોલ્યા-- *આપ બધા શિષ્યાઓ તપસ્યા કરો છો , તો પછી આપના ગુરુજી ને પણ તપસ્યા કરાવો....*

*આપના માસક્ષમણ નું પારણા પેહલા , આપના ગુરુજી નું અત્તર વાયનું થશે આજે...*

બધા કહે કે એમને તપસ્યા કરવાનું અનુકલ ના હોય...

ત્યારે આચાર્ય મ.સ. એ કહ્યું- ""જાઓ *ખાખરો* લાઇ ને આવો અને આપના ગુરૂમાં ને *અત્તરવાયનું* કરાવો...""

પૂજ્ય આચાર્ય મ.સ. ના ઉપર શ્રદ્ધા થી સાધ્વીજી ભગવંત એ એમના ગુરૂમાં ને અત્તરવાયનું કરાવ્યું....

કોણ જાણે કે પછી શું આશ્ચર્ય સહ ચમત્કાર સર્જાયો કે જે સાધ્વીજી વર્ષો થી નવકારસી કરતા હતા....સંવત્સરી ના દિવસે પણ નવકારસી કરતા હતા....એ જ સાધ્વીજી એ ઉપવાસ ચાલુ કર્યા.......

એક ઉપવાસ...

બે ઉપવાસ...

ત્રણ ઉપવાસ....

એમ ત્રણ ઉપવાસ (અઠ્ઠમ) થઇ ગયું....

પછી આચાર્ય મ.સ. પાસે પૂછ્યું કે આગળ શુ કરવું?

ત્યારે આચાર્ય મ.સ. એ કહ્યું કે- 3 ઉપવાસ થઈ ગયા છે તો આગળ શ્રી ધર્મચક્ર તપ કરી લ્યો.......

આચાર્ય ભગવંત ની વાત ને તુરંત તહત્તિ કરીને 82 દિવસ નું ધર્મચક્ર તપ પૂરું કર્યું....

પછી તો એ સાધ્વીજી ભગવંત એ ધર્મચક્ર તપ , વિસ સ્થાનક નો તપ, સમેત શીખરજી થી પાછા વિહાર માં એકાસણા નો તપ ,....

પછી એજ પુજય આચાર્ય મ.સ. ના સમાચાર આવ્યા કે અમુક દિવસે શ્રી ધર્મચક્ર તીર્થ પહોંચવું છે....

સાધ્વીજી ભગવંત તુરંત વિહાર કરીને ત્યાં પહોંચ્યા અને પૂજ્ય આચાર્ય ભગવંત ને વંદન કરીને પચ્ચકખાણ માંગ્યું.....

ત્યારે પૂજ્ય આચાર્ય ભગવંત એ કહ્યું કે-- *કાલ થી તમારે વર્ષીતપ ની આરાધના કરવાની છે....*

સાધ્વીજી ભગવંત નો પ્રેમ થી જવાબ -- *"તહત્તિ...!"*

વિચારી ના શકાય એવું વાર્ષિક તપ એટલે *વર્ષીતપ* ની સુંદર તપસ્યા દેવ ગુરુ કૃપા થી શુરું કરી...

પછી તો એવું બળ અને શક્તિ મળ્યું કે એક પછી એક વર્ષીતપ ચાલુ જ છે...

એક નહીં...

બે નહી...

ત્રણ નહીં....

ચાર નહી....

*પણ 12 -12 સળંગ વર્ષીતપ ચાલુ છે.....*

*ખૂબ જ આશ્ચર્ય થાય કે જે સાધ્વીજી પેહલા નવકારસી કરતા હતા..... એમને હવે 12 વર્ષ થી સળંગ વર્ષીતપ ચાલી રહ્યા છે.....*

*ખૂબ ખૂબ અનુમોદના....*

*વંદન હો આવા ત્યાગી તપસ્વી સાધ્વીજી ભગવંત ના ચરણો માં.....*

આ સાધ્વીજી ભગવંત હાલ મુંબઇ માં બિરાજમાન છે....

એમનું ચોમાસુ પણ મુંબઇ (ગોરેગાવ) માં જ છે...

*અહો જિનશાસનમ્!!*

## *પ્રસંગ-39*

ખંભાત માં એક ગચ્છના ૩૦-૪૦ સાધુઓ રોકાયેલા હતા. એમાં પુષ્કળ સ્વાધ્યાયાદિ કરનારા ઘણા મુનિઓ હતા. ગચ્છનાયક જ એ સાધુઓના અભ્યાસની ખૂબ જ કાળજી કરતા હતા.

એ ગચ્છમાં મોટી ઉંમરના એક તપસ્વી મુનિરાજ પણ હતા. એ ક્ષયોપશમ ઓછો હોવાથી વિશિષ્ટ અભ્યાસ કરી શકતા ન હતા. પણ બીજા અનેક સાધુઓને ભણતા જોઈને એમને આનંદ આવતો. એ સ્વયં માંડલીના બધા કામ કરી એ સ્વાધ્યાયી મુનિઓનો સમય બચાવી આપતા. બપોરની દોઢ-બે ઝોળી જેટલી ગોચરી તેઓ લાવતા જેથી બાકીના સાધુઓનો સમય બચે.

એમની એક જ ભાવના હતી કે, *"હું ભણી નથી શકતો તો ભણનારાઓને સહાય તો કરું."*

એક દિવસની વાત છે બપોરે ગોચરી જવાનો સમય થઈ રહ્યો હતો એ વખતે એક સાધુએ આ તપસ્વી મુનિને વંદન કર્યા. પણ એમના ચરણોને સ્પર્શ કરતા જ એ સાધુ ચમક્યા,

*"સાહેબ ! આપનુ શરીર તો ધગધગે છે. ઓછામાં ઓછો ત્રણ ડીગ્રી તાવ છે. હું હમણાં જ ગુરુદેવને વાત કરું છું. આપ આજે ગોચરી ન જશો."*

અને એ સાંભળતાં જ એ તપસ્વીએ આ સાધુનો હાથ પકડી લીધો,

*"ખબરદાર ! એક અક્ષર પણ બોલ્યા છો તો ! મારા તાવની બધાને ખબર પડશે તો મારા બદલે આ સ્વાધ્યાયીઓએ ગોચરી લેવા જવું પડશે. એ મને ન પરવડે. એમનો સ્વાધ્યાય બગડે. મને ભક્તિનો લાભ ન મળે. વળી બધા મારી સેવા કરવા લાગી પડશે. એટલે તમારે ચૂપ જ રહેવાનું છે."*

અને એમની સખત ધાક સામે આ સાધુએ મૌન રહેવું પડયું.

અને ખરેખર ત્રણ ડીગ્રી તાવમાં એ સાધુ અપૂર્વ ઉલ્લાસ સાથે ગોચરી લાવ્યા. ગોચરી આવી ગયા બાદ પેલા વંદન કરનારા સાધુએ જાહેરાત કરી. કે,

*"આ તપસ્વી મુનિને ભયંકર તાવ છે. એમની જીદના કારણે મારે મૌન રહેવું પડયું."*

એ વખતે આચાર્યશ્રીએ ઠપકો આપ્યો, *"આવું તે કરાતું હશે?"*

પણ તપસ્વી કહે,

*"મારે જલ્દી કેવળજ્ઞાન મેળવવું છે. બોલો ગુરુદેવ ! એ માટે મારે આ મુનિઓની વૈયાવચ્ચ ન કરવી જોઈએ? શરીર તો આજે છે ને કાલે નથી. એની શી ચિંતા કરવી?"*

મહાગીતાર્થ, સંવિગ્નશિરોમણિ એ ગુરુદેવ શું બોલે?

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu sadhviji bhagwanto*

*Bhag-1*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

## *પ્રસંગ-40*

*ધન ધન તે મૂનિવરા .....*

.......

આજે એક એવા મુનિરાજ ની અનુમોદના .........

........

આજે સવારે વિહાર મા સાધ્વીજી ભગવંત સાથે  જ્ઞાન ની ચર્ચા ચાલતી હતી ....

અચાનક તેઓ એ એક સાધુ ભગવાન નુ નામ આપ્યુ અને કહે આમ્ને ઓલ્ખો છો ???

મે કહયુ નામ સામ્ભ્લ્યૂ છે રૂબરૂ દર્શન નથી કર્યા

....

તેઓ કહે આજથી 3મહિના પેહ્લા તેઓ ના વ્યાખ્યાન અમદાવાદ મા જુદી જુદી જગ્યાએ ચાલતા હતા

...

એક દીવસ વ્યાખ્યાન પછી તે મુનિ ના માતા મહારાજ અને બેન મહારાજ જેઓ બીજા ગામે થી ચાતુર્માસ કરી ને અમદાવાદ આવેલા કહે તમને વંદન કરવા છે તો ઉપર અવાશે

તો તેઓ કહે વંદન જ કરવા છે તો અહીંજ કરી લો ...માત્ર સુખ સાતા પૂછવા જ નજર માત્ર ક્ષણ પૂરતી ઉચી કરી ...

વંદન થયા એટલે તરતજ ઉપર જતા રહ્યા ..

ત્યારે આજે વિહાર મા જે સાધ્વીજી હતા તેઓ ત્યાજ હાજર ...

....

પછી તેઓ બા મ.સા.ને કહે તમને એવુ ના થાય કે 6/7મહિને મલ્યા છે તો દિકરા મ.સા.થોડી વાર સાથે બેસે ...

બા મ.સા.કહે આપણા સારા માટે આપણે તેમનો સમય સુ કામ બગાડ્યે ...

અમારે તો કાયમ નુ આવુ જ .....

......

સાધ્વીજી મ.સા.મને કહે જ્યારે તેઓ વ્યાખ્યાન કરી પાછા જાય તો એવૂ લાગે કે સાક્ષાત આનંદ ધનજી જ જોય લો ..... .......

ના કોઇ જાતનું અભિમાન

ન કોઇ જાતની સ્પ્રુહા

કોઇ સંઘ તેમનો ઉપકાર માને વ્યાખ્યાન મા તો તરત જ પોતની લઘુતા બતાવે

....

આજે ઘણા શિષ્યો છે છતા પોતાનુ કાર્ય ચીંધે નહી અને તેમના ગુરૂ કહે એટલે તે કામ કરવા પોતે જ તય્યાર ..

Source-Vipul bhai (valsad)

*અહો જિનશાસનમ્!!!*

## પ્રસંગ-41

*"મ. સા. ! મત્થએણ વંદામિ ! હું આપની શું સેવા કરી શકું ? આપને જે કાંઈ ખપ હોય, એનો મને લાભ આપો..."*

ખેરાળુ ઉત્તરગુજરાતના વિહારના એક રસ્તા પર ઝાડની નીચે કામળીથી આખું શરીર ઢાંકીને બેઠેલા જૈન સાધુઓને એક ભાઈએ વિનંતી કરી.

એક આચાર્ય ભ. શિષ્ય પરિવાર સાથે વિહાર કરીને ખેરાળુ તરફ જઈ રહ્યા હતા, પણ શિયાળાના કારણે અચાનક ધુમ્મસ ફાટી નીકળ્યું.

શાસ્ત્રજ્ઞાતા અને આચાર પાલક આચાર્ય ભ. શિષ્યોની સાથે રસ્તાની એક બાજુ, અંદરની તરફ કામળી ઓઢીને બેસી ગયા.

ભયંકર ઠંડીમાં જેમ આખું શરીર ઢાંકી દઈએ. એમ એ વખતે અપકાયના જીવોની રક્ષા માટે બધું જ ઢાંકીને બેસી ગયા. પગનો અંગુઠો પણ બહાર નહીં.

એ વખતે ખેરાળુ ગામના વતની ડૉ. ભરતભાઇ જૈન કોઈક કામ માટે ત્યાંથી સ્કૂટર ઉપર પસાર થતા હતા.... એમણે સાધુઓને જોયા.

ડૉક્ટર જૈન ખરા, પણ સાધુજીવનના સૂક્ષ્મ આચારોની એમને વિશેષ કંઈ સમજણ નહિ. એ એમ સમજ્યા કે *"આ સાધુઓએ વહેલી સવારે વિહાર કર્યો હશે, પણ પછી ઠંડી અસહ્ય બની જતાં ચાલી નહિ શકતા હોય, એટલે આ રીતે એક બાજુ કામળી ઓઢીને બેસી ગયા હશે..."*

એટલે એમને વિચાર આવ્યો કે *"એમને ચા-પાણીનું શું ? જૈન તરીકે મારી ફરજ છે, કે એમને સહાય કરું..."*

એટલે સ્કૂટર એક બાજુ પાર્ક કરી નજીક આવી ઉપર મુજબ પ્રશ્ન કર્યો. આચાર્ય ભ. એ જવાબ આપવા માટે ના-છૂટકે મોઢા પરથી કામળી દૂર કરી.....

*"તમે કોણ ?"*

*"ડૉક્ટર છું, જૈન છું, ખેરાળુમાં જ રહું છું... આપને ઠંડીમાં હેરાન થતા જોઈ..."*

*"ના ભાઈ ના ! અમે ઠંડીના લીધે નહીં, પણ ધુમ્મસના કારણે કામળી ઓઢીને બેઠા છીએ. અને અમે બધા એકાસણાવાળા છીએ, એટલે નવકારશીની કોઈ ચિંતા નથી. તમે અમારી ચિંતા ન કરો, અમે ખેરાળુ આવીએ, ત્યારે જો અમને મળવા આવશો, તો બધું વ્યવસ્થિત સમજાવીશ."* કહી ને આચાર્ય ભ. એ પાછી કામળી ઓઢી લીધી.

ડૉક્ટરને આશ્ચર્ય થયું. બહુમાન થયું. જિજ્ઞાસા ઉત્પન્ન થઇ. ધુમ્મસમાં આવી રીતે બેસવાનું કારણ જાણવાની ભાવના ઉત્પન્ન થઇ.

આચાર્ય ભ. ખેરાળુ પહોંચ્યા, ત્યારે ડૉક્ટર મળવા આવ્યા. જૈનધર્મના સંસકારોને કારણે વંદન કરતા આવડતા હતા, વંદન કરીને બેઠા... વાતચીત ચાલુ થઈ.

આચાર્ય ભ. એ ધુમ્મસનો પદાર્થ વિસ્તારથી સમજાવ્યો, પાણીના જીવોની સુરક્ષા માટે પ્રભુએ બતાવેલી જયણા દર્શાવી.

ડૉક્ટર ભણેલા હતા, યુક્તિઓ સમજી શકતા હતા...

એમને આ બધું ખૂબ ગમી ગયું. પછી તો એમણે ઇરિયાવાહિ વગેરે ગોખવાનું શરૂ કર્યું.

આજની પરિસ્થિતિ એ છે કે એ ખેરાળુ ગામમાં ઉત્તમ શ્રાવક ગણાય છે.

સાધુ-સાધ્વી ભગવંતોની અદ્ભૂત ભક્તિ કરે છે. એમના દવાખાને તો મુસલમાનાદિ બધા જ આવે.

એમની છાપ એક સજ્જન ડૉક્ટર તરીકેની ! એટલે એમની વાતમાં બધાને શ્રદ્ધા બેસે, એમણે એ મુસલમાનાદિઓને પણ જૈન સાધુઓની અહિંસા સમજાવી એમના પ્રત્યે સદભાવવાળા કર્યા છે.

(પૂ. ધર્મબોધી મ. જ્યારે ત્રણ વર્ષ પૂર્વે ખેરાળુ ગયેલા, ત્યારે આ ભરતભાઇ ડૉક્ટર સાત કિ. મી. સુધી એમની સાથે વિહારમાં ચાલેલા, વળાવવા આવેલા. એ વખતે પૂજયશ્રીએ પ્રશ્ન કરેલો કે *'તમારું પરિવર્તન શી રીતે થયું ?'* ત્યારે એના જવાબમાં ડોક્ટરે ઉપરનો આખો પ્રસંગ કહી સંભળાવેલો.

ડૉક્ટરના શબ્દો "મ.સા. ! ઇરિયાવહિના ઓસા શબ્દના વર્ણન વખતે આચાર્ય ભ. એ મને અપકાયના અનેક ભેદો સમજાવેલા, એ બધું સાંભળીને મારી જૈનધર્મ પરની શ્રદ્ધા ખૂબ વધી ગયેલી, એ પછી જ આ યતકંચિત્ વિકાસ સાધી શક્યો છું)

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

# પ્રસંગ-42

*"જો ઉપાશ્રયમાં પાટ ઉપર આચાર્યદેવ બિરાજમાન છે. અમે ત્યાં મુમુક્ષુ બહેનને લઈને આવીએ જ છીએ. તું થોડાક ફોટાઓ પાડી લેજે."*

મુમુક્ષુ બહેનના સ્વજનોએ ફોટોગ્રાફરને સમજણ આપી.

એ બિચારો અજૈન ફોટોગ્રાફર તો સૂચના મુજબ ઉપાશ્રયમાં પહોંચ્યો.

૮૫ વર્ષની પ્રૌઢ ઉંમરના આચાર્યદેવ પાટ પર જાપ કરી રહ્યા હતા.

સ્વાભાવિક છે કે દિક્ષાર્થી સ્વજનોને પોતાના અણમોલ પ્રસંગના સંભારણા તરીકે ફોટાઓ પાડવાની તમન્ના હોય જ.

પણ

આચાર્યદેવને આ બધું નાપસંદ હતું.

મુમુક્ષુ બહેન-સ્વજનો આવી ગયા, ફોટોગ્રાફર ફોટો લેવા જતો હતો ત્યાં આચાર્યશ્રીની એમના ઉપર દ્રષ્ટિ પડી. એમણે બુમ પાડી.

*"આ શું માંડ્યું છે? શા માટે ફોટા પાડીને ષટ્કાયજીવોની વિરાધનાના પાપમાં અમને પાડો છો ? ફોટા પાડવાથી અમારું સંયમ દૂષિત થાય... ચાલ્યો જા અહીંથી..."*

આચાર્યદેવની કડક સૂચના સાંભળી ફોટોગ્રાફર મૂંઝાયો. એને તો *'શું કરવું ?'*

એની સમજણ ન પડી.

પણ દિક્ષાર્થીના સ્વજનો એને ઉપાશ્રયની રૂમમાં લઇ ગયા.

*"ખાનગી રીતે ફોટા પાડજે, આચાર્યદેવની સામે ન આવતો...."* એમ સૂચના આપી દીધી.

પણ અપ્રત્તમ યોગી જેવા આચાર્યશ્રીની ચકોર દ્રષ્ટિમાંથી કશું છાનું ન રહ્યું. *"પેલો હજી રૂમમાં છુપાયો છે, ત્યાંથી બહાર કાઢો..... આ નાશવંત દેહના ફોટા પાડવાનો આગ્રહ શા માટે રાખો છો ?"*

અંતે આચાર્યદેવની ઈચ્છા મુજબ જ થયું ફોટા ન પાડવા દીધા....

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!!*

# પ્રસંગ-43

*(સાધ્વીજીના શબ્દોમાં ઈ ઁ )*

ઉંમર તો સાધ્વીજીની મોટી, પણ તપમાં આગળ પડતા !

કાયમ એકાસણા કરે.

બપોરે બાર વાગ્યા સુધી ખેંચી ન શકે તો પોરસી સમયે એકાસણું કરવા બેસી જાય. સવારે નવકારશી જનારાઓ વધારે દૂધ વહોરી લાવે એ રાખી મૂકે એટલે એ વૃદ્ધ સાધ્વીજી પોરસી સમયે વહેલા વાપરવા બેસી શકે.

એક દિવસ

આજ રીતે તરપણી ભરીને દૂધ કબાટમાં મૂકી રાખેલું.

પોરસીનો સમય થયો એટલે વૃદ્ધ સાધ્વીજી એકાસણું કરવા બેસવા માટે તરપણી લેવા કબાટ પાસે ગયા. એમણે તરપણી હાથમાં લીધી.

હવે હું એ વખતે કબાટની નીચે જ સ્વાધ્યાય કરવા બેઠેલી, મને એમની પ્રવૃત્તિ તરફ ઉપયોગ ન હતો. અચાનક જ હું કોઈક કામ માટે ઉભી થઇ, ઉભી થઇ એમાં હું એમના હાથ સાથે અથડાઈ, એમના હાથમાંની તરપણી દૂર જઇ પડી. તૂટી ગઈ.

એ વખતે મારા ગુરુણી સામે જ બેસેલા, એમણે આ બધું જોયું. હું ગભરાઈ ગઈ,

*"આટલું બધું દૂધ ઢોળાઈ જવા બદલ ગુરુણી સખત ઠપકો આપશે"* એ વિચારથી અવાચક બની ગઈ.

પણ

હું આશ્ચર્ય પામી.

તરત ગુરુણી ઉઠ્યા, લૂછણિયું લઈ દૂધ સાફ કરવા લાગ્યા. પછી તો હું પણ સહાય માટે જોડાઈ.

એ કામ કરતા કરતા જ મને પૂછે *"તમને વાગ્યું તો નથી ને ?"*

અમૃત જેવા એ શબ્દો સાંભળી મારું મન ભરાઈ આવ્યું.

*ન ઠપકાનું નામ !*

*ન દૂધ ઢોળાઈ જવાની  ઘટનાનો ઉલ્લેખ !*

એના બદલે મને વાગ્યું હોવાની ચિંતા !

મારો ભય દૂર થઈ ગયો.

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!!*

# પ્રસંગ-44

૬૨ વર્ષની ઉંમરના વૃદ્ધ છતાં યુવાનને શરમાવે એવા એક ભાઈ કુલ ૭૨ દેશોની મુલાકાત લઈને અહીં ભારતદેશમાં આવ્યા હતા. એક શાસનપ્રભાવક આચાર્યદેવ પાસે આવી ચડ્યા.

એ ભાઈને જાણવું હતું કે *"આ જૈનધર્મ ભારતદેશમાં અલગ જ રીતે તરી આવે છે. એવું કેમ ? એમના સાધુઓ કેવા હોય ? એમના આચારો કેવા હોય ?"*

એ આચાર્યદેવ પાસે અઢી કલાક બેઠા, બધું જ સાંભળતા જ રહ્યા. આચાર્યદેવે જૈનધર્મની ગરિમા એવી આકર્ષતાથી અને સચોટ રીતે વર્ણવી કે એ ભાઈ આભા જ બની ગયા. એમની આંખોમાંથી અહોભાવના અશ્રુ વહેવા લાગ્યા. સહજ રીતે હાથ જોડાઈ ગયા, મસ્તક ઝૂકી ગયું.

એ પછી એ ભાઈએ જે ઉદગારો કાઢ્યા તે સાંભળવા જેવા છે.

*"૭૨ દેશોની મેં મુલાકાત લીધી છે, પણ એક પણ વ્યક્તિ એવો દેખાયો કે જે ઈલેકટ્રીક સીટી, પૈસા અને સ્ત્રી વિના જીવી શકતો હોય, તમારી પાસે આ ત્રણેય નથી. છતાં આટલી ખુમારી ! પ્રસન્નતા ! શાંતિ ! પ્રતિભા ! 'I Can't believe' હું આ માની નથી શકતો. પૈસા - પરિવાર - પદાર્થો પાછળની દોટ વિનાની આવી પણ એક દુનિયા છે, એ મેં આજે જાણ્યું.*

તમારો જૈનધર્મ મને સૌથી વધુ ગમ્યો. પ્રભુ મને જો પૂછે કે *'તને આવતા ભાવે જન્મ કયાં આપું '* હું તો જવાબ આપીશ કે *'મને ભારત દેશમાં જ જન્મ આપો અને જૈન સાધુ બનવાનું સત્વ આપો'..."*

(આચાર્યો એ જૈનધર્મના શૂરવીર વેપારીઓ છે, એ વાત અહીં સાર્થક થતી દેખાય છે. અઢી કલાકની એ દેશનમાં આચાર્યદેવે કેવા અદ્ભૂત પદાર્થો પીરસ્યા હશે કે એ ૭૨ દેશોની મુલાકાત લઈ ચુકેલો ભાઈ જૈનસાધુ બનાવાની તમન્ના કરતો થઈ જાય.....

કેવું બોધીબીજનું વાવેતર !)

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!!*

# પ્રસંગ-45

## "Adbhut prasang"

## *બાળદીક્ષાનો વિરોધ કરતા પહેલા જરાક આ વાંચી લો*

સાગર સમુદાયનમાં માત્ર છ વર્ષની સાવ જ નાનકડી ઉંમરે દીક્ષિત થયેલા આ શ્રમણી ૭૮ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા. કુલ ૭૨ વર્ષનો દિક્ષાપર્યાય પાળ્યો.

આ સાધ્વીજીના જીવનની કેટલીક ઝલકો -

(ક) છેલ્લા બે વર્ષ બેસણાં કર્યા, શરૂઆતના બે વર્ષ પણ બેસણાં કર્યા. બાકી ના લગભગ ૬૮ વર્ષ એમણે અખંડપણે એકાસણાં કર્યા. *આશરે ૨૪૦૦૦ જેટલા એકાસણાં કર્યા* ✍ ♫

(ખ) છેલ્લા બે વર્ષ બેસણાં કર્યા, એમાં પણ વાપરવાનું તો એક જ વાર ! બીજીવાર માત્ર દવા અને અનુપાન સિવાય કંઈ જ લેવાનું નહિ.

(ગ) ક્યારેય માણસ સાથે રાખ્યો નથી કે ફાનસનો ઉપયોગ કરાવ્યો નથી.

(ઘ) કદીપણ પાણી ઠારે નહિ. ગરમાગરમ પાણી આવે તો પણ ઠારે તો નહીં જ. એવું જ પાણી ઘડા/લોટામાં રહેવા દે અને વાપરે.

(ચ) ક્યાંય કોઈ પણ સાધ્વીજી બીમાર હોવાના સમાચાર મળે તો પોતાની ૨૦-૨૫ શિષ્યાઓ હોવા છતાં કોઈને ન કહે અને પોતે જાતે જ વૈયાવચ્ચ કરવા પહોંચી જાય.

(છ) કલિકુંડવાળા રાજેન્દ્રસૂરિજીના કેટલાક સાધ્વીઓ એકવાર પાટણમાં ચોમાસુ હતા. એક સાધ્વીજીને સખત તાવ ચઢ્યો. સાધ્વીજીઓ તે ક્ષેત્રમાં નવા હતા.

કોઈની ઓળખાણ નહિ. કયા ડોકટરને બોલાવવા, કયા શ્રાવકને કહેવું.. એ બધો વિચાર ચાલુ જ હતો ત્યાં તો સાગર સમુદાયના આ સાધ્વીજીના શિષ્યા એક ડૉક્ટર સાથે આવી પહોંચ્યા. એ સાધ્વીજીને કોઈ પણ રીતે અહીંની માંદગીના સમાચાર મળી ગયેલાં. તે પણ પાટણમાં જ ચોમાસુ હતા, એમણે તરત પોતાની એક શિષ્યાને ડૉક્ટર સાથે આ સ્થાને મોકલી.

બીજી બાજુ એક શ્રાવકને સૂચનાઓ આપી કે *"ત્યાં રહેલા સાધ્વીજીઓને મુશ્કેલી ન પડે, એ જોવું. સાધ્વીજી માંદા પડ્યાં છે, દવા-અનુપાનાદિનો જે વ્યવસ્થા જોઈએ, એ સંભાળી લેવી..."*

પૂ. રાજેન્દ્રસૂરિજીના સાધ્વીજીઓ આટલી કાળજી જોઈ આશ્ચર્યમાં પડ્યા. પરસમુદાયના સાધ્વીજીની આટલી બધી ચિંતા કોણ કરે ?

આ સાગરરત્ન સાધ્વીજીના કાળધર્મ બાદ બોલી બોલાઈ, રૂ. ૯ લાખની બોલી !

સ્કૂલમાં તો આ સાધ્વીજી ભણ્યા જ ન હતા. છ વર્ષના દીક્ષિત એમણે અહીં જ બધો અભ્યાસ કરેલો. પાણીનીવ્યાકરણ, ઓઘનીર્યુક્તિ વગેરે ગ્રંથો.... બધું !

છેલ્લે છેલ્લે એ એટલું જ બોલ્યા

*"મારો આટલો જ પરિગ્રહ ! ૩|| હાથની જગ્યા, બે જોડ કપડાં... બાકી બધું જ વોસિરે વોસિરે વોસિરે..."* ɴ ȟ ɴ ȟ

અને એ સંસ્કાર ઘૂંટતા ઘૂંટતા એ પરલોક સિધાવ્યા.

From book-*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak-  *Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!!*

## પ્રસંગ-46

*"તમે એકલા આવ્યા છો? સાથે કોઈ ભાઈ નથી?"*

એ મુનિરાજે મળવા આવેલા ૬૦ વર્ષની ઉંમરના એક બહેનને પ્રશ્ન કર્યો.

હું ત્યાં જ જરાક દૂર બેઠેલો હતો.

પેલા બહેન બોલ્યાં, *"ના સાહેબજી ! કોઈ ઘરે નથી. એ તો બહાર ગયા છે. હું એકલી જ આવી છું."*

આ મુનિએ કહી દીધું કે *"અમારાથી એકલા બહેન સાથે વાત કરવા ન બેસાય. તમે કોઈ ભાઈને લેતા આવો તો બેસાય."*

અને પેલા બહેને વંદન કરીને વિદાય લીધી.

મેં તરત પેલા સાધુને પૂછ્યું કે *"એ કોણ હતું ?"*

સાધુએ જવાબ આપ્યો કે *"મારા સંસારી બા હતા"*

હું તો આ જવાબ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો.

*"ભલા માણસ ! સાગા બા, ૬૦ આસપાસની ઉંમર, સાંજનો ચાર વાગ્યાનો સમય ! તમને ક્યાં આમાં કોઈ દોષ લાગવાનો છે ?"* મેં એમને ઠપકાની ભાષામાં શબ્દો કહ્યા.

એ વખતે મુનિ કહે *"આપની વાત એ અપેક્ષાએ ચોક્કસ સાચી કે આમાં મારા મનમાં કોઈ જ ખરાબ ભાવ નથી પણ છતાં મને લાગે છે કે આપણે વ્યવહાર તો બરાબર પાળવો જ જોઈએ. આજે જો એમાં ઢીલ મુકું તો આજે બા છે, આવતી કાલે યુવાન બહેન વગેરે પણ હોય. આજે ચાર વાગ્યા છે, આવતી કાલે સૂર્યાસ્ત બાદ અંધારાનો સમય પણ હોય.. આવા દુષણો ઘુસી ન જાય એ માટે પાણી પહેલા પાળ બાંધી લેવી જરૂરી છે."*

*બ્રહ્મચર્ય ગુણ માટેની કેટલી બધી સજાગતા ! વ્યવહારની શુદ્ધિ જાળવવા માટેની કેટલી બધી જાગૃતિ !*

From book- *Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak-*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!!*

## *પ્રસંગ-47*

## (Topmost Prasang of Aho Jinshashanam!!) Ƚ ɱ

## *~~ રોગી બન્યા સંયમરાગી !~~~*

એ બેનને જન્મથી જ ફીટનો રોગ! દર મહિને એકાદ વાર ફીટ આવે.

આખું શરીર ખેંચાય, બેન બેભાન બની જાય.

બે દિવસ સુધી શરીર આખું જડ બની જાય.

વર્ષોના વર્ષો આ રીતે વીત્યા...

*આ બેનની સગી બે બેનો એ દીક્ષા લીધેલી.*

એકવાર એમનો પત્ર આવ્યો કે, *"તમે પજુસણ કરવા અહીં વડોદરા આવશો તો આરાધના સારી થશે..."*

અને ફીટ વાળા બેન પોતાની બા સાથે સગી બેન સાધ્વી ઓ પાસે પ્રથમ વાર ધર્મારાધના કરવા વડોદરા ગયા.

*સાધ્વીજીઓની પ્રેરણાથી ચોસઠ પ્રહરી પૌષધનો પ્રારંભ કર્યો.*

"તમારે ફીટની તકલીફ છે, એટલે એકાસણા જ કરવા." એમ સાધ્વીજીઓએ પ્રેરણા આપી છતાં આ બેનનો ભાવ ઉછળતો રહ્યા, અને *પહેલા

દિવસે ઉપવાસ કર્યો.* બીજા દિવસે નબળાઈના કારણે ફીટ આવી, પણ ન પૌષધ પારવાની વાત કે એકાસણું કરવાની વાત !

*મન મક્કમ કરી બીજા દિવસે પણ ઉપવાસ કર્યો.*

ત્રીજા દિવસે નબળાઈ વધવા છતાં ફરી ઉપવાસ કર્યો...

*અને એ રીતે બેને જીવનમાં પહેલીવાર અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી... એમનો ઉત્સાહ ખૂબ જ વધી ગયો.*

બીજે વર્ષે ફરી પોતાના બેન સાધ્વીજીઓ પાસે આરાધના માટે આ બેન ગયા, અને એમણે

આશ્ચર્યજનક વાત કરી. ---

*"જન્મથી માંડીને જે રોગ મને વળગેલો હતો, દર મહિને જેનો હુમલો આવતો હતો, એ રોગ ગયા વર્ષે અઠ્ઠાઈ કર્યા બાદ સંપૂર્ણપણે બંધ થઈ ગયો. એકવર્ષથી ફીટ આવી જ નથી."* l l l l

હવે એ બેને અભ્યાસ શરૂ કર્યો, ક્ષયોપશમ ઓછો એટલે રોજની ચાર-પાંચ કલાકની મહેનત કરે, ત્યારે માંડ ચાર દિવસે એક ગાથા યાદ રહે....

થોડા સમય બાદ સાધ્વી બેનો મુંબઈ આવ્યા ત્યારે આ બેને કહ્યું કે "મારે દીક્ષા લેવી છે.."

સાધ્વી બેનો મુંઝાયા, "ભલે વર્ષથી ફીટ આવી નથી, પણ પાછો રોગ શરૂ થાય તો.. ?" અને એમણે દીક્ષાની ના પાડી.

પણ આ બેનનો વૈરાગ્ય ચોલમજીઠના રંગ જેવો હતો.

એ છેક સાધ્વીબેનોના ગુરુ પાસે

પહોંચી ગયા અને હૈયાના ભાવ જણાવ્યા.

ગુરુએ સાધ્વીબેનોને આદેશ આપ્યો કે "જો આ બેનને

'મા' સાસરે મોકલશે, તો તેને કેટલી ચિંતા રહેશે ?

જે 'મા'એ તમને આ સ્થાન સુધી પહોંચાડ્યા

છે, એના ઉપકારને યાદ કરીને તમે આ તમારી બેનને સાચવી લો."

અંતે *દીક્ષા થઈ...* ω ω

*આ બેને દીક્ષા બાદ પહેલા જ વર્ષે માસક્ષમણની આરાધના કરી* ϰ ᵬ ᵬ , એ ઉપરાંત શત્રુંજય તપ,

શ્રેણીતપ,

સિદ્ધિતપ,

બે વર્ષીતપ,

વીસસ્થાનક તપ,

૫૦૦ આંબિલ,

વર્ધમાનતપની ૭૯ ઓળીઓ,

૫૫મી ઓળી કરિયાતુ અને રોટલી એમ માત્ર બે જ દ્રવ્યથી ૫૫ દિવસ મૌનપૂર્વક કરી.

તેઓ લોચ પણ જાતે જ કરે છે અને

૨૦ વર્ષનો દીક્ષાપર્યાય થઈ ગયો હોવા છતાં પોતાનું બધું કામ જાતે જ કરે છે.

(ફીટ જેવી વિચિત્ર બિમારી. દર મહિને બે દિવસ બેભાન કરી દેનારી બિમારી... છતાં એક મુમુક્ષુ જયારે મક્કમ બને છે, વૈરાગી બને છે... ત્યારે એ ક્યાંથી ક્યાં સુધી પહોંચી શકે છે, એ આના ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે. એટલે જ "હું માંદો છું, મારાથી હવે કશું ન થાય... એવી એવી દીનતાઓનો ભોગ બનવાને બદલે ઉત્સાહપૂર્વક સખત પુરુષાર્થ આદરવો એ જ એક સુંદર માર્ગ છે...)

From book- *Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak- *Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!!*

# પ્રસંગ-48

# *~~ આચાર થી શાશન પ્રભાવના..~~*

જુઓ તો ખરા ત્યાગ ધર્મ નો પ્રભાવ કેટલો છે!

એક મોટા ઘર માં મહેમાનો હોવાદી કારણોસર વેડમી બનાવેલી હતી. ૧૨-૧૫ માણસો હતા. સાધુ અચાનક વ્હોરવા જઈ ચડ્યા. બધા ભક્તિ ભાવ થી ભેગા થઈને ઉભા રહ્યા. મુખ્ય વ્યક્તિઓ વહોરાવવા લાગ્યા. વેડમી નો જથ્થો પડેલો હતો પણ સાધુ ને આંબીલ ની રોટલી નો ખપ હતો. બધા એ બધી વસ્તુ ની વિનંતી કરી. પણ સાધુ એ વેડમી ના જથ્થા ની નીચે રહેલી બે લૂખી રોટલી ની યાચના કરી " મારે આનો ખપ છે " ગૃહસ્થો આભા જ બની ગયા. બે રોટલી વહોરી સાધુ હજી તો ઘરના બારણાંની બહાર જ નીકળ્યા છે. ત્યાં એમના કાને શબ્દ સંભળાયા.--

*" શુ આપણા જૈન સાધુઓ છે..! વેડમી ના જલસા ત્યાગી લૂખી રોટલી આરોગે છે. ધન્ય છે આ મહાત્માઓને..!"*

´ એક શ્રાવક સાધુ ને વિનંતી કરી છેક બારમાં માળે વ્હોરવા લઈ ગયો.

સાધુ માટે શિરો - ખમણ વગેરે બનાવી રાખેલું. સાધુ ને એ દોષિત લાગ્યું; માત્ર રોટલી - શાકાદી નિર્દોષ લાગતી વસ્તુઓ વહોરી ને નીકળી ગયા.

શ્રાવક અચમ્બો પામ્યો. બાર - બાર માળ મેં ચઢાવ્યા, તો પણ આ સાધુઓ શિરો દોષિત લાગવાથી વ્હોરતા નથી. એ કેવી ગજબની અનાસક્તિ !!

´ શંખેશ્વર અઠ્ઠમ કરવા આવેલો એક યુવાન ત્યાં તપસ્વી મહાત્મા ના સંપર્ક માં આવ્યો. શંખેશ્વર માં રસોડાઓ મોંટે પાયે ચાલતા હોવા છતાં એ મહાત્મા નિર્દોષ ગોચરી માટે, આંબીલ ની લૂખી રોટલીઓ માટે શંખેશ્વર ના જૈનેત્તર ઘરમાં વહોરવા ગયા. એ યુવાન સાથે ગયો. જૈનેત્તરો ના જબરદસ્ત ભાવ અને મહાત્મા ની માત્ર લૂખી રોટલી - રોટલા વ્હોરવાની પ્રવૃત્તિ જોઈ એ યુવાન સ્તબ્ધ બની ગયો.

"આ શંખેશ્વર માં મોટું આંબીલ ખાતું ચાલુ છે. ઢોકળા, ઢોસા, ઈડલી વગેરે બધું જ મળે છે. છતાં એ બધા ની આસક્તિ ન પોષવા, એ દોષિત વસ્તુઓ ન લેવા આ સાધુ લૂખી રોટલી - રોટલાથી નિર્વાહ કરે છે." એ વિચારો થી યુવાન એટલો બધો ભાવિત બન્યો કે એણે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. એ પાકો મુમુક્ષુ બની ગયો.

એક સાધુ નો ત્યાગ ધર્મ એક સંસારી ને છેક સાધુ બનવા સુધી ની સફળ પ્રેરણા આપનારો બન્યો.

´ જૈનેત્તર ના ઘરે ગોચરી ગયેલા મહાત્મા ને પેંડા - માવાની વિનંતી થઈ. "આ ઘરના છે કે બહારના..? માવો કેવો..?? કેટલા દિવસ..??" વગેરે ને લીધે એ વસ્તુઓ વ્હોરવા જેવી ના લાગવાથી સાધુએ ના પાડી. રોટલી રોટલા છાશ વ્હોર્યા. પરંતુ આ પ્રસંગ પર થી પેલા જૈનેત્તર ને લાગ્યું કે "આ જૈન સાધુઓ કાઈ ખાવાનું નથી મળતું એટલે અહીં આવનારા નથી.. આ તો સારી સારી વસ્તુઓ પણ લેવાની ના પાડે છે. પૈસા આપીએ તો પણ ના પાડે છે. આ લોકો નો આચાર જબરો છે.."

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu- Sadhviji Bhagvanto*

Lekhak- *Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# પ્રસંગ-49

*"ના, ના અમે હવે કશું જ લઇ શકીયે એમ નથી. આ તમે લાવ્યા છો, તમે જ વાપરી જાઓ...."*

સહવર્તી મુનિઓએ ગોચરી વહોરી લાવેલા મુનિરાજની વિનંતીને ઠુકરાવી દીધી.

એ મુનિરાજ હતા *પાંચ વિગઈના મૂળ થી ત્યાગી !* ϰ ϰ ℔ ℔

નિર્દોષ ગોચરી-પાણી આગ્રહી !

વૈરાગ્યની ઝગમગતી જ્યોતના સ્વામી !

દૂર દૂર ગોચરી વહોરવા કોઈક અજાણ્યા ઘરોમાં જઇ ચઢે, ત્યાં પણ પાકી તપાસ કરી ગોચરી વહોરે.

એક દિ' એક ઘરે પૂરણપોળી(વેડમી) મળી, ઘી ચોપડવાનું બાકી હતું, એમણે તો લૂખી જ વેડમી બરાબર તપાસ કરીને વહોરી........

પણ મનમાં અજંપો શરૂ થયો.

*"મેં શા માટે વેડમી વહોરી ? મને રોટલી મળતી જ હતી. આમાં મને આસક્તિ થવાની જ. મેં ભૂલ કરી..."*

અંતે સહવર્તીઓ ને વહોરાવી દેવાનો નિર્ણય કર્યો.

*"આ વેડમી વાપરી જાઓ ને ? મારે નથી વાપરવી"*

એ મુનિવરે ગોચરી વાપરતા સાધુઓને વિનંતી કરી અને એનો જવાબ નીચે મુજબ મળ્યો.

*"અમે નહીં વાપરી શકીયે"*

મુનિઓ જાણતા હતા કે *'આ કદી સારી સારી વસ્તુઓ વાપરતા નથી'*

એટલે જ આજે બધા મુનિઓની ઈચ્છા હતી કે *"વેડમી એ વૈરાગી મુનિ વાપરે...."*

એ મુનિ રોજ મોડેથી એકાસણું કરતા.

એ દિવસે પણ પોતાની ગોચરી કાઢી રાખી સ્વાધ્યાદિ કરવા લાગ્યા.

પણ મન માં પેલી વેડમીનો અજંપો ચાલુ........

મારે રાગ નથી કરવો...... એ વિચારો ચાલુ.....

ચાર કલાક બાદ જ્યારે એ મુનિ વાપરવા બેઠા ત્યારે એમને આસક્તિત્યાગનો ઉપાય જડી ગયો હતો.

*એમણે વેડમીમાં કડવું-કડવું સુદર્શનચૂર્ણ ભેગું કરી દીધું*

*વેડમી બની ગઈ કડવી-કડવી !*

પ્રસન્નચિત્તે એ વેડમી આરોગી ગયા. એ વખતે મોહરાજાને ઘોર પરાજય આપ્યાનો અપૂર્વ આનંદ એમના મોઢા પર તારાવરતો સ્પષ્ટ દેખાતો હતો.

એકવાર પાણી વધી ગયેલું હોવાથી આચાર્યશ્રીએ આ મુનિરાજને કાપ કાઢવાની આજ્ઞા કરી, *કેમ કે છ મહિનાથી એમણે કાપ કાઢ્યો ન હતો.*

ગુર્વાજ્ઞાના પાલન માટે એમણે કાપ કાઢ્યો તો ખરા, પણ માત્ર ૨૫ મિનિટ માં ! ઉપર-ઉપર નો મેલ કાઢી નાખ્યો. એમાંય એ દોષિત પાણીનો વપરાશ કરવા બદલનો ડંખ તો ખરો જ...

From book- *Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu Sadhviji Bhagvanto*

Lekhak- *Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# પ્રસંગ-50

# *જિનાજ્ઞામાં બાંધછોડ નહિ....*

પર્યુષણના ત્રીજા જ દિવસે એ મુનિરાજને *હાર્ટએટેકનો હુમલો થયો..*

હુમલો ભયજનક હતો એમને તરત હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ઉપચાર શરુ થયો.

આ એટેક બપોરે આવેલો.

એમણે કહી દીધું કે *"સાંજે સૂર્યાસ્ત બાદ દવા- -ઈંજેકશન ગ્લુકોઝ કશું જ લઈશ નહિ"*

ચાર દિવસ બાદ *સંવત્સરી આવી, તેમણે ઘણાની ના વચ્ચે પણ ઉપવાસ કર્યો.* ɴ ȟ

"પ્રભુના ફરમાનમાં ફેરફાર નહિ કરવાનો....

શ્રાવકોના આગ્રહથી મુંબઈની બ્રીજ કેન્ડી હોસ્પીટલમાં બાયપાસનું ઓપરેશન નક્કી થયું, ભારતના પ્રથમ કક્ષાના ડોક્ટર ભટ્ટાચાર્યના હાથે એ ઓપરેશન થવાનું હતું.

પણ આશ્ચર્ય એ થયું કે ડોક્ટર પેશન્ટને ઓળખી જ ન શક્યા, ꙡ કારણકે

આ મુનિરાજ જાતે ચાલીને ઉપરના માળે ચડેલા.

"હું લિફ્ટનો ઉપયોગ નહિ કરું" એમણે ચોક્ખી ના પાડેલી.

ડોક્ટર કહે કે " આવી રીતે જાતે ઉપર ચડીને આવેલાનું બાયપાસનું ઓપરેશન કરવાનું મારે પ્રથમવાર બન્યું છે."

ɴ ȟ ɴ ȟ ɴ ȟ ɴ ȟ ɴ ȟ ɴ ȟ ɴ ȟ ɴ ȟ

From book-

*Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!!*

# પ્રસંગ-51

# *""આ દેહ સ્મશાનની રાખનો ઢગલો..""*

## (સાધ્વીજીના શબ્દોમાં)

મારા વડીલ ગુરુબેનને છાતીમાં કેન્સરની ગાંઠ થયેલી.

એમની પ્રભાવકતા, મધુરો સ્વભાવ વગેરે ને લીધે એ બધાયને અતિશય પ્રિય હતા.

માટે જ એમણે પોતાના દર્દની વાત કોઈને ન કરી.

એમને શંકા પડી કે "મને કેન્સર થયું છે" પણ એ વાત અમને કોઈને ન જણાવી.

ગોચરીએ જવાના બહાને વહેલા નીકળી ડોક્ટર પાસે નિદાન કરાવી આવ્યા.

એમની ધારણા પ્રમાણે જ કેન્સર નીકળ્યું..

એમણે મનને મક્કમ કરી લીધું...

નજીકમાં જ આવનાર મોતને વધાવી લેવાનું નક્કી કર્યું.

દર્દ વધતું ચાલ્યું.

પછી તો અમને ખબર પડી.

એમનો હાથ ૫-૧૦ કિલો વજનનો થઈ ગયો. ઉંચો નીંચો પણ ન થઈ શકે. એકદમ ફુલી ગયો. વેદના તો જે અનુભવે એને ખખર પડે .....

એક દિ'

કેન્સરના જીવાણુઓએ શરીરની એક નસ કોરી નાંખી, નસ તુટી એમાંથી એકાએક લોહીની ધારા ફુવારાની જેમ ઉછળી.

અમે તરત જ વાસણ ધરી દીધું. પોણું વાસણ લોહીથી ભરાઈ ગયું.

એ બધું જ એ સાધ્વીજી જોઈ રહ્યા હતા, છતાં વિહ્વળતા નહિ... વેદનાનો ઉહંકાર નહિ.

મુખ પરનું સ્મિત વધુ ઘેરું બન્યું.

અમે પૂછ્યું

“તમને કંઈ થતું નથી ?"

એમણે જવાબ આપ્યો ꕤ

*"મારા પાપકર્મો ઉદયમાં આવ્યા છે, એને સમભાવે સહન કરવા એ જ મારો ધર્મ છે. આત્મભાવમાં લીન બનવાનો પુરુષાર્થ કરું છું...”*

આવું લગભગ ત્રણવાર નસ તૂટવાનું બન્યું...

અંતે એ સાધ્વીજીએ સમાધિ પૂર્વક સ્મશાનમાં રાખ બનાવનાર એ દેહને અલવિદા કરી દીધો....

From book- *Vishva ni Aadhyatmik Ajaybi : Aapna Sadhu Sadhviji Bhagvanto*

Lekhak- *Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# પ્રસંગ-52

# *(સાધ્વીજીના શબ્દોમાં ꕤ ň )*

અમે બધા સાધ્વીજીઓ વિહાર કરીને સૂર્યાસ્ત આસપાસ પેટ્રોલપંપ પાસે પહોંચ્યા.

અમારે ત્યાં ઉતરવાનું હતું.

ઘણા સાધુ-સાધ્વીઓ પેટ્રોલપંપની રૂમમાં જ રાત્રિ મુકામ કરતા હતા.

પણ અમારું દુર્ભાગ્ય !

એનો માલિક તાળું લગાવીને ક્યાંક ચાલ્યો ગયો હતો.

હવે શું ?

આગળ તો સુરક્ષિત સ્થાને હવે અંધારામાં પહોંચવું ભારે !

પાછા શી રીતે જવાય ?

આ હાઈવે પર શીલના જોખમનો પાર નહિ.

શુ કરવું ?

અમે બધા નમસ્કાર મહામંત્રનો જાપ કરતા કરતા કોઈક સહાય મળે તેની રાહ જોતા હતા.

*"बहनजी ! नमस्ते ! आप यहां क्यूं खड़े हुए है ?"*

અચાનક પેટ્રોલપંપની બાજુમાં જ આવેલી હોટલનો માલિક શીખકાકા અમને આ રીતે પેટ્રોલપંપની બહાર ઉભેલા જોઈ અમારી પાસે આવી પૂછવા લાગ્યા.

અમે બધી વાત કરી.

*"देखिए मेरी होटल के पीछे एक रूम है, आप वहाँ रात्रिमुकाम कीजिए"*

શીખકાકા એ અમને આમંત્રણ આપ્યું.

વિશ્વાસ મુક્યા વિના છૂટકો જ ન હતો. અમે રૂમ પાસે ગયા. પણ વધુ એક આંચકો લાગ્યો. રૂમ તો સામાનથી ભરચક ભરેલી હતી.

હવે ?

પણ ત્યાં તો શીખકાકા એ બોલાવેલા માણસો આવી ગયા, બધો સામાન બહાર કઢાવી અમને રૂમ ખાલી કરી આપી.

આમ જગ્યા તો મળી ગઈ, પણ અમારા ભયનો પાર ન હતો, *તદ્દન અજાણ્યું સ્થળ ! આપણું કોઈ નહીં ! શીખ કોમ ! અમારી રક્ષા કરનાર કોણ ? હાઇવેનું સ્થાન ! ખટારાવાળાઓનો પાર નહિ......*

અમારી મૂંઝવણ ગમે તે રીતે એ શીખકાકા સમજી ગયા. એમણે લાગણીસભર શબ્દોમાં કહ્યું કે -

*'आप मेरी बहना हो, में आपका भाई हूँ । आप बिलकुल फिकर मत कीजिए, मैं आपकी रक्षा करूंगा ।'*

રાત્રી સુખેથી પસાર થઈ.

સવારે અમે હેમખેમ ઉચિતસ્થાને પહોંચી ગયા.

*(આર્યદેશની પ્રજામાં કેટલાક ગુણો તો સહજ રીતે જ ઉત્પન્ન થઇ જતાં હોય એવું અનુભવવા મળે છે.)*

From book-

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

# પ્રસંગ-53

# *(સાધ્વીજીના શબ્દોમાં )*

વૈશાખ માસ નો ધોમધખતો તાપ !

એમાં વળી રાજસ્થાન પ્રદેશ !

અમે બધા તો વિહાર ન હોય તો પણ રોજ સવારે નવકારશીમાં પાણી વાપરતા. રાત્રે બાફરામાં બધું જ પાણી શરીરમાંથી પરસેવાદી દ્વારા શોષાઈ જતું.

સવાર પડે કે ગળુ સુકાય.......

એક દિ......

સમાચાર મળ્યા કે *"અમારા ગચ્છાધિપતિશ્રી વિહાર કરીને ગામમાં પધારવાના છે."*

એ હતું વાંકલી ગામ !

અમે એમને લેવા માટે ગામને પાદરે ગયા.

અમને અંદાજ તો હતો જ કે ગચ્છાધિપતિશ્રી અંધારામાં વિહાર કરતા નથી, એટલે એમને આવતા વાર તો લાગશે જ......

અમે ૯ વાગે ગામને પાદરે પહોંચ્યા.

પણ ધારણા કરતા પણ ઘણો સમય થવા છતાં તેઓશ્રી ન પધાર્યા.

બન્યું એવું કે મુનિઓ માર્ગ ભૂલી ગયેલા.....

અંતે ભરતાપ માં ૧૧ વાગે તેઓએ ગામમાં પ્રવેશ કર્યો. કાચા રસ્તે ૧૫ - ૨૦ કિ.મી. ચાલીને આવેલા. એટલે કેટલો થાક. કેટલી તરસ લાગી હોય..... એ તો કોઈ પણ સમજી શકે.

ગચ્છાધિપતિશ્રી ઉપાશ્રયે પહોંચ્યા. અમે પણ વંદન કરવા ઉપાશ્રયે પહોંચ્યા. અમારા આશ્ચર્ય વચ્ચે પુજ્યશ્રી ઉપાશ્રયે પહોંચી તરત જાપ કરવા બેસી ગયા.

*૧૫ - ૨૦ કિ.મી. નો વિહાર કરીને આવ્યા છે.*

*વૈશાખ માસ છે.*

*રાજસ્થાનની ગરમી છે.*

*૧૧ વાગી ગયા છે.....*

*શું પૂજ્યશ્રી પચ્ચકખાણ નહીં પારે ?*

*પાણી નહીં વાપરે ?*

અમે વિચારમાં પડ્યા. પણ કંઈ બોલી ન શક્યા.

ત્યાં તો મુખ્ય સાધુએ આચાર્યશ્રીને વિનંતી કરી. ;

*"સાહેબજી ! આપ પચ્ચકખાણ પારી પાણી તો વાપરી લો. આપશ્રીને ગઈકાલનો ચોવીહારો ઉપવાસ છે....."* ɲ ɲ ɲ

અમે તો આ સાંભળી સ્તબ્ધ બની ગયા.

ગચ્છાધિપતિશ્રીએ જવાબ આપ્યો કે -

*"મારે જાપ બાકી છે, એ પૂરો ન થાય ત્યાં સુધી હું પચ્ચકખાણ નહીં પારું....."* ɮ ɮ φ

(ક્યારેક વૈશાખ-જેઠ માં  આપણને પાણી માટે કેવી તૃષા હોય છે..... એ જ્યારે અનુભવીએ ત્યારે જ આ પ્રસંગ યાદ કરશું તો એ મહાત્માના અદ્ભૂત ગુણને સાચી વંદના અર્પી શકશું.....)

From book-*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

Lekhak-*Pujya Muniraj Gunhans vijay ji ms*

અહો જિનશાસનમ્!!

## *પ્રસંગ-54*

## *"મારા નિમિત્તે કોઈ દુર્લભબોધિ ન બનવો જોઈએ."* Ḱ

"એ શિષ્ય ! અહીં આવ !"

...

સ્થંડિલ જઈ આવી ઉપાશ્રયમાં પ્રવેશ કરતા શિષ્યને ગુરુએ તરત પાસે બોલાવ્યો.

..

"હાજી ! આવ્યો. " કહી શિષ્ય તરત ગુરુની પાસે જઈ નમ્ર બની ઊભો રહ્યો.

ગુરુએ કહ્યું, "જો, જે પૂછું , એનો સાચો જવાબ આપજે , ગભરાઈશ નહિં, જૂઠું બોલીશ નહિ. હું છેલ્લા બે ચાર દિવસથી જોઊં છું કે તું સ્થંડિલ જાય છે અને 50 મિનિટે પાછો ફરે છે. જગ્યા દૂર હોય અને 50 મિનિટ થાય, તો તો વાંધો નહિ. પણ જગ્યા તો નજીકમાં જ છે.

રે ! તું જ પહેલા તો રોજ 20 મિનિટમાં પાછો આવી જતો હતો. આજે અચાનક 50 મિનિટ કેમ થવા લાગી ?"

ગુરુની વાત સાચી હતી.

*સ્વાભાવિક છે કે કોઈપણ સાચા ગુરુને આવું બને તો ચિંતા થાય જ, અને વળી એમાં શિષ્યના હિતની જ એકાંતે ભાવના હતી.*

*પણ શિષ્યે જે વાત કરી, એ આશ્ચર્ય પમાડે, આંખ ઉઘાડે તેવી હતી.*

શિષ્ય બોલ્યો, " ગુરુજી ! રોજ અમે રેલ્વે લાઈન પર આગળ આવેલી ઝાડીમાં સ્થંડિલ જઈએ છીએ. એ માટે એક ઝુંપડપટ્ટીમાંથી પસાર થઈને જતા હતા.

એ જગ્યાએ એક કાળો કુતરો છે, હું એ ગલીમાં પ્રવેશું ત્યારથી જ એ ભસવાનું શરુ કરે અને છેક છેલ્લે સુધી ભસ્યા કરે. આવું ચાર- પાંચ દિવસ રોજ ચાલ્યું.

એ કરડતો ન હતો અને મને કુતરાનો કોઈ વિશેષ ભય પણ નથી.

પણ ગુરુજી ! આપને એક વાત પૂછું ? આ રીતે એક કુતરો સાધુને જોઈને રોજેરોજ ભસ્યા જ કરે. તો એનામાં એના સંસ્કાર પડી જ જાય ને..?

એ સંસ્કારને કારણે એવું પણ બને ને...? .. કે આવતા ભવોમાં જયાં પણ એ જાય, ત્યાં જયારે પણ સાધુ દેખાશે, ત્યારે એમના પ્રત્યે તિરસ્કાર અને ગાળોનો વરસાદ જ વરસાવશે.

*હવે જો આવું થાય તો એ ભવિષ્યના ભવોમાં સુસાધુઓનો સંપર્ક ન પામે. પરિણામે સમ્યકત્વ ન પામે. દુર્લભબોધિ બને.*

ગુરુજી ! આ શકય તો છે જ ને ?

*મારા નિમિત્તે એક કુતરો દુર્લભબોધિ મને, એ કેમ ચાલે ?*

એટલે જ એ ટુંકા રસ્તાને છોડીને હું છેક લાંબા રસ્તેથી ફરી ફરીને ઠલ્લે જાઊં છું. એટલે જ મને 20 ને બદલે 50 મિનિટ થાય છે.

ગુરુજી ! આપને મારા નિમિત્તે ચિંતા થઈ, એ બદલ ક્ષમા કરશો. પણ મેં આ જે કર્યું, એ ખોટું તો નથી કર્યું ને..?

ગુરુજી આશ્ચર્ય ભરી આંખે આ શિષ્યને જોઈ જ રહ્યા .

*● આપણા નિમિત્તે કોઈ દુર્લભબોધિ બને, એ ઘણું ભયંકર પાપ છે. જો શક્ય હોય, તો આપણે એ નિમિત્ત બનતા અટકવું જોઈએ.* Ḱ

From book-

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

અહો જિનશાસનમ્!!

# *પ્રસંગ-55*

# *બધું શક્ય છે : જરૂર છે સત્ત્વની અને પુરુષાર્થની*

# (એક મુનિરાજના શબ્દોમાં)

આજથી ચારવર્ષ પૂર્વે વિહારમાં ગોધરાની પૂર્વે એક સ્થાને અમને એ મુનિરાજનો ભેટો થઈ ગયો.

સાગર સમુદાયના એ મહાત્મા ! *એ વખતે ૮૦ વર્ષની એમની ઉંમર !*(આજે તો ૮૪ વર્ષની હશે. ) એ દિવસે એમનો પરિચય થયો, એમની આરાધનાઓ જાણવા મળી, અમે તો આશ્ચર્ય પામ્યા.

આ રહી એમની આરાધનાની વિશેષતાઓ :

ᛈ ૬૩ વર્ષની ઉંમરે દીક્ષા લીધી, ૧૭ વર્ષનો દીક્ષાપર્યાય થયો. (આજે ૨૧+ વર્ષનો...)

ᛈ દીક્ષા લેતી વખતે શરત કરેલી કે 'હું ભણી નહિ શકું. મને કશું ચડતું નથી. જાપ-ધ્યાન કરીશ.' છતાં દીક્ષા બાદ એમને જ ભાવના થઈ કે મારે ભણવું છે અને ગુર્વાજ્ઞાથી એમણે ગોખવાનો પુરુષાર્થ શરૂ કર્યો,

એક બાળકની જેમ રોજ મોટે મોટે થી ગોખે.

દીક્ષા બાદ જે *सयणासणन्न*..ગાથા ગોખાવવામાં આવે છે, એ પણ અડધી જ ગાથા માંડ સાત દિવસે પાકી થઈ.

૧૫ દિવસે એ ગાથા પૂર્ણ કરી.

પણ એમણે પુરુષાર્થ ન છોડ્યો, ગોખવાનું ચાલુ જ રાખ્યું.

અને આશ્ચર્યની વાત એ કે ૧૧ વર્ષે પક્ખીસૂત્ર કડકડાટ ગોખીને પૂર્ણ કર્યું.

આવી સખત મહેનત અને ગુરુકૃપાના પ્રતાપે આજે તો રોજ એક ગાથા ગોખી શકે છે.

ẞ દીક્ષા બાદ એમણે જીવવિચાર-નવતત્ત્વ-ચઉશરણપયન્ના-પંચસૂત્ર-અનેક સ્તવનો અને

અનેક સજ્ઝાયો કંઠસ્થ કરી લીધા છે.

ẞ ૮૦ વર્ષની ઉંમરે પણ રોજ ૨૦-૨૫ કિમી. નો વિહાર કરવો હોય તો ય ચાલીને જ કરે.

ન ડોળી - ન વ્હીલચેર ! મક્કમતા ગજબની!

ẞ દીક્ષાથી માંડીને ૧૭ વર્ષ થયા. કદી *એકાસણા* અને *પોરિસીથી* ઓછું પચ્ચક્ખાણ કર્યુ નથી. *અર્થાત્ ૬૦૦૦ થી પણ વધુ એકાસણા અખંડ કર્યાં.*

ẞ એકવાર વિહારમાં ભારે કસાટી થઈ.

સવારે છ વાગે પીંપળી ગામેથી નીકળ્યા, પણ રસ્તો અતિશય ખરાબ!..

છેક સાંજે ચાર વાગે એ મુનિરાજ વટામણ પહોંચ્યા. છતાં એ મુનિએ કોઈ જ ફરિયાદ ન કરી.

સાંજે ચાર વાગે દર્શન કર્યા બાદ પાણી વાપરી એકાસણું કર્યુ. વળી બીજા જ દિવસે પાછો ૧૮ કિ.મી.નો વિહાર તો હતો જ, એ કરીને છેક બપોરે એક વાગે પહોંચ્યા, તો પણ એકાસણામાં કોઈ જ બાંધછોડ નહિ.

ẞ જયારે ગોચરી વાપરવા બેસે ત્યારે “હું ગોચરી વાપરવા બેસું છું” એમ અવશ્ય બોલે.

*અહો જિનશાસનમ્!!* Ḱ

From book-

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

Lekhak-

*Pujya Muniraj Gunhans vijay ji ms*

અહો જિનશાસનમ્!!

## *પ્રસંગ-56*

*"સાહેબજી ! આ શ્રીખંડ છે."*

૬૦ સાધુની વિશાળ માંડલીમાં ગોચરી વહોરીને આવેલા સાધુએ મુખ્ય આચાર્ય ભગવંતને ચેતનામાં વહોરેલો શ્રીખંડ દેખાડ્યો.

સ્વાભાવિક છે કે વિશિષ્ઠ વસ્તુ આવે તો એ તપસ્વી, બાલ, વૃદ્ધ વિશિષ્ઠ સાધુને આપવામાં આવે.

પણ આચાર્ય ભગવંતે આંગળી ચીંધીને સૂચન કર્યું કે

*"આ અમુક સાધુને આ શ્રીખંડ વાપરવા આપી દો."*

"સાહેબજી ! મારે તો શ્રીખંડ સંપૂર્ણ બંધ છે. કોઈ છૂટ નથી."

એ વિરાગી સાધુએ શ્રીખંડ ન ખાવા માટે પોતાની પ્રતિજ્ઞા ગુરુને જણાવી.

*"મને ખબર છે, કે તને શ્રીખંડ બંધ છે. છતાં મારો આદેશ છે. વાપરી લે."* આચાર્યશ્રી બોલ્યા.

*"૬૦-૬૦ સાધુ હોવા છતાં પણ આચાર્યશ્રીએ શા માટે એક સાધુની બાધા હોવા છતાં પણ એને જ એ શ્રીખંડ વપરાવ્યો ?"*

એ પ્રશ્ન બધાને થયો, છતાં આચાર્યશ્રીની દીર્ઘદ્રષ્ટિથી સૌ માહિતગાર હતા. બધા મૌન રહ્યા.

એ સાધુ એ શ્રીખંડ વાપર્યો.

બીજા દિવસે સવારે બધા સાધુએ રાબેતા મુજબ આચાર્યશ્રીને ભેગા મળીને વંદન કરવા ગયા.

વંદન બાદ પેલા શ્રીખંડ વાપરનારા સાધુએ કહ્યું,

*"ગુરુદેવ ! આજે અઠ્ઠમનું પચ્ચક્ખાન આપવા કૃપા કરશોજી."*

*"કેમ ? આજે કોઈ તિથિ વગેરે તો નથી. હમણાં શેનો અઠ્ઠમ ?"*

આચાર્યશ્રીએ પ્રશ્ન કર્યો. અલબત્ત એમના મુખ ઉપર અનોખો આનંદ તરવરતો દેખાતો હતો.

*" ગુરુદેવ ! ગઈકાલે પ્રતિજ્ઞા હોવા છતાં મારે આપશ્રીની આજ્ઞાથી શ્રીખંડ વાપરવો પડ્યો. અલબત્ત, આપની આજ્ઞાથી જ વાપરેલો હોવાથી મને કોઈ જ દોષ ન લાગે.*

*પણ મારો સંકલ્પ છે કે જો શક્તિ પહોંચે તો ગુર્વાજ્ઞાથી છૂટ લેવા છતાં પણ અઠ્ઠમ કરવો. એટલે મારે આજે અઠ્ઠમ કરવો છે."*

આચાર્યદેવ ખૂબ ખુશ થયા.

*"શાબાશ ! આજે તે એક કારણસર કો'ક સાધુને મંગલરૂપે અઠ્ઠમ કરાવવાની મારી ભાવના હતી અને મને ખાત્રી હતી કે તને કહેવું નહીં પડે. તું સામેથી જ અઠ્ઠમ કરી લે એ માટે જ મેં તને શ્રીખંડ વપરાવ્યો હતો."*

ગુરુ-શિષ્યના મનોભાવોના આ મીલનને ૬૦ સાધુઓ આશ્ચર્યચકિત બનીને નિહાળી રહ્યા.

(ગુરુ કહે અને શિષ્ય કરે એ શિષ્યની પાત્રતા લાયકાત ઓછી કહેવાય. ઉત્તમોત્તમ શિષ્ય તો એવો હોય કે ગુરુના મનમાં જે ભાવ પ્રગટે, એમના કહ્યા વિના જ શિષ્યના મનમાં પણ એજ ભાવ પ્રગટે અને એ પ્રમાણે પ્રવુતિ પણ થઈ જાય.)

*અહો જિનશાસનમ્!! Ḱ *

From book-

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-*

*Pujya Muniraj Gunhans vijay ji ms*

અહો જિનશાસનમ્!!

# *પ્રસંગ-57

*"જો શિષ્ય ! તું ૧૦:૩૦ વાગે આયંબીલની ગોચરી વહોરીને ઘેટી ઉપાશ્રયે પહોંચી જજે. હું ત્યાં આવી જઈશ. ત્યાં જ પારણું કરીશું."*

એક આચાર્યદેવે શિષ્યને આદેશ કર્યો.

ઘોર તપસ્વી આ આચાર્યદેવ ગિરનારની છત્રછાયામાં માસક્ષમણનો તપ પ્રારંભ્યો હતો. ચાલુ તપમાં વિહાર કરીને તેઓ સિદ્ધાચલ પહોંચ્યા. પારણાંના દિવસે યાત્રા કરી પછી ઘેટીની પાગે ઉતરી ઘેટી ગામમાં જઇ આયંબીલથી જ પારણું કરવાનો એમણે નિર્ણય કર્યો, અને એ માટે શિષ્યને ઘેટી ગામે સાડા દસ વાગે ગોચરી લાવી રાખવાનો આદેશ કર્યો.

પણ..

આ આચાર્યદેવ ૩૦ ઉપવાસને પારણે યાત્રા કરી દાદાના દરબારે પહોંચ્યા, દાદાને જોઈ ભક્તિમાં ભાન ભૂલ્યા, સમય વીતતો ગયો....

ઘેટીના ઉપાશ્રયે ૧૦:૩૦ વાગે પહોંચવાને બદલે છેક બપોરે ૨:૦૦ વાગે, સાડા ત્રણ કલાક મોડા પહોંચ્યા. શિષ્ય ત્યાં રાહ જોતો હતો. અહો જિનશાસનમ્!!

અલબત્ત આચાર્યદેવના ભક્તિભાવથી એ માહિતગાર હતા, એટલે એને ઝાઝી ચિંતા ન હતી પણ લાવેલી આયંબીલની ગોચરી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં તો સાવ ઠંડી થઈ જાય. એ માસક્ષમણના પારણે શી રીતે વપરાય ? એટલે એ મુનિરાજ આચાર્યદેવના આવ્યા બાદ પાછા ગોચરી લેવા ચાલી નીકળ્યા.

*"કેમ ? હજી ગોચરી લેવા જાય છે ? હમણાં ગોચરી આવી નથી ?"* આચાર્યદેવે પ્રશ્ન કર્યો.

"ગુરુદેવ ! ગોચરી તો આવી ગઈ છે. પરંતુ એ તો સાડા દસ વાગ્યાની લાવેલી છે. એકદમ ઠંડી થઈ ગઈ છે. એ હું વાપરી લઈશ. આપના માટે અજૈનોના ઘર વગેરેમાંથી રોટલા-રોટલી વગેરે લઇ આવું છું." (આચાર્યદેવ નિર્દોષ ગોચરીના આગ્રહી હતા)

શિષ્યે ઉત્તર આપ્યો.

પણ આ તો અત્યંત ની:સ્પૃહ આચાર્યદેવ ! અહો જિનશાસનમ્!!

શિષ્યને અટકાવીને સાવ-સાવ ઠંડી થઈ ગયેલી ગોચરી વડે માસક્ષમણનું પારણું આયંબીલથી બપોરે બે વાગે કર્યું.

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-* *Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-58*

*"મત્થએણ વંદામિ"*

બોલીને કેટલીક બહેનોએ=યુવતીઓએ લગભગ સૂર્યાસ્તના સમયે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

સુરતના એ ઉપાશ્રયમાં બિરાજમાન આચાર્ય ભગવંત શાસ્ત્રાજ્ઞાઓના પાલનમાં અને એમાં પણ બ્રહ્મચર્યની વાડોના પાલનમાં અત્યંત કડક હતાં.

આચાર્ય ભગવંત વયોવૃદ્ધ બની ચુક્યા હતા. એમની ભાવના સ્થિરવાસ કરવાની હતી. સુરતના શ્રીસંઘે સ્થિરવાસ કરવા માટે આચાર્યદેવને વિનંતી કરી અને એ વિનંતી સ્વીકારીને જ આચાર્યશ્રી ત્યાં પધાર્યા અને એક-બે દિવસમાં જ આ રીતે સૂર્યાસ્ત સમયે યુવતીઓએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. અકાળે વિજાતીય પ્રવેશ થતો જોઈ આચાર્યદેવ ધાક બેસાડવા માટે મોટેથી રાડ પાડી.

*"अय' लडकिओं ! यहां क्यु आई हो ? मालुम नहि कि शाम को साधु के उपाश्रय में नहि आना चाहिए । निकल जाओ यहां से ।"*

એ શબ્દો એટલા સખત અને મોટા હતા કે યુવતીઓ ગભરાઈ ગઈ અને તરત ભાગી ગઈ. તેમને ખોટું લાગી ગયું. ઘરે જઈને પોતાના વડીલો-ટ્રસ્ટીઓને વાત કરી. મુગ્ધ વડીલોએ આચાર્યની તરફેણ કરવાને બદલે એ બહેનોની તરફેણ કરી નાંખી.

સવારે ઉપાશ્રયમાં જઈને આચાર્યશ્રીની કહેવા લાગ્યા કે

*"તમે અમારી દિકરીઓને આ રીતે ગમે તેમ ખખડાવો, એ ન ચાલે, તમારે વિવેક રાખવો જોઈએ."*

આચાર્યદેવ સમજી ગયા કે ટ્રસ્ટીપણાનો રૌફ જ એમને આ પ્રમાણે બોલવી રહ્યો છે. ટ્રસ્ટીઓ એમ માનતા હશે કે

*"અમે આચાર્યદેવને અહીં સ્થિરવાસ કરાવીને એમના ઉપર ઉપકાર કરીએ છીએ, એટલે અમારી વાત આચાર્યે માનવી જોઈએ."*

આચાર્યદેવ પરમ નિઃસ્પૃહી હતા. એમને સ્પષ્ટ ઉત્તર આપી દીધો કે

*"यदि में यहां मरूँगा, तो शायद तुम मुझे चंदन से जलाओगे, लेकिन इसके लिए में अपने सिद्धांतों में बांध छोड़ करने के लिए तैयार नहि हु, में यहां से चला जाऊंगा, दूसरी जगह भले मुझे चंदन से जलाने वाले न मिले, किन्तु लकड़ी से जलाने वाले मिल जायेंगे ।"*

અને એમણે બીજા જ દિવસે ત્યાંથી વિહાર કર્યો, નવસારી જમાલપુર પહોંચી ત્યાં જ સ્થિરવાસ કર્યો અને ત્યાંજ કાળધર્મ પામ્યા.

આજે પણ ત્યાં એમનું સમાધિસ્થાન વિદ્યમાન છે.

*(ગમે તેવા શ્રીમંતો - ભકતો - શ્રાવકોની શેહશરમમાં બિલકુલ તણાયા વિના શાસ્ત્રીય મર્યાદાઓનું અણીશુદ્ધ પાલન કરનારા આવા શૂરવીર મુનિવરોથી જ જિનશાસન દેદિપ્યમાન છે.)*

*From book-**Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-59*

*"ગુરુદેવ ! આ પીપરમીંટ તમે પણ ખાઓ ને ? આ ક્યાં અભક્ષ્ય છે ? તદ્દન નિર્દોષ છે."*

એક બાલમુનિ પોતાના ગુરુદેવને-સેંકડો શિષ્યોના અધિપતિ ગચ્છાચાર્યને રોજ આ પ્રમાણે જીદ કરી પીપરમીંટ ખવડાવવા પ્રયત્ન કરતા.

પરમવિરાગી આચાર્યદેવ આવી તુચ્છ આસક્તિકારક વસ્તુ કદી ન વાપરતા. એમણે બાલમુનિનું બાળપણ જોઈને એમને ભક્ષ્ય પીપરમીંટ વાપરવાની રજા આપેલી.

રોજેરોજની બાલમુનિની જીદથી કંટાળીને એક દિવસ આચાર્યદેવે બાલમુનિને કહ્યું કે

*"જો તારે મને પીપરમીંટ વપરાવવી જ હોય, તો હું તૈયાર છું. પણ એક શરત કે તારે એક જ દિવસમાં નવી ૧૦૦ ગાથા ગોખી આપવી પડશે. તું મને એ કડકડાટ સંભળાવી દે એ પછી હું પીપરમીંટ વાપરીશ."*

આચાર્યદેવ એમ માનતા હતા કે આ બાલમુનિ દિવસની ૧૦૦ ગાથા તો ગોખી શકવાના નથી, એટલે એ હવે જીદ કરતા બંધ થાય. જ્યારે જીદ કરે ત્યારે આ જ વાત આગળ ધરી દેવાય.

પણ બાલમુનિ પણ ગાંજ્યા જાય એવા ન હતા. પોતાના ગુરુદેવને પીપરમીંટ વપરાવવાની પોતાની જીદ પૂર્ણ કરવા એમણે કમર કસી અને બીજા દિવસે સવારથી જ અંગુઠા પકડી ગોખવા બેસી ગયા.

સૂર્યાસ્ત સુધીમાં ૧૦૦ ગાથા ગોખી આચાર્યદેવને કડકડાટ સંભળાવી દીધી.

આચાર્યદેવ આશ્ચર્ય પામ્યા, આનંદ પામ્યા પણ સાથે જ મૂંઝવણ પામ્યા. કેમકે એ પીપરમીંટ જેવી તુચ્છ આસક્તિકારક વસ્તુ વાપરવા હરગીજ તૈયાર ન હતા.

પણ હવે શું થાય ?

તેઓ વચનથી બંધાયેલા હતા.

છેવટે એમણે સુંદર ઉપાય શોધી કાઢ્યો.

આસક્તિ પણ ન થાય અને વચનનો ભંગ પણ ન થાય એ માટે એમણે જેમ દવાની ગોળી પાણી વડે સીધી અંદર ઉતારી લઈએ, એને ચૂસીએ નહિ એ રીતે એ પીપરમીંટ પણ સીધી અંદર જ ઉતારી લીધી. જીભમાં એનો સ્વાદ ઉત્પન્ન જ ન થવા દીધો.

*(પોતાના ગુરુદેવને પોતાની પ્રિય વસ્તુ વપરાવવા માટે દિનની ૧૦૦ ગાથા ગોખવાનો અથાગ પુરુષાર્થ કરનારા એ બાલમુનિનો ગુરુ પ્રત્યેનો કેવો અપાર-અમાપ ભક્તિભાવ !*

*તો પીપરમીંટના સ્વાદને પણ ભયંકર પાપ ગણી દવાની કડવી ગોળીની જેમ ગળી જનારા એ આચાર્યદેવનો કેવો અનાસક્ત ભાવ !*

*આવા શિષ્યો, આવા ગુરુજનો ક્યાંય જોયા છે ? જોવા મળે તો અમને ખાસ જણાવશો, જેથી એમના દર્શન કરીને નેત્રોને પવિત્રતમ બનાવીએ.)*

*અહો જિનશાસનમ્!!*

*From book-**Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-**Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-60*

# એ મુનિરાજ હતા ગણીપદવીના ધારક !

અનેકાનેક સાધુઓને આગમોનું અધ્યયન કરાવનાર વિદ્યાગુરુ !

૨૮ વર્ષના દીર્ઘદીક્ષાપર્યાયવાળા !

વિદ્વત્તામાં - આગમબોધમાં જેમનો જોટો ન જડે એવા પ્રકાંડ શાસ્ત્રજ્ઞાતા !

એમનો વિશાળ સમુદાય અમદાવાદના એક ઉપાશ્રયમાં ભેગો થયો હતો. એક આચાર્ય પદવીના પ્રસંગે બધા ભેગા થયેલા હતા. ગોચરી છેક ઉપાશ્રયના પાંચમા માળે બેસતી હતી.

આચાર્ય પદવીના દિવસે સવારે બધા જ મહાત્માઓ આચાર્ય પદવીના વિશાળમંડપમાં પહોંચી ગયા હતા.

આ મુનિરાજે વિચાર કર્યો કે *"બપોરે બધા પાછા આવશે, ત્યારે તરસ્યા થાય હશે અને ઠંડુ પાણી ઝંખતા હશે, લાવ ! આજે એ બધો લાભ હું લઉં."*

અને

*"હું વિદ્વાન છું, ઘણાઓનો વિદ્યાગુરુ છું, ગણિ છું, ૨૮ વર્ષના દિક્ષાપર્યાય વાળો છું."* આ તમામ વિશેષણોને વિસરી જઈ

*"હું મુનિ છું, સાધુ-સહાયક છું."* એ એક માત્ર વિશેષણ યાદ રાખી એ મુનિએ છેક ભોંયતળિયેથી પાંચમે માળે પાણીના ઘડાઓ લઈ જવાના શરૂ કર્યા.

*કુલ ૯૨ ઘડા પાણી પાંચમા માળે પહોચાડ્યું,* ઠારીને ઠંડુ કર્યું. બપોરે પાછા આવેલા મુનિઓએ જયારે આ હકીકત જાણી, ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા, ખૂબ અનુમોદના કરી.

અહંકારનો નશો ઉતારી ગચ્છભક્તિ માટે આવો પુરુષાર્થ ખેડનારા મહામુનિઓ જિનશાસન રૂપી મુકુટમાં રત્નની માફક શોભી રહ્યા છે.

અહો જિનશાસનમ્!!

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-*

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-61*

પોતાના ગુરુદેવ સાથે બે મુનિઓ રાતા મહાવીરમાં રોકાયા હતા. બેય મુનિઓને ઓળી ચાલતી હતી.

રાતા મહાવીર એટલે જાણે કે તદ્દન સુમસામ વગડો જ જોઈ લ્યો ! કોઈ ગામ નહિ કે ઘરો નહિ. એક ભક્ત શ્રાવકે ત્યાં રસોડું ખોલેલું હતું અને બધી વ્યવસ્થા ગોઠવી હતી.

પણ

આ મુનિરાજો તો નિર્દોષ ગોચરીના ખપી !

એમને આ બધું દોષિત શેં ખપે ?

રાતા મહાવીરથી ૪ કિ. મી. દૂર વિજાપુર ગામ હતું. ત્યાં અજૈનોના ઘરોમાંથી નિર્દોષ ગોચરી મળી રહેતી હતી.

પણ

ચૈત્ર-વૈશાખનો ધોમધખતો તાપ !

બપોરે ગોચરી લેવા જવું !

રાજસ્થાનની ગરમી !

વિચારતા પણ કંપારી છૂટે.

છતાં એ મુનિવરો એ બીડું ઝડપી લીધું.

અને

રોજ બપોરે ૪ કિ. મી. ચાલી વિજાપુર ગામમાં જાય, ગોચરી વહોરી વળી ૪ કિ.મી. ચાલી રાતા મહાવીર પાછા ફરે. *આમ રોજેરોજ આઠ આઠ કિ. મી. ના ભરતડકાના વિહાર કરીને તેઓએ એ દિવસો પસાર કર્યા.*

અહો જિનશાસનમ્

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-*

*Pujya Muniraj Gunhans vijay ji ms**

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-62*

પપ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયવાળા યોગીપુરુષ એક પંન્યાસજી ભયંકર બિમારીમાં પટકાયા, પણ એ કદી બિમારી દૂર કરવા માટે સાવદ્ય ઉપાયો અજમાવતા ન હતા. ન તો એ બ્લડ ચેક કરાવે કે ન તો એ એક્સ-રે પડાવે. એલોપેથી દવાઓથી પણ એ છેટા જ રહેતા તો આયુર્વેદિક દવાઓને પણ તિલાંજલિ આપતા.

એમને સમાધિ ટકતી હતી, પ્રસન્નતા રહેતી હતી એટલે એ સાવદ્ય ઉપાયોથી અળગા રહેતા.

પણ આ ભયંકર બિમારીમાં એમને સપડાયેલા જોઈને અન્ય સમુદાયના એક પંન્યાસજીએ એમને સૂચના કરી કે

*"તમે સાવદ્ય ઉપાય નહિ અજમાવો તો બરાબર. પણ એક્યુપ્રેસર તો સાવ જ સીધો-સાદો ઉપાય છે. એમાં તો કોઈ દોષ નથી. માત્ર શરીરના તે તે ભાગ દબાવવાના હોય છે, એનાથી જ ઘણી બધી રાહત થઈ જાય છે."*

આ સાંભળીને આ ગ્લાન પંન્યાસજઈએ  હસતા હસતા પ્રત્યુત્તર વળ્યો કે

*"તમારી વાત સાચી છે. પણ નમસ્કાર મહામંત્ર મારી માતા છે. તો આ બધા કહેવાતા નિરવદ્ય ઉપાયો મારી માસી છે. માતાને છોડી માસી પાસે હું શીદને જાઉં?*

*મને સારું કરવું હશે તો મારી માતા કરશે, માસીના શરણે જવાની અને એના દ્વારા સારા થવાની મારી તૈયારી નથી"*

*(સમજાતું નથી કે આ મહાત્માની દેહ પ્રત્યેની નિર્લેપવૃત્તિ ચઢી જાય ? કે પછી નમસ્કાર મહામંત્ર પ્રત્યેની અડગ શ્રદ્ધા ચડી જાય ?)*

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-*

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-63*

# *ધન્ના અણગાર નું પ્રતિબિંબ જોવું છે????*

(1) દીક્ષા ના 32 વર્ષ થયા, હજી પણ અખંડ એકાસણા ચાલુ છે.

(2)એકાસણામાં માત્ર દાળ- રોટલી અથવા દુધ-રોટલી એમ માત્ર બે જ દ્રવ્ય વાપરે છે.

(3) ઘી અને સાકર બે વિગઈ યાજ્જીવ માટે બંધ છે.

(4) વર્ષમાં 9થી10 મહીના આયંબીલ કરે છે. તેમાં પણ બે દ્રવ્ય વાપરે.

(5)નિર્દોષ ગોચરી ના ખુબ જ ખપી છે. સંપુર્ણપણે 42 દોષ વિનાની જ ગોચરી વાપરે.

(6)બપોરે ગોચરી લાવી,સહવર્તી સાધુઓના પાત્રામાં નાનકડી શેષ મૂકી પોતાની ગોચરી ઢાંકી રાખે અને પછી પડિલેહણાદી પતાવીને રોજ અવઢ્ઢ ના પચ્કખાણે જ આયંબીલ એકાસણુ કરે.

(7) મહીનામાં ઓછામાં ઓછો એક અઠ્ઠમ કરે, પારણે પણ અવઢ્ઢ નું જ પચ્કખાણ કરે.

(8) પોતાના દરેક કામ જાતે જ કરે,બીજા સાધુઓ પાસે પોતાનું કોઈપણ કામ ના કરાવે.

(9) જો કયારેક નિર્દોષ પાણી ના મળે તો દોષિત પાણી 1-2 ટોકસા જ લે અને એમા જ પોતાનો નિર્વાહ કરી લે. ચુનાનું  પાણી પણ બે ટોકસી થી વધારે ના લે.

(10) આ મુની ભગવંત કપડા-પાત્રાદિ પણ સંપૂર્ણ નિર્દોષ વાપરે છે.

(11) પાણી માટે કદી ઘડાનો ઊપયોગ કરતા નથી.માત્ર તુંબડુ જ રાખે.

(12) એમની પાસે પરીગ્રહ રૂપે એક નાનકડું પણ પોટલું નથી.

(13) 50-52 વર્ષ ની ઉંમર ના આ મુનિની કાયા હાડપીંજર જેવી લાગે છે. સાધુ લોકમાં આ મુનિ ધન્ના અણગાર રૂપે પ્રખ્યાતી પામેલા છે. Ḱ

અહો જિનશાસનમ્!!

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-*

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-64*

# *સાધુતા : જીવદયાની કોમળ પરિણતિ !*

"અરે મહાત્મન્ ! કાપની ડોલ પરઠવા નીચે ગયેલા અને છેક અત્યારે એક કલાક પછી તમે ઉપર આવો છો..? કયાં ગયા હતા..? એક ડોલ પરઠવા કલાક થતો હશે..?"

ઉપાશ્રયમાં રહેલા વડીલ સાધુએ કાપનું પાણી પરઠવા ગયેલા સાધુને કંઈક આશ્ચર્ય સાથે ઉપર મુજબ પ્રશ્ન કર્યો.

વાત તદન સાચી હતી. એ નાનો સાધુ કાપ કાઢી ડોલ પરઠવા ગયો અને બરાબર એક કલાકે પાછો આવ્યો.

નીચે કંપાઉન્ડની અંદર જ જમીન સાથે સંબંધવાલી મોટી કુંડી હતી. એમાં પાણી પરઠવાનું હતું.

પ્રશ્ન પુછનાર વડીલ મહાત્માના શબ્દોમાં કડકાઈ ન હતી. કેમકે સામેવાળા મહાત્મા એકદમ સંયમી હતા. એટલે તે એક કલાક ઉંઘાન્યત્તા કામ કરી આવ્યા હોવાની શંકા પડવાનો પણ પ્રશ્ન ન હતો. પણ એ પ્રશ્નમાં આશ્ચર્ય તો ચોકકસ હતું.

અને રડતી આંખે એ સંવિગ્ન સાધુએ ચોથા આરાના મહાત્માઓની યાદ અપાવે તેવો પ્રત્યુત્તર વાળ્યો,

"સાહેબ ! નીચે કુંડીમાં કીડીના સેંકડો નગરાઓ છે. ઉપર - ઉપરથી જોઈએ તો કંઈ જ ખબર ન પડે, પણ નીચે વળીને મેં જોયું તો સોંય જેટલી જાડાઈ-પહોળાઈવાળા સેંકડો કાણાઓ મને જમીનમાં દેખાયા અને એમાં કીડીની અવર -જવર પણ દેખાણી. હવે જો ડોલનું પાણી એક ધડાકે પરઠવી દઉં તો સેંકડો નગરાઓમાં હજારોની સંખ્યામાં કીડી મરી જાય.

વળી આ ભરચક વસ્તીવાળું સ્થાન હોવાથી કંપાઉન્ડની બહાર પરઠવાની કોઈ જ શક્યતા નથી. શાસન હીલનાનો ભય રહે છે. એટલે હું હાથના ખોબાઓ દ્વારા થોડું થોડું પાણી લઈ નગરાઓ વિનાની જગ્યાએ થોડું થોડું પરઠવતો ગયો એ રીતે પરઠવવામાં સ્વાભાવિક રીતે જ વાર લાગે. માટે મને કલાક થયો.

*પણ, "સાહેબ ! આટલી બધી કાલજી કરવા છતાં અમુક વિરાધના તો થઈ જ હશે. માટે ખૂબ પશ્ચાતાપ થાય છે."*

આ વાત સાંભળીને સાધુઓ સ્તબ્ધ બની ગયા. એક ડોલ પરઠવા માટે એક કલાક કાઢવો એ એમના માટે તો અજાયબી જેવું જ હતું.

બીજા દિવસે એ સંઘના જ આગળ પડતા આરાધક શ્રાવક જ્યારે વંદન કરવા આવ્યા ત્યારે ખુલ્લે મોંઢે તે શ્રાવક પેલા સાધુની પ્રશંસા કરવા લાગ્યા.

*"સાહેબ ! ગઈકાલે આપના એક સાધુ પાણીની ડોલ પરઠવતા હતા ત્યારે જ હું ત્યાં જ ઉભેલો. પણ એમની જયણા, એમનો ઉપયોગ જોઈ હું તો આશ્ચર્ય પામ્યો. જીંદગીમાં પહેલીવાર મેં આવો જીવદયાનો પરિણામ નિહાળ્યો છે. શું આ મહાત્મા છે !"* ω

સર્વજીવસ્નેહપરિણામઃ અર્થાત્ સર્વજીવો પ્રત્યે સ્નેહભાવ એ સંયમપરિણામનું સ્વરુપ છે એ વાત આપણે કદી ન ભૂલીએ.

અહો જિનશાસનમ્!!

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-*

*Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-65*

# *હા! પસ્તાવો વિપુલ ઝરણું...*

એક સાધુ દીક્ષા ના દિવસથી જ જાતજાતની માંદગીથી ઘેરાયેલા હતા. શરૂઆતમાં તો હેરાન થયા. પછી એમણે વિચાર કર્યો કે,

*"મેં એકેન્દ્રિયાદિ જીવોની જે વિરાધના કરી હશે એના ફળ સ્વરૂપે આ ઘોર અશાતા ભોગવવાનો વખત મારે આવ્યો છે. તો હવે એ જીવો પાસે મારે માફી માંગવી જ રહી. એ રીતે જ કર્મોનો ક્ષય થશે."*

અને આ વિચાર આવ્યા બાદ એમણે રોજ ઈરિયાવહિ સૂત્રની 50 બાંધી નવકાર વાળી ગણવાની શરૂઆત કરી.

*"ઓ જગતના સર્વજીવો! મારા કારણે આપને કાંઈપણ દુઃખ થયું હોય તો હું અંતઃકરણ થી એની ક્ષમા માંગું છું."*

*એવા ભાવપૂર્વક એ 50 નવકાર વાળી ગણતા. અર્થાત્ રોજ 5000 ઈરિયાવહિનો કાર્યોત્સર્ગ કરતા.*

જિંદગી ના છેલ્લા દિવસ સુધી એમણે આ જપ જાળવી રાખ્યો.

અહો જિનશાસનમ્!!

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-66*

# *સાગર એટલે રત્નોનો ભંડાર*

યોગીપુરુષ પૂ. પંન્યાસ અભયસાગરજી મ. સાહેબ તથા તેઓશ્રીના ગુરુ પૂ.પાદ ધર્મસાગરજી મ. સાહેબને કોણ નથી જાણતું.?

આ બધા મહાત્માઓ સાગર સમુદાયના રત્નો હતા.

આજે એ જ સમુદાયના એક શ્રમણીરત્નના જીવનના કેટલાક તેજલિસોટાઓ જોઈએ.

(૧) ૨૦ વર્ષ સુધી ત્રણ વૃદ્ધ સાધ્વીજીઓની નિઃસ્વાર્થભાવે સેવા કરી.

(૨) પ્રાય: રોજ એકાસણા જ કરે અને એમાં ય માત્ર એક જ પાત્રાનો ઉપયોગ કરે(મોટું પાતરું રોટલી-શાક માટે, નાની બે-ચાર પાતરીઓ પાણી-દૂધ-દાળ... માટે... આ પદ્ધતિને એમણે તિલાંજલિ આપેલી. એક જ યાત્રામાં બધું લેતા અને વાપરી જતા.)

(૩) દર મહિને એક જ વાર કાપ કાઢે.

(૪) ચાલુ વિહારમાં રસ્તે ભોજનશાળા-રસોડાની દોષિત ગોચરી વહોરવા-વાપરવાનો પ્રસંગ આવે તો ઉપવાસ કરી લે પણ દોષિત ન વાપરે.

(૫) મૃત્યુ સુધી એકે ય વાર ડોળી કે વ્હીલચેરનો ઉપયોગ કર્યો નથી. એકવાર વિહારમાં ગાડીની ટક્કર લાગવાથી ખોપરીમાં ઉંડી તીરાડ પડી, છતાં એ વખતે ગાડીષાં બેસીને દવાખાને જવાની તૈયારી ન બતાવી. “મારે સમાધિ ટકે છે, અને એવો ભયંકર એક્સીડન્ટ નથી......" એમ કહી ગાડીમાં ન જ બેઠા. છેવટે એમને ખાટલામાં સુવાડી ઉંચકીને નજીકના ગામમાં લઈ જઈ સારવાર અપાઈ.

(૬) એક ગામડા જેવા તીર્થમાં એમણે જોગ કર્યા ત્યારે પટેલોના ઘરના આહાર-પાણીથી જ ચલાવ્યું.

(૭) વિશેષ સ્વાધ્યાય શક્તિ ન હોવાને લીધે ગમે તેવી તબિયતમાં પણ રોજ 25 બાંધી નવકારવાળી ગણે.

(૮) શાસ્ત્રીય ક્રિયાઓ શાસ્ત્રે બતાવેલા સમયે કરવાના ખૂબ આગ્રહી.

(૯) પોતાના નામે કદી પોટલા ન રાખે.

(૧૦) ગુરુણી પ્રત્યે એવી અગાધ શ્રદ્ધા કે તેઓ જેટલા સમયમાં જેટલી ગાથાઓ ગોખવાનું કહે.. એટલા સમયમાં એટલી ગાથાઓ ગોખી જ આપે.

(૧૧) ગૃહસ્થને પૈસાનું કામ બતાવે નહિ. એક ચોમાસામાં ચશ્મા તૂટી ગયા તો આખું ચોમાસું ચશ્મા વિના ચલાવ્યું પણ ગૃહસ્થને એ કામ સોંપી ન શક્યા.

(૧૨) વર્ષો સુધી ઘડિયાળનો ઉપયોગ ન કર્યો. આકાશના તારાની ગતિ વગેરે ઉપરથી સમય જાણી લેતા. છેલ્લા વર્ષોમાં ઘડિયાળ રાખવાની જરૂર પડી,તો પણ ચાવીવાળી રાખી. અને તેમાં ય જ્યારે જરૂર પડે ત્યારે જ ગૃહસ્થ પાસે ચાવી અપાવે. (જાતે તો ન જ આપે...)

(૧૩) સૂર્યાસ્ત થઈ ગયા બાદ સામાચારીપાલન માટે ઉપાશ્રયની બહાર (દેરાસર દર્શન કરવા માટે પણ) ન નીકળે. સૂર્યાસ્ત પૂર્વે દર્શન થાય તો જ કરે.

થોડાક વખત પૂર્વે જ આ સાધ્વીજી સમાધિ મરણ પામ્યા છે.

અહો જિનશાસનમ્!!

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-67*

# *અઘરું કશું જ નથી, બધું પ્રયત્નસાધ્ય છે*

એક તપસ્વી મુનિરાજ છેલ્લા ૪૫ વર્ષથી અખંડ વર્ષીતપ કરી રહ્યા છે.

એમાં...

(૧) ૨૦ વર્ષીતપ તો છ એ છ વિગઈના મૂળથી ત્યાગ સાથે કરેલા છે. એમ જ સમજો ને કે આંબિલ પૂર્વક ૨૦ વર્ષીતપ કર્યા છે.

(૨) કેટલાક વર્ષીતપ છઠ્ઠ દ્વારા કર્યા છે.

(૩) કેટલાક વર્ષીતપ અઠ્ઠમ દ્વારા કર્યા છે.

આવી દીર્ઘ તપશ્ચર્યા  અંગે જ્યારે એમને પૃચ્છા કરવામાં આવી ત્યારે એમણે ઉત્તર આપ્યો કે, "આ વર્ષીતપ મારે તો હવે સ્વભાવભૂત થઈ ગયો છે. મને હવે દર બીજા દિવસે જ ભૂખ લાગે છે. ઉપવાસના દિવસે ભૂખ લાગતી જ નથી. ઉપવાસના દિવસોમાં વાપરવાનું યાદ પણ આવતું નથી."

*(લગભગ ૯ થી ૧૦ હજાર ઉપવાસ એમના જીવનમાં થયા.)*

*(કોઈપણ વસ્તુમાં જો દીર્ઘકાળ સુધી, નિરંતર, બહુમાનપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો એમાં સિદ્ધિ મળ્યા વિના ન રહે, એ પછી જીવના સ્વભાવભૂત બની જાય...)*

અહો જિનશાસનમ્!!

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-68*

# *પાર્ટ - 1*

# *વૈરાગ્ય ના રંગો સજી ક્યારે પ્રભુ ! સંયમ ગ્રહું..?*

એક સંયમીએ દીક્ષા લેતા પહેલા લગાતાર ચાર વર્ષ સુધી અખંડ એકાસણા કરેલા.(ગાઢ કારણસર ક્યારેક છૂટું રાખ્યું.) અને માટે જ એના ઘરે કાયમી ઉકાળેલું પાણી રહેતું. પણ ઉપાશ્રયથી એનું ઘર ૩૦૦-૪૦૦ ડગલા દૂર હતું. એટલે ત્યાં પાણી વહોરવા ભાગ્યે જ કોઈ સંયમી જતા. એમાં ય આંબિલખાતાના જ પાણી શરુ થયા પછી તો ઘરે-ઘરે એક-એક ગ્લાસ પાણી વહોરનારા તો ભાગ્યે જ કોઈક સંયમી મળે.

"ધર્મલાભ !"

સાંજે પાંચ-સાડા પાંચ વાગ્યાના સમયે એક મુનિરાજે મુમુક્ષુના ઘરે પ્રવેશ કર્યો, સાથે લાકડાનો લોટ (ઘડો) હતો.

'ઉકાળેલું પાણી છે ?' એમ પૃચ્છા કરી.

મુમુક્ષુ (કે જે એ વખતે મુમુક્ષુ ન હતો. મુનિ સાથે કોઈપણ પરિચય વિનાનો જ હતો માત્ર પ્રાયશ્ચિત્ત રૂપે અખંડ એકાસણા કરતો હતો.) આ રીતે ઘરે પાણી વહોરવા આવેલા મુનિને જોઈ અત્યંત આનંદમાં આવી ગયો. *'આવો અણમોલ સુપાત્રદાનનો લાભ ક્યાંથી ?'* એમ વિચારી નાનકડો ઘડો લઈ મુનિ પાસે આવ્યો.

'સાહેબ ! લાભ આપો.'

મુનિરાજે જોયું કે 'સૂર્યાસ્ત થવાને પોણો-એક કલાકની જ વાર હતી. અને ઘડામાં મુમુક્ષુને ચાલે એટલું બે ગ્લાસ જેટલું જ પાણી હતું. જો પાણી લઈ લે તો મુમુક્ષુ શું વાપરે ? અને એ જો નવું પાણી ઉકાળે તો દોષો લાગે જ.' એટલે મુનિવર પાણી વહોરતા ખચકાયા.

*બે- પળમાં જ મુનિના ખચકાટનું રહસ્ય સમજી ગયેલા ચકોર મુમુક્ષુએ ત્યાં જ ઘડો મુકી દઈ બે હાથ જોડી 'પાણહાર દિવસ ચરિમં...' પચ્ચક્ખાણ જાતે જ લઈ લીધું.*

અને બોલી ઊઠયો,

*"સાહેબ! હવે મારે પાણી વાપરવાનું નથી. આ બધા પાણીનો આપે લાભ આપવો જ પડશે... "*

મુનિરાજે પાણી નિર્દોષ જાણી વહોરી લીધું.

*એક નિર્દોષ સંયમજીવન જીવનારા સંયમીનો આવો અણધાર્યો, અપૂર્વ સુપાત્રદાનનો લાભ મળવાથી મુમુક્ષુનો મન-મોરલો નાચી ઊઠયો, સંયમીના નિર્મળ સંયમે જ એ મુમુક્ષુની ભાવનાને વેગ આપ્યો હતો.*

*આ મુમુક્ષુ જયારે દીક્ષા લેવાની કોઈ જ ભાવનાવાળો ન હતો ત્યારે એને એકવાર વિચાર આવ્યો કે,*....

મુમુક્ષુ ને શું વિચાર આવ્યો તે *પ્રસંગ-69* માં આપવામાં આવશે.

અહો જિનશાસનમ્!!

*From book-*

*Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-69*

# *પાર્ટ - 2*

*આ મુમુક્ષુ જયારે દીક્ષા લેવાની કોઈ જ ભાવનાવાળો ન હતો ત્યારે એને એકવાર વિચાર આવ્યો કે,*

"હું દરરોજ સ્નાન કર્યા બાદ દર્પણ સામે ઉભો રહી વાળ ઓળું છું. દિવસમાં ત્રણ-ચાર વાર વાળને કાંસકાથી દર્પણ સામે રહીને બરાબર કરું છું, *આ મારો મારા રૂપ ઉપરનો કેટલો રાગ ! આમાં મને મોક્ષ શી રીતે મળે ?'*

*અને એ દિવસથી પોતાની મેળે જ એણે દર્પણમાં જોવાનો ત્યાગ કર્યો.* સ્નાન બાદ દર્પણ વિના જ વાળ ઓળી લેવાની પ્રેક્ટિસ પાડી.

પણ લલાટમાં મોટો કેસરી ચાંદલો ભગવાનની આજ્ઞાના પ્રતીક રૂપે કરવો તો ખૂબ ગમતો. અને એ તો દર્પણમાં જોયા વિના શી રીતે કરવો ફાવે.?

મુમુક્ષુએ એનો પણ ઉપાય અજમાવ્યો. *ખેસનો અષ્ટ પડવાળો મુખકોશ એવી રીતે બાંધે કે માત્ર કપાળ અને બે આંખ સિવાય મુખનો કોઈ જ ભાગ ન દેખાવ અને એ રીતે બાંધીને જ પછી ચાંદલો કરે જેથી મુખદર્શનનું પણ ન લાગે.*

માત્ર, એક ગ્લાસ પાણી વડે જ એ રોજ સ્નાન કરતો. અને એ બધું પાણી ટબમાં લઈ બહાર પરઠવી દેતો. એક ગ્લાસ પાણીનો એવો તો વ્યવસ્થિત ઉપયોગ કરે કે જેથી એટલા ઓછા પાણીમાં પણ સંપૂર્ણ સ્નાન થઈ જતું.

*દીક્ષા પૂર્વે દીક્ષાની ભાવના વિનાના ચાર વર્ષ આવા વિરતિપરિણામ સહિત એ મુમુક્ષુએ વીતાવ્યા.*

*એ મુમુક્ષુ કહે છે કે આ ભાવોએ જ મને સર્વવિરતિની ઈચ્છા પ્રગટાવી*

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-70*

# *પાર્ટ - 1*

# *અજોડ શાસન પ્રભાવના*

“સાહેબજી ! એક વાત સ્પષ્ટપણે સમજી લો કે અમે તમને કોઈપણ ભોગે એ ગામમાં રોકાવા દેવાના નથી. કાં તો આપ મોટો લાંબો વિહાર કરો અથવા તો રસ્તો બદલી નાંખો. પણ એ ગામમાં એક દિવસ પણ અમે આપને જવા નહિ દઈએ. એ

તો સંપૂર્ણ મુસ્લિમ વસ્તી ધરાવતું ગામ છે. અને એ મુસલમાનો પણ પાછા કેવા. ? ગુંડાઓ જ છે બધા ત્યાં ! આ વિસ્તારમાં સૌથી નીચ માણસોવાળું એ ગામ ગણાય છે..આપ ત્યાં જાઓ અને કંઈપણ થાય તો અમારે લોકોને શું જવાબ દેવો..?

જૈનસંઘના આગેવાનો એક આચાર્ય ભગવંતને ભારપૂર્વક, કડક ભાષામાં છતાં લાગણીસભર ભાષામાં સમજાવી રહ્યા હતા.

એમની વાત સાચી જ હતી.

મધ્યપ્રદેશનું એ ગામ “નાનકડું પાકિસ્તાન" એ નામથી જ પ્રસિદ્ધ હતું. આજુબાજુમાં કંઈપણ ચોરી-લુંટફાટ-ખૂન થાય તો પોલીસો પહેલા આ ગામ ઉપર જ શંકા કરે. એ ગામના રસ્તેથી પસાર થવા ભાગ્યે જ કોઈ તૈયાર થાય. જેઓ ત્યાંથી

પસાર થાય તેઓ પણ ૮૦ ની સ્પીડવાળી ગાડી ૧૨૦ ની  સ્પીડવાળી કરી નાંખે.

આવા ગામમાં આચાર્યશ્રી જાય અને એ ગામવાળા મુસલમાનો એમને બધી રીતે પરેશાન કરે એ સંભવિત હતું. આ જોખમ લેવા શ્રીસંઘના આગેવાનો કોઈપણ હિસાબે તૈયાર ન હતા.

પણ જબરદસ્ત શાસનપ્રભાવક આ આચાર્યદેવ તો કંઈક જુદા જ વિચારમાં હતા.

"ભગવાન મહાવીરદેવ લોકોની ના છતાં ચંડકોશીયાને પમાડવા એ ભીષણ જંગલમાંથી ગયા તો એમનું જ સંતાન હું આ મુસલમાનોને પમાડવા ન જઉં ? મારા સંયમની શું તાકાત છે એની પરીક્ષા પણ થઈ જાય."

આ એકમાત્ર વિચારથી આચાર્યશ્રીએ પાતાનો અફર નિર્ણય જણાવી દીધો કે "હું એ ગામમાં જઈશ જ અને એક દિવસ રોકાઈશ જ. તમારે બિલકુલ ગભરાવાની જરૂર નથી."

અને વિશાળ પરિવાર સાથે આચાર્યશ્રીએ તે ગામ તરફ વિહાર કર્યો.

આગળ ની ઘટના *પ્રસંગ 71* માં આપવામાં આવશે.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-71*

# *પાર્ટ - 2*

વિશાળ પરિવાર સાથે આચાર્યશ્રીએ તે ગામ તરફ વિહાર કર્યો...

આ સમાચાર ગામના મુસલમાનોને મળ્યા... તેઓ કંઈક આશ્ચર્ય પામ્યા. એમાંય ખુલ્લા પગે નિર્ભીક બનીને ચાલી આવતા, પ્રસન્ન મુખમુદ્રાવાળા અનેક શ્રમણોને જોઈ એમના હૃદયમાં જબરદસ્ત બહુમાન ઉત્પન્ન થયું.

આચાર્યશ્રીએ મુસલમાનોને વિનંતિ કરી કે

*“અહીં ઉતરવાની વ્યવસ્થા કરી આપો તો સારું"*

અને એમ જ થયું.

એ પછી આચાર્યશ્રીના કહેવાથી ત્યાં વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું અને આશ્ચર્ય કેવું ! ૧૦૦૦ મુસલમાનો એ વ્યાખ્યાન સાંભળવા હાજર થયા. એક કલાક સુધી

આચાર્યશ્રીની અમૃત તુલ્ય વાણી સાંભળી તેઓ ગદ્ ગદ્ બની ગયા....

એ પછી ગામના આગેવાનોએ આચાર્યશ્રી ને કહ્યું કે

"हमने आपकी बहनो को भी (साध्वीजीओ) कभी कभी देखा है। आप उनको यहां भेजे तो हम पर उपकार होगा, हमारे घर में भी बीवी बच्चियाँ हैं, आपकी बहनो के संपर्क से उनमें अच्छे संस्कार पडेंगे । ओर दूसरी बात यह है कि रात को भगवान की भक्ति करने के लिए आप उठते हों, तो ठीक हैं, लेकिन हमारे भय से रात को उठने की जरुरत नहि है । यहाँ आपको कोई

भी परेशानी नहि करेगा ।"

લગભગ રાત્રે ૮ વાગે આચાર્ય મ. સંથારો કરી ગયા બાદ કેટલાક મુસલમાનો આવ્યા. સવારે જે સ્થાને આચાર્યશ્રી બેઠેલા, તે સ્થાને તે ન દેખાવાથી એક જાગતા શિષ્યને પુછ્યું કે "दिन को यहाँ जो परमात्मा बैठे थे, वो कहाँ गये ? हमें उनसे मिलना था?" (પછી સાધુએ કહ્યું કે “તેઓ આરામ કરે છે" એટલે જતા રહ્યા.)

મુસલમાનો આપણા આચાર્યશ્રી ને પરમાત્મા કહે એ જિનશાસનની કેટલી મોટી જીત છે !

અનેક મુસલમાનોએ આચાર્યશ્રીની પધરામકણી વખતે ગહુલીઓ કરી છે.

મુસલમાનોની વિનંતિથી આચાર્યશ્રીએ મસ્જીદમાં જઈને પણ વ્યાખ્યાનો કર્યા.

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*lekhak -Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

## *પ્રસંગ-72*

સાંજના પ્રતિક્રમણ બાદ બે મિત્ર સંયમીઓ ભેગા બેસીને સંયમ અંગેની અનેક પ્રકારની વાતો કરતા હતા.

એમાં એક સંયમી બોલ્યો.

*"આ કાળમાં બ્રહ્મહચર્યનું નિર્મળ પાલન ખરેખર ખૂબ જ કપરું થતું જાય છે. ખરાબ નિમિત્તો વગેરેની વચ્ચે નિર્વિકારભાવને સિદ્ધ કરવો એ સહેલું કામ નથી. ઉપાશ્રયની બહાર નીકળીએ, દેરાસર-ગોચરી-ઠલ્લે જઈએ કે તરત બધે જ કુનિમિત્તો ભટકાયા જ કરે."*

તરત બીજો ભરયુવાન સંયમી બોલી ઉઠ્યો.

*"મુનિવર ! તમારી વાત એકદમ સાચી છે. પણ હું મારી વાત કરું ? આ ભરયુવાનીમાં પણ મારા માટે તો બ્રહ્મચર્યનું નિર્મળ પાલન સાવ જ સહેલું થઈ ગયું છે. મને લગભગ માનસિક પણ ખરાબ વિચારો પ્રાયઃ ક્યારેય આવતા નથી."*

પહેલા સંયમીએ આશ્ચર્ય સાથે વળતો પ્રશ્ન કર્યો,

*"આટલા નિમિત્તોની વચ્ચે પણ, માનસિક પણ કુવિચાર ન આવે એ તો ઘણી મોટી સિદ્ધિ કહેવાય. તમને આ સિદ્ધિ ક્યાંથી મળી ? કઈ રીતે મળી ?"*

બીજા સંયમીએ પ્રત્યુત્તર આપ્યો,

*"ઉપદેશમાલની ગાથાઓ મેં ગોખી. એમાં એક વાક્ય મને ખુબ જ ગમી ગયું. *" रूवं दट्ठूं पुणो न इक्खिज्जा"* ગમે ત્યાં પણ સામેથી નિમિત્ત ભટકાય તો એનું રૂપ બિલકુલ જોવું નહિં.

બસ આ વાક્યને મેં ખૂબ જ ઘૂંટયું. હું એમ જ વિચારું કે આ મારા ભગવાનની આજ્ઞા છે. એ તો મારે પાળવાની જ. એટલે જ્યારે પણ રસ્તામાં કે ગમે ત્યાં નિમિત્ત સામે આવે એટલે હું મન માં આ વાક્ય વારંવાર બોલવા લાગું.

એની કોઈક ગજબની તાકાત છે કે એ શાસ્ત્રવચનના સ્મરણ પછી મારી લેશપણ નજર નિમિત્ત ઉપર પડતી જ નથી. ખરાબ વિચારો તો નિમિત્તોને જોવાથી આવે. હું નિમિત્તોને જોતો જ નથી એટલે મને ખરાબ વિચાર આવતા જ નથી."

*(આવા હળાહળ કળિયુગમાં, અતિભયંકર નિમિત્તોની હાજરીમાં, ભરયુવાન ઉંમરમાં એક સંયમી આવી સુદ્ધિને ધારણ કરતો હોય એ તો ખરેખર અત્યંત અનુમોદનીય છે. આવા મહાત્માઓની અનુમોદના જ કુવિચારોના જંગલને બાળી નાંખવા માટે ભડભડીતી અગ્નિનું કામ કરે છે.*

*આપણે ખૂબ ગોખવું. ખૂબ ભણવું, ખૂબ પુનરાવર્તન કરવું. ક્યારે કયો શ્લોક, કયું વાક્ય આપણને પતન પામતા ઉગારી લેશે, દોષો સેવતા અટકાવી દેશે એ કહી નહિ શકાય.)*

અહો જિનશાસનમ્!!

From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto

Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-73*

# *શિષ્યના વિકાસ માટે ગુરુની કાળજી*

એક બાળ સાધુ ભણવામાં ખૂબ હોશિયાર હતા. એમણે પોતાના દાદાગુરુ પ્રત્યે અતિશય લાગણી હતી. દાદાગુરુ અનાસક્ત, મીઠાઈ વગેરેના ત્યાગી હતા.

એકવાર બાળમુનીએ જીદ પકડી, *"ગુરુદેવ ! આપે આજે તો મીઠાઈ વાપરવી જ પડશે."*

દાદાગુરુએ સ્પષ્ટ ના પાડી પણ આ તો બાળહઠ. છેવટે ગીતાર્થ દાદાગુરુએ માર્ગ કાઢ્યો. એમણે કહ્યું કે

*"તું જો આવતીકાલે ૧૦૮ નવા શ્લોક બનાવે તો જ હું મીઠાઈ વાપરું."*

બાળમુનિએ કહ્યું,

*"જો હું આવતીકાલે ૧૦૮ નવા શ્લોકો બનાવું તો આપે બે મહિના સુધી મીઠાઈ વાપરવી પડશે."*

દાદાગુરુ એ હા પાડી.

બાળમુનિ બીજા દિવસે શ્લોકો બનાવવા બેસી ગયા. અને ખરેખર એક જ દિવસમાં નવા ૧૦૮ શ્લોકો બનાવી દીધા, સાંજે દાદાગુરુને સમર્પિત કર્યા.

બે મહિના સુધી ગુરુને મીઠાઈ વાપરવા મળશે એનો એમને આનંદ હતો. પોતાના શિષ્યની આવી શક્તિ અને આવો ઉલ્લાસ જોઈ દાદાગુરુની આંખમાં હર્ષના આંસુ આવી ગયા.

આજે મોટી ઉંમરના બની ગયેલા એ બાળમુનિ કહે છે કે,

*"આ પ્રસંગ પૂર્વે પણ હું શ્લોકો બનાવતો હતો પરંતુ બે-પાંચ માંડ બનાવી શકતો. પણ જયારે ગુરુના કહેવાથી મેં શ્લોકો બનાવ્યા ત્યારથી મારો ક્ષયોપસમ ખીલી ગયો છે, ખૂબ સહેલાઈથી ઘણા બધા શ્લોકો બનાવી શકું છું."*

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-74*

માત્ર ૪૦ વર્ષની નાનકડી ઉંમરના ૨૧ વર્ષના દિક્ષાપર્યાયવાળા આ સાધ્વીજી ૮૦ જેટલા શિષ્યાઓના ગુરુણી છે.

(આઠ વર્ષની પહેલાની આ વાત છે. આજે તો આ સાધ્વીજી ૪૮ વર્ષની ઉંમરે ૧૫૦ થી ૨૦૦ સાધ્વીજીઓના ગુરુણીપદને કુશળતાપૂર્વક નિભાવી રહ્યા છે. પહેલીવાર જોનારા કોઈપણ એમને માટે કલ્પના પણ ન કરી શકે કે, *"આ વર્તમાનમાં સૌથી વધુ શિષ્યાઓના ગુરુણી છે"* એવી એમની સરળતા,નિખાલસતા છે.)

આ સાધ્વીજીએ શિષ્યાઓ સાથે છ'રી પાલિત સંઘ સાથે જેસલમેરની યાત્રા કરી. ત્યાંથી પાછા ફરતા તો સંઘ ન હતો.

જૈનો વિનાના ગામડાઓમાં ગોચરી શી રીતે મળે.?

સંઘવીએ બધી વ્યવસ્થા ગોઠવી દીધી. સવાર-બપોર-સાંજ વિશાળ સાધબીજી સમુદાયને લેશ પણ ગોચરી અંગે તકલીફ ન પડે એ માટેની બધી વ્યવસ્થા સંઘવી કરવા લાગ્યા.

પણ

*વ્યવસ્થા લેવી જ કોને હતી ?*

*અનુકૂળતાઓ ભોગવવી જ કોને હતી ?*

આવા ગુરુણીએ વિહારમાં નિર્દોષ ગોચરી વાપરવા માટે ૧૫-૧૫ દિવસ સુધી માત્ર ચણા-ખાખરા વગેરે સૂકી વસ્તુઓ જ વાપરી. પણ દોષિત ન જ વાપર્યું.

આવા મહાન ગુરુણી પણ જો નિર્દોષ ગોચરી માટે આટલા બધા આગ્રહી હોય તો એને જોઈને એમના શિષ્યાઓ પણ એવા જ થાય એમાં શી નવાઈ છે ?

વિશાળ શ્રમણી સમુદાયે સૂકી વસ્તુઓ વાપરીને ૧૫-૧૫ દિવસ પસાર કર્યા. એનો અનેરો આનંદ પ્રત્યેક સંયમીના મુખ ઉપર તરવરતો હતો.

આ મુખ્ય ગુરુણીએ આખી જીંદગી માટે ફરસાણ, મેવો અને ફ્રુટનો ત્યાગ કરેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસામાં મિસ્ટાન્ન, કડક વસ્તુ, તળેલુ વગેરેનો ત્યાગ કરવા પૂર્વક માત્ર ત્રણ જ દ્રવ્ય વાપરે છે.

તેઓએ સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ, રત્નાકરાવતારીકા સુધીના ન્યાયગ્રંથો, કમ્મપયડિ, આચારાંગ-ઉત્તરાધ્યયનાદિ આગમગ્રંથોનું સુંદર અધ્યયન કરેલું છે.

તેમના શ્રમણી સમુદાયમાં મોટા ભાગના સાધ્વીજીઓ વર્ષે એકવાર કાપ કાઢે છે. કેટલાક શ્રમણીઓ યાવજ્જીવ મિસ્ટાન્ન, ફરસાણ, ફ્રુટ આદિના ત્યાગી છે. મોટા ભાગના સાધ્વીઓ એકસણાનો તપ  કરે છે. કેટલાકો પોતાનો લોચ પોતાના હાથે જ કરે છે. શિબિરોનું આયોજનાદિક કરવા દ્વારા તેઓ શાસનપ્રભાવના પણ કરે છે.

આ સાધ્વીજી કલાકના માત્ર અઢી કી. મી. જ ચાલી શકે છે. પણ તેમ છતાં ડોળી વાપરવાનું હજી સુધી શરૂ કર્યું નથી. ભલે, ચાર-ચાર કલાક ચાલવું પડે, સ્થાને મોડા પહોંચાય તો પણ એ બધું સહન કરે.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-75*

# *તું મારો શત્રુ શા માટે બને છે ?*

એ આચાર્યશ્રીને બાધા હતી કે, *'ઠંડી વધારે હોય તો પણ એક જ કામળી ઓઢવી.'*

છેલ્લા વર્ષોમાં તેઓ અમદાવાદના જ સંઘોમાં મોટો સમય પસાર કરતા હતા. અત્યંત વૃદ્ધ એ આચાર્યશ્રીને એક દિ' રાત્રે અચાનક તાવ ચઢ્યો. શરીર ધ્રુજવા લાગ્યું તો ય તેમણે પોતાના શિષ્યો પાસે બીજી કામળી વિગેરેની માંગણી ન કરી. એ જ કામળી ઓઢીને સંથારામાં સુઈ રહ્યા.

*તાવના કારણે ઠંડી ખૂબ લાગતી હતી.*

શિષ્યને આ વાતની ખબર પડી.

શિષ્યને ખબર હતી કે *"ગુરુદેવને વધુ કામળી ન ઓઢવાની પ્રતિજ્ઞા છે"* એટલે શિષ્યે ગુરુને ખબર ન પડે એ રીતે ધાબડો ઓઢાડી દીધો.

થોડીવાર પછી બીજો ધાબડો પણ ઓઢાડ્યો.

બે જ મિનિટમાં ધાબડો ઓઢાડ્યાનો ખ્યાલ આવી જતા આચાર્યશ્રી ઉભા થઇ ગયા. બે ય ધાબડાઓ દૂર કરી એ વયોવૃદ્ધ ગુરુદેવે શિષ્યને કહ્યું કે,

*"તું શા માટે મારો શત્રુ બને છે ? આ અનંત કર્મો ખતમ કરવાનો અમૂલ્ય અવસર મને મળ્યો છે ત્યારે તું મને એમાં અંતરાય શા માટે કરે છે ?"*

શિષ્યે નત-મસ્તકે માફી માંગી.

કેવી ઉત્કૃષ્ટ પરિણતિના ધારક !

આચાર્ય બન્યા બાદ તેઓ વિહાર કરતા એકવાર સિરોહી પહોંચ્યા. એ જ દિવસે ત્યાં પંન્યાસ ભદ્રંકરવિજયજી મ. સાહેબ પણ પધાર્યા. એ યોગીપુરૂષ દિક્ષાપર્યાયમાં મોટા હતા, તો આ આચાર્યશ્રી આચાર્યપદવીની દ્રષ્ટિએ મોટા હતા.

*કોણ કોને વંદન કરે ?*

પણ અહીં મીઠો ઝગડો શરૂ થયો.

યોગીપુરૂષ આચાર્યને વંદન કરવા લાગ્યા ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે,

*"હું પર્યાયમાં નાનો છું, વળી આપ મહાન યોગી છો એટલે આપ મને વંદન નહિ કરી શકો. આપે મને નવકારની આરાધના આપી છે. આપ મારા ઉપકારી છો માટે હું આચાર્ય હોવા છતાં પણ આપને વંદન કરીશ."*

યોગીપુરૂષ કહે, *"હું પંન્યાસ થઈને જો, આચાર્યના વંદન લઉં તો મારી દુર્ગતિ થાય. મારે આ નુકસાન વહોરવું નથી."*

સવારથી આ મીઠો ઝગડો શરૂ થયો હતો. સાધુઓ ગોચરી લઇને આવી ગયા ત્યારે આ બે ય મહાપુરુષો પોતપોતાની જીદમાં હતા. બેમાંથી એકને આયંબીલ હતું અને એકને એકાસણું હતું. બે ય ની ગોચરી ઠંડી થઈ ગઈ હતી. અંતે સાધુઓ વચ્ચે પડ્યા પણ આચાર્યશ્રી માનવા તૈયાર ન હતા. એ કહે, *"હું વંદન કરીને

યોગીપુરૂષ પાસે પચ્ચકખાણ લીધા પછી જ ગોચરી વાપરીશ."*

છેવટે સાધુઓએ યોગીપુરૂષને મનાવ્યા. આચાર્યશ્રીએ એ યોગીપુરૂષને વંદન કર્યા, પચ્ચકખાણ લીધા બાદ ગોચરી વાપરી.

આવી નિઃસ્પૃહતા જો સર્વત્ર ફેલાય તો જિનશાસનની રોનક પલટાઈ જાય. આચાર્યપદ જેવા ઊંચા સ્થાને બેઠા પછી પણ *આટલી બધી નમ્રતા, ગુણાનુરાગિતા, સરળતા, ભાવભીરુતા હોવી એ નજીકમાં મોક્ષે જનારા આત્માઓમાં મળી શકે.*

કોટિ કોટિ વંદન હો એ સ્વર્ગસ્થ મહાપુરૂષ ને !

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-76*

# *ગુરુભક્તિ-ગુરૂબહુમાન આને કહેવાય*

વૃદ્ધ ઉંમરે પણ એક આચાર્યદેવ રોજ એકાસણા જ કરતા હતા. તે પણ પ્રાયઃ બે જ દ્રવ્યના કરતા.

એ આચાર્યે પોતાના બે યુવાન શિષ્યોને હસતા હસતા કહ્યું કે

*"કમ્મપયડિ ઉપર નાની મોટી જેટલી ટીકાઓ છે, એ બધી જ જો તમે બે જણ ૧૦ દિવસમાં અક્ષરશઃ વાંચી લો અને એ પદાર્થો એવી રીતે સમજી લો કે બીજાને પણ સમજાવી શકો. તો હું એક મહિના સુધી નવકારશી કરીશ. એકાસણા છોડી દઈશ."*

આચાર્યશ્રી માનતા હતા કે *"આટલું વિશાળ સાહિત્ય ૧૦ દિનમાં તો કોઈ વાંચી ન શકે."*

એટલે એમણે તો ટુચકા રૂપે આ વાત કરી.

પણ ગુરુના આ વિશ્વાસ કરતા પણ એ બે શિષ્યોની ગુરુભક્તિ-ગુરુબહુમાનની શક્તિ વધી ગઈ.

*"પોતાના વૃદ્ધ ગુરુદેવ એક મહિનો નવકારશી કરે અને એમાં પોતે નિમિત્ત બને તો કેટલો બધો લાભ થાય ? ગુરુદેવ આમ તો નવકારશી નહિ કરે, પણ આ રીતે એક મહિનો પણ નવકારશી કરે તો એમના શરીરને પોષણ મળી રહે."*

આવા વિચારથી-બહુમાનથી એ બે મુનિઓએ ૧૦ દિવસમાં વિશાળ સાહિત્ય વાંચવાનું શરૂ કર્યું.

બધી આવશ્યક ક્રિયા વિધિસર કરે, માંડેલીનું કામ કરે પણ વાપરવામાં માત્ર ૧૫ મિનિટમાં વાપરીને તરત જ સ્વાધ્યાયમાં લાગી પડે. સૂર્યના છેલ્લા પ્રકાશ સુધી તેઓ શાસ્ત્રવાંચન કરે.

પાંચ દિવસ થઈ ગયા, એકવાર તો એમ લાગ્યું કે આ પૂર્ણ નહિ થાય. પણ છતાં બે ય શિષ્યોએ પોતાનો સખત પુરુષાર્થ ચાલુ જ રાખ્યો.

શાસ્ત્રોમાં કહ્યું છે કે

*प्रारम्भ्यते न खलु विधनभयेन नीचैः, प्रारभ्य विघ्नविहिता विरमन्ति मध्यमाः ।*

*विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ।* જઘન્યમાણસો તો વિઘ્નોના ભયથી કાર્ય શરૂ જ ન કરે. મધ્યમ માણસો કાર્ય શરુ કરે તો કરે પણ પછી વિઘ્નો આવે એટલે થાકી-હારીને કામ છોડી દે. જ્યારે ઉત્તમપુરુષો તો વિઘ્નો વડે પુષ્કળ પરેશાની થાય તો પણ શરૂ કરેલા કામને ન છોડે.

આ બેય મુનિવરો આવા ઉત્તમ હતા.

બરાબર ૧૦માં દિવસના અંતે સૂર્યાસ્ત બાદ છેલ્લા છેલ્લા આછા પ્રકાશમાં એ બેય મુનિઓએ છેલ્લો શ્લોક પૂર્ણ કર્યો અને જાણે કે વિશ્વવિજેતા બન્યા હોય એટલો બધો આનંદ એ બેય મુનિઓ અનુભવી રહ્યા હતા.

*(ખ્યાલ રહે કે, આશરે ૩૦૦૦ શ્લોક પ્રમાણ આ સાહિત્યમાં એક નાનકડી વાર્તા પણ આવતી નથી. એકલા તાત્વિક પદાર્થોથી = ગૂઢ પદાર્થોથી ભરેલું આ સાહિત્ય છે. )*

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-77*

# *ગુરુની ભક્તિ વિના ભોજન કેમ ભાવે ?*

સેંકડો સાધુઓના અધિપતિ એક કડકસ્વભાવી આચાર્યદેવે પોતાના કો'ક શિષ્યની ભૂલ બદલ કડક થઇને સજા ફટકારી કે *"તેં આ જે ભૂલ કરી છે, એની સજા નિમિતે આઠ દિન સુધી તારે મારું પડિલેહણ નહિ કરવાનું. મારા વસ્ત્રોનો કાપ નહિ કાઢવાનો. મારી કોઈપણ પ્રકારની સેવા કરવાની નહિ."*

પેલા શિષ્યને માથે તો જાણે આભ તૂટી પડ્યું.

ગુરુસેવા-ગુરુભક્તિ એ સાધુનો પ્રાણ હતો.

એ સાધુએ ગુરુના પગ પકડી ધ્રુસકે ધ્રુસકે રડી એ સજા માફ કરવા વિનંતી કરી *"બીજી ગમે તે સજા કરો, ગુરુદેવ ! પણ મારી પાસેથી ગુરુભક્તિ છીનવી ન લો."*

પણ આચાર્યદેવ કો'ક કારણસર બિલકુલ મચક ન આપી.

છેવટે એ શિષ્યે વિચાર કર્યો કે

*"જે આઠ દિવસ હું ગુરુભક્તિ ન કરી શકું, એ આઠ દિન મને ગોચરી વાપરવાનો પણ શો અધિકાર ?"*

અને એણે ભયંકર પશ્ચાતાપ સાથે રડતા રડતા આઠ દિન પૂર્ણ કર્યા.

નવમા દિવસે ગુરુના પ્રતિલેખન વગેરેનો લાભ મળ્યો એ પછી જ એમણે પારણું કર્યું.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

અહો જિનશાસનમ્!

# *પ્રસંગ-78*

# *સૌરાષ્ટ્ર નો શણગાર :*

૩૯ વર્ષના દીક્ષાપર્યયવાળા એક સાધ્વીજી છેલ્લા ૨૫ વર્ષથી તપશ્ચર્યાના માર્ગે ચઢ્યા છે. એમાંય છેલ્લા ૧૯ વર્ષથી તો  એમણે જાણે કે શરીર સાથે ઘોર સંગ્રામ જ શરૂ કર્યો છે. છેલ્લા ૧૯ વર્ષથી લગાતાર એમણે કદી એકસાથે બે દિવસ વાપર્યું નથી. અને જે દિવસે વાપર્યું છે, તે દિવસે પણ કદી એકાસણાથી ઓછો તપ કરેલો નથી. ૧૯ વર્ષમાં કુલ ૧૯ વર્ષીતપ કરી ચુક્યા છે.

એમાંય કેટલીક વિશેષતાઓ :

*(૧) દર પંદર દિવસે ચૌદસનો છઠ્ઠ અવશ્ય કરવાનો.*

*(૨) આખા વર્ષમાં કુલ પાંચ અઠ્ઠમો અવશ્ય કરવાના.*

*(૩) વચ્ચે એક-બે વર્ષીતપ છઠ્ઠના પારણે એકાસણું.... અને એક-બે વર્ષીતપ અઠ્ઠમના પારણે એકાસણું.....* આ રીતે કર્યા.

*(૪) એકવાર લગાતાર ૧૬ માસ સુધી ૯-૯ ઉપવાસના પારણે એકાસણું....* એ રીતે ઘોર તપ કર્યો.

*(અર્થાત્  આશરે ૪૮૦ દિવસમાંથી કુલ ૪૨૦ જેટલા ઉપવાસ કર્યા.)*

*(૫) આવો ઘોર તપ હોવા છતાં પારણામાં મીઠાઈ વગેરે વાપરતા નથી. એમણે યાવજ્જીવ માટે સંપૂર્ણ મીઠાઈ અને સંપૂર્ણ મેવાનો ત્યાગ કરેલો છે. દૂધની કે માવાની પણ તમામ વસ્તુનો યાવજ્જીવ માટે ત્યાગ કરેલો છે.*

*(૬) આખી જિંદગી માટે એમણે મનથી સંકલ્પ કરી લીધો છે કે મૃત્યુના છેલ્લા દિવસ સુધી મારે ઉપવાસ-એકાસણું-ઉપવાસ-એકાસણું.... તપથી ઓછું કંઈ જ કરવું નથી. અર્થાત્ હજી ૫૫ વર્ષ જેટલી ઉંમર છે. એટલે કદાચ બીજા ૨૦-૩૦ વર્ષીતપ પણ થઈ જાય.*

જો ગણતરી કરીએ તો...

અત્યાર સુધીમાં આ તપસ્વીની સાધ્વીજી ભગવંત આશરે ૪૫૦૦ જેટલા ઉપવાસ કરી ચુક્યા છે.

ના, માત્ર તપ કરીને બાકી આખો દિવસ આરામ કરવો કે નકામો સમય પસાર કરવો એ આ શ્રમણીભગવંતનું જીવન નથી. ૭૨ સાધ્વીજીઓનું આ ગ્રુપ એક જ મુખ્ય પ્રવર્તિનીની નિશ્રામાં રહે છે. ત્યાં પ્રવર્તિનીની વાચનાઓનું શ્રવણ, તેમની પાસે વિશિષ્ઠ શાસ્ત્રાભ્યાસ અને બહેનોને વ્યાખ્યાનાદિ આપવા દ્વારા શાસનપ્રભાવનાના કાર્ય કરવા એ પણ આ સાધ્વીજીના જીવનનું એક ઘરેણું છે.

*(આવા તો કંઈ કેટલાય રત્નો જિનશાસનમાં ખૂણે-ખાંચરે વિખરાયેલા પડેલા હશે. વિખરાયેલા હોવાના લીધે એનો પ્રકાશ સર્વત્ર ફેલાતો નથી અને આપણે એમને રત્ન તરીકે ઓળખી શકતા નથી. પણ જ્યારે ગમે તે પ્રકારે એ ચીંથરા દૂર થાય છે અને એ રત્નોનો ચળકાટ નજરે પડે છે. ત્યારે જ એની ખરી કિંમત સમજાય છે.)*

From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto

Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms

# *પ્રસંગ-79*

# *ભક્તિ કરવી જ હોય તો અનેક રીતે થઈ શકે*

એકવાર સમૂહ દીક્ષાના પ્રસંગ ૧૦૦ સાધુઓનો સમુદાય ભેગો થયેલો હતો.

*ત્યારે બે જ વર્ષના પર્યાયવાળા, શ્રીમંતઘરના યુવાન સાધુને તમામ સાધુઓની કંઈક ભક્તિ કરવાનું મન થયું.*

૧૦૦ની ગોચરી કે પાણી લાવવાની એમની શક્તિ ન હતી કે એ શક્ય પણ ન હતું.

છેવટે એમણે એક દિવસ ગોચરી બાદ ૧૦૦ સાધુના ૧૦૦ લુણાઓનો કાપ કાઢવાનું બીડું ઝડપી લીધું...

માત્ર એ લુણાંનો કાપ જ કાઢયો, એમ નહિ, પરંતુ એ બધા જ લુણા પોતે જાતે સુકવ્યા.. જાતે એનું પડિલેહણ કરી તમામ સાધુઓને પોતપોતાના સ્થાને પહોંચાડ્યા.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-80*

# *દુઃખોને સ્વીકારતા શીખો*

વિશાળ સમુદાયના એક મહાન આચાર્ય ભગવંતને આંખોનું ઓપરેશન કરવામાં આવ્યું, એ વખતે એમના શિષ્ય સંઘ-એકતાચિંતક પંન્યાસજી હાજર હતા. પણ કમનસીબે એ ઓપરેશન નિષ્ફળ ગયું.

ડૉક્ટરોએ પંન્યાસશિષ્યને કહી દીધું કે, “આપના ગુરુદેવ આંખો ગુમાવી ચૂક્યા છે. ઓપરેશન નિષ્ફળ ગયું છે. પણ આ વાતની એમને ખબર પડશે તો સખત આઘાત લાગશે. તમે ખૂબ કાળજીપૂર્વક એમને આ વાત જણાવજો.”

આ બાજુ ઘણા દિવસો થવા છતાં ડોક્ટરોએ આંખોના પાટા ખોલ્યા ન હોવાથી આચાર્યશ્રીએ શિષ્યને પૂછ્યું, “આ પાટા ક્યારે ખોલશે ? ઘણા દિવસો થઈ ગયા”

પંન્યાસ શિષ્યે આ તક જોઈને સાચી વાત કરવાની ભૂમિકા બનાવવા માંડી,

“ગુરુદેવ ! આમ તો આ ડોકટરો ખૂબ જ હોંશિયાર છે, મોટા મોટા ઓપરેશનો પાર ઉતારનારા છે.....

અધવચ્ચે જ સમજદાર ગુરુ બોલી ઊઠ્યા,

“તારે શું કહેવું છે ? એમ જ કહેવું છે ને? કે મારું ઓપરેશન નિષ્ફળ ગયું છે? હું અંધ બની ગયો છું ?”

શિષ્યે ‘હાજી’ કહ્યું.

અને મર્મના મર્મને સમજનારા એ આચાર્યશ્રી બોલ્યા,

“તને એ વાતની ચિંતા થતી હશે કે આ વાતથી મને આઘાત લાગશે. અને માટે જ તું મૌન હતો. કેમ બરાબર ને ? પણ તારી એ ભ્રમણા હતી. શિષ્ય! અત્યાર સુધી હું ખુલ્લી આંખે સ્વાધ્યાયની આરાધના કરતો હતો. *હવે બહારની આંખો ભલે ગઈ પણ અંદરની આંખો તો મારી ખુલ્લી જ છે ને?* * એ આંખો વડે હું ધ્યાનની આરાધના કરીશ...**મારી મોક્ષ માર્ગની આરાધના વધુ વેગવંતી બનશે."*

*આવી સ્યાયદ્વાદશૈલી અપનાવીએ તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ દુઃખી થવું ન પડે.*

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

## *પ્રસંગ-81*

# *જિનશાસન પ્રભાવનાનું અદ્વિતીય કારણ : જૈનેતરોમાં ગોચરી*

રાજસ્થાનમાં આવેલા અજમેરથી ૧૫ કિ.મી, દૂર જયપુર-ભીલવાડા નેશનલ હાઈવે ૭૯ ઉપર શ્રીનગર નામનું એક ગામ રોડથી એક કી.મી. અંદર હતું.

એક આચાર્ય ભગવંત ૧૫ ઠાણા સાથે હાઈવે ઉપર જ રહેલા પંચાયત ભવનમાં ઉતરેલા હતા. એ ગ્રુપમાં પાંચેક સાધુઓ શક્ય હોય ત્યાં સુધી નિર્દોષ વાપરવાની તીવ્ર ભાવના-પ્રવૃત્તિવાળા હતા.

બે સાધુ એક કી.મી. ચાલી અંદર ગામમાં ગોચરી વહોરવા ગયા. તપાસ કરતા ખબર પડી ડે ગામમાં ૨૫-૩૦ મહેશ્વરીના ઘરો છે. જૈન કોઈ નથી (માહેશ્વરીઓ વૈષ્ણવ જેવા હોય છે.)

અંદરના રોડ પર ચાની હોટલ પાસે જઈ પૂછ્યું.- "માહેશ્વરીઓનાં ઘરો ક્યાં છે ?"

જવાબ મળ્યો કે “દરવાજાની અંદર.”

સાધુઓ આગળ ચાલ્યા... એક દવાની દુકાન પાસે ૩૫-૪૦ વર્ષના ભાઈ નીચું માથું નાંખીને વાંચી રહ્યાં હતા.

સાધુઓએ એ ભાઈને જ ફરી પૃચ્છા કરી કે

“માહેશ્વરીના ઘરો ક્યાં છે ?"

એમણે પણ એજ જવાબ આપ્યો કે “દરવાજાની અંદર”

પરંતુ એ જવાબ પાછળ ભારોભાર વિનય-બહુમાનભાવ સ્પષ્ટ દેખાયો.

સાધુઓ આગળ ચાલ્યાં. ત્યાં સામેથી આવતા એક ભાઈએ કશી પૃચ્છા વિના જ જવાબ આપ્યો કે “તમે ખોટા રસ્તે છો, સાચો રસ્તો પેલો છે

સાધુઓ પાછા ફરી સાચા રસ્તે ચાલ્યા, ત્યાં દવાની દુકાન પાસે બેઠેલા ભાઈ મોટરસાઈકલ પર જતા હતા તે મળ્યા, તેમણે કહ્યું કે “તમે આગળ આવો, હું તમને આગળ મળું છું."

કુલ ૧-૧। કી.મી. ચાલ્યા બાદ તે ભાઈ મળ્યા, પછી તો એ ભાઈ સાધુઓ સાથે જ ઘેર ઘેર ફર્યા. લગભગ એક કલાક સુધી એ ભાઈ સાથે ફર્યા.

ઘેર ઘેર જઈ બારણું ખોલાવી પૃચ્છા કરે કે “ભોજન તૈયાર છે ? મહારાજ આવ્યા છે. રોટલી - દૂધ- દહીં જે હોય તે લેશે."

સાધુઓ ત્યાં ૪૦-૫૦ ઘરોમાં ફર્યા.

ક્યાંક કો'કે પરાણે ઘી વહોરાવ્યું,

ક્યાંક કો'કે ખૂબ આજીજી કરી,

“જેટલું જોઈએ એટલું લઈ લો" એવું કેટલાકોએ કહ્યું.

સાધુઓએ જ્યાં જ્યાં ગોચરી વહોરી ત્યાં તેઓ અત્યંત આનંદ પામ્યા.

આવા તો અગણિત અનુભવો આ સાધુઓને થયા.

(આ સાધુઓ છેલ્લા ચાર વર્ષથી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાંવિચર્યા છે, પણ જૈનોના ઘરો ન હોવાદિ કારણે આધાકર્માદિ વાપરવાનો પ્રસંગ આ સાધુઓને માટે ચાર કે પાંચવાર જ બન્યો છે. સાર એ કે પ્રભુશાસનના વેશનું અદ્ભુત પુણ્ય છે કે બીજા માંગવા આવે તો તેઓને જાકારો દેનાર અજૈનો જૈન સાધુઓને વગર ઓળખાણે સામેથી બોલાવીને સદ્ભાવપૂર્વક , આનંદપૂર્વક આપે છે. આ ચર્યા અદ્ભુત શાસનપ્રભાવના કરે છે. અનેકોને બોધિબીજનું દાન કે સુપાત્રદાન દ્વારા અદ્ભુત પુણ્યબંધ કરાવે છે.

અહો જિનશાસનમ્!!

From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto

Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-82*

# *જીવનની પરીક્ષામાં નાપાસ ન થશો !*

*"એય યુવાન ! આ તારા ગામમાં બહારગામનાં પાંચ યુવાનોની દીક્ષા થઈ રહી છે, એનો મહોત્સવ ચાલી રહ્યો છે અને તેમાં તારા ગામનો કોઈ જ યુવાન દીક્ષા લેવા તૈયાર નથી ? આ તો ધર્મનિષ્ઠ ગામ છે. તમારા માટે તો આ એક મોટું કલંક કહેવાય."*

આચાર્યદેવ ગામના એક વિશિષ્ઠ યુવાનને પ્રેરણા કરી.

એ યુવાનને વર્ષીતપ ચાલતો હતો. બી.કોમની પરીક્ષા આપવાના થોડાક જ દિ' બાકી હતા.

જે પાંચ યુવાનોની દીક્ષા થવાની હતી, એમની દીક્ષાને ચાર દિવસ જ બાકી હતા.

થનગનતા આ યુવાને આચાર્યદેવને જણાવ્યું કે *"જો આપને મારામાં પાત્રતા દેખાય તો હું જ દીક્ષા લઈશ. બીજા કોઈને શોધવા જવાની જરૂર નથી."*

અને આચાર્યે શ્રીમંતઘરના એ યુવાનની પાત્રતા નિહાળી, મુખ પર જ્વલંત વૈરાગ્ય નિહાળીને દીક્ષા આપી.

બી.કોમની પરીક્ષા જે દિને આપવાની હતી એ જ દિને એ યુવાને જીવનની પરીક્ષા-સર્વવિરતિ સ્વીકારી અને ખરેખર એ પરીક્ષામાં સફળ થયા.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# *પ્રસંગ-83*

# *મતભેદ હજુ ય ચાલે,મનભેદ ન ચાલે*

એક શહેર ના ઘણા મોટા સંઘમા એક સમુદાય ના ઘણા મોટા આચાર્યે ભગવંત બિરાજમાન હતા. એ સંઘના દેરાસર માં કેટલીક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થવાની હતી.સંઘના આગેવાનો બીજા સમુદાયના આચાર્યે ભગવંત પ્રત્યે ખૂબ જ બહુમાન ભાવ ઘરાવતા હતા.એટલે એ આગેવાનોએ એ બીજા આચાર્યેશ્રીને જ પ્રતિષ્ઠા કરવા માટે વિનંતી કરી.

એ આચાર્યેશ્રીએ વિનંતી નો સ્વીકાર કર્યો પણ સાથે પુછ્યું કે "તમારા સંઘમા અત્યારે કોઈ મહાત્મા છે.?"

સંઘે ઉતર આપ્યો કે "બીજા પક્ષના અમુક આચાર્યે છે."

આ આચાર્યેશ્રીએ કહ્યું કે

"એ ખુબ જ ગુણવાન છે. તમે એમને પણ પ્રતિષ્ઠામાં રોકી રાખો.અને એમને મારા તરફથી કહેજો કે તમે આવશો તો જ હું પ્રતિષ્ઠા માં આવીશ."

સંઘ આશ્ચર્યે પામ્યો. ઉપાશ્રય જઈને આચાર્યેશ્રીને વિનંતી કરી. એમનો વિહાર નક્કી થઈ ગયો હતો પણ સંઘના અને બીજા સમુદાય ના આચાર્યેશ્રીની લાગણીથી તેમણે વિનંતી સ્વીકારી.

સંઘમાં બિરાજમાન આચાર્યે વડીલ હતા અને જેમના હાથે સંઘ પ્રતિષ્ઠા કરાવવાનો હતો એ નાના હતા.પણ જે દિવસે નાના

આચાર્યેશ્રી નો આ સંઘમા સામૈયા સાથે પ્રવેશ થતો હતો તે વખતે એ મોટા આચાર્ય સામે લેવા ગયા.

નાના આચાર્ય ને એ વખતે એક ભૂલ સમજાઈ કે

'સામે વડીલ વિદ્યમાન હોય તો સામૈયા સાથે પ્રવેશ ન કરાય."

એટલે એમણે તરત બેન્ડ બંધ કરાવ્યું. પણ વડીલ આચાર્ય શ્રી પણ ખૂબ ઉદાર દૃષ્ટિવાળા હતા એમણે સ્વયં સંઘ ને કહી દીધું કે

" બેન્ડ વાગે એમાં કોઈ જ વાંધો નથી."

અને આનંદ પૂર્વક બે મહાપુરુષોએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

પ્રતિષ્ઠાનો દિવસ આવ્યો. એ વખતે નાના આચાર્યે કહ્યું કે,

“અમારા ગુરુદેવોની પરંપરા છે કે જે વડીલ હોય એમના જ

હાથે પ્રતિષ્ઠા કરાવવી. આપ વડીલ છો. માટે પ્રતિષ્ઠા આપ જ કરો."

વડીલ આચાર્ય કહે,

"આ સંઘ આપનો ભકત છે. આપની પાસે પ્રતિષ્ઠા કરાવવા ઈચ્છે છે. મેં તો માત્ર હાજરી આપી છે. હું પ્રતિષ્ઠા કરીશ તો કદાચ સંઘને નહિ ગમે."

નાના આચાર્ય બોલ્યા,

“આપણે બે ય સાથે પ્રતિષ્ઠા કરશું. પછી કોઈને વાંધો નહિ આવે. ”

એમ જ થયું. નાના આચાર્ય એ પ્રતિમા ઉપરના લખાણમાં પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય તરીકે વડીલ આચાર્યશ્રીનું નામ પણ લખાવડાવ્યું. એટલું જ નહિ એ પ્રતિષ્ઠાની જે પત્રિકા છપાઈ એમાં પણ વડીલ આચાર્યનું નામ પ્રથમ છપાવ્યું.

એ બે સમુદાયો વચ્ચે એ વખત્તે વંદનાદિ વ્યવહાર ન હતો, અમુક મતભેદ પણ હતા. આમ છતાં એ બે મહાપુરુષોએ પોતાના મતભેદોને મનભેદમાં પરિણમવા ન દીધા. પરસ્પરની લાગણીઓમાં ઓટ આવવા ન દીધી.

*વંદન હો એ માનવંતા મહાપુરુષોને !*

*આજે પણ એ સંઘમાં એ પ્રતિષ્ઠિત પ્રતિમાજી ઉપર એ બે ય આચાર્ય ભગવંતોની ઉદાર દ્રષ્ટિની સાક્ષી પૂરતા બે ય નામો વાંચવા મળે છે.*

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*  *અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-84*

# *શાસ્ત્રસાપેક્ષતા કોને કહેવાય ?*

એક આચાર્ય ભગવંત જયારે પંન્યાસ હતા ત્યારે એકવાર પિત્તની તકલીફના કારણે એમણે આયંબીલ, એકાસણા છોડવા પડ્યા અને નવકારશી કરવાની શરૂઆત થઈ. જો સવારે ન વાપરે તો પિત્ત વધે, માથાનો દુઃખાવો શરૂ થાય.

પણ એ પંન્યાસજીનો માનસિક અધ્યવસાય એક જ ચાલ્યા કરે કે

*-- શાસ્ત્રમાં લખ્યું છે કે જે સાધુએ અપવાદ માર્ગે નવકારશી કરવી પડે એણે નવકારશીમાં ૪-૬ કોળીયા જ વાપરવાના, છેવટે જેટલું વાપરવાની આવશ્યક હોય એનાથી વધુ ન જ વાપરવું. એટલે મારે ૪-૬ કોળીયા જ વાપરવા.*

વળી મારે પિત્તનો પ્રકોપ છે. એ શમાવવા માટે સવારે દૂધ વગેરે લેવાની કોઈ જરૂર નથી. માત્ર શરીરમાં થોડોક ખોરાક પડે એટલે મારો પિત્તનો પ્રકોપ શાંત થઈ જાય. માટે મારે સવારે માત્ર બે જ લૂખા ખાખરા વાપરવા અને સવારે શ્રાવકોના કોઈક ઘરોમાંથી તુવેરની દાળ મળી જાય છે. એ મોળી-મસાલા વિનાની તુવેરની દાળ વાપરવી. બસ, આ બે સિવાય ત્રીજી કોઈપણ વસ્તુ ન લેવી.

આ પંન્યાસજીએ લગભગ દોઢ વર્ષ સુધી આ રીતે બે દ્રવ્ય દ્વારા નવકારશી કરી. અપવાદમાર્ગનું સેવન કરવામાં કેટલી બધી અપરામત્તત્તા-જાગ્રતિ જોઈએ ? એ આના ઉપરથી સારી રીતે સમજી શકાય છે.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-85*

# *ધન્ય તે મુનિવરા રે...જે જિન આના પાળે...*

એક વાર ચોમાસામાં અમુક પૂજય સાધુ ભગવંતો એક સંઘ માં બિરાજમાન હતા...

ત્યા અચાનક મેઘ રાજા વરસવા લાગ્યા...

એક દિવસ...

બે દિવસ...

વર્ષાવાસ ચાલુ જ હતો..

વરસાદ બંદ થવાનું નામ નહિ લે...

ત્યાં એક સાધુ ભગવંત...

ખૂબ જ જીવદયા પ્રેમી...

જીવો ની થોડી પણ વિરાધના ન થાય ..એનું ખૂબ ધ્યાન રાખવા વાળા...

એમને સંકલ્પ કર્યો કે જ્યાં સુધી વરસાદ બંધ ન થાય , ત્યાં સુધી મારે ગોચરી નહીં વાપરવી...

કેમ કે ગોચરી વોહરવવા જાય, તો વરસાદ ના અપકાય જીવો ની ચિક્કાર વિરાધના થાય. .

અને સાધુ ભગવંત એ ઉપવાસ ચાલુ કર્યા...

ઉપવાસ પણ ચોવીહારો... ж

પાણી પણ નહી વાપરવું...

કેમ કે પાણી વાપરે, તો માત્રુ જવુ પડે...અને બહાર માત્રુ પરઠવા જાય તો વરસાદ ના કારણે વિરાધના થાય....

એમ દિવસો વીતતા ગયા...

4 દિવસ...

5 દિવસ....

16 દિવસ થઈ ગયા .. ж ж

*એ સાધુ ભગવંત એ 16 દિવસ સુધી સળંગ ચોવીહાર ઉપવાસ કર્યા.... φ φ *

*આ જ સાધુ ભગવંત એ બીજા એક ચોમાસા માં એવી જ રીતે વરસાદ ના કારણે 13 ઉપવાસ કર્યા...*

13 ઉપવાસ કર્યા પછી એમને વિચાર્યું કે ગયા વર્ષે મેં 16 ઉપવાસ તો કર્યા જ હતા..

તો હવે પારણુ નહિ કરવું...

અને *એમણે માસક્ષમણ (30 ઉપવાસ) ની ઉગ્ર તપસ્યા પૂર્ણ કરી...! N N *

*ધન્ય તે મુનિવરા રે...જે જિન આના પાળે...*અહો જિનશાસનમ્!!

Source - એક ભાઈ.

# *પ્રસંગ-86*

# Part - 1

આજ થી 40-45 સાલ પહેલા સુરત માં રહેતા એક ભાઈ અને એક બહેન ની 15 વર્ષ ની ઉંમરમાં engagement (સગાઈ) થઈ...

એ બહેન અમુક સમય માટે પાલીતાણાજી માં નવ્વાણુ કરવા ગયા...

ત્યાં 3-4 મહિના પૂજ્ય સાધ્વીજી ભગવંત પાસે રોકાવાનું પણ થયું..

*ધીરે ધીરે દીક્ષા ની ભાવના થઈ..*

ઘરે આવીને એ બહેન એ પોતાના માતા - પિતા ને દીક્ષા ની વાત કરી...

પણ પિતા દીક્ષા માટે માનવા તૈયાર નહિ...

આ વાત એ ભાઈ ને ખબર પડી કે જેમની સાથે અમુક વર્ષો પહેલા એ બહેન ના engagemant (સગાઈ) થઈ હતી ...

એ ભાઈ એમ વિશેષ ધાર્મિક નહીં...પણ સંસ્કાર સારા..

એટલે એમને એમના સસરા ને કહ્યું કે , *""આપ ખુશી થી આપની દીકરી ને દિક્ષા આપી શકો છો..*

*મને કોઈ વાંધો નથી...મને બીજી કોઈ છોકરી મળી જશે..""*

પણ પિતાજી માનવા તૈયાર નથી...

છેવટે થાકીને 20 વર્ષ ની ઉંમરે બંનેના (છોકરા અને એ દીક્ષા ની ભાવના વાળી છોકરીના) લગ્ન નક્કી થયા...

લગ્ન નો દિવસ આવ્યો...

લગ્ન નું મુહૂર્ત રાત્રી નું હતું...

બધા લોકો આવી ગયા..

એ ભાઈ લગ્ન મંડપ માં આવી ગયા હતા...

ત્યાં રહેલો બ્રાહ્મણ જોર થી બોલી રહ્યો હતો કે --

*વર કન્યા સાવધાન!!*

*વર કન્યા સાવધાન!!*

*વર કન્યા સાવધાન!!*

પણ......

To be continued...

અહો જિનશાસનમ્!!

Source - એક ભાઈ.

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-87*

# *Part - 2*

પણ એ દીક્ષા ની ભાવના વાળા બેન લગ્ન મંડપ માં હજી સુધી આવેલા નહિ...

-

-

અચાનક અંદર એક રૂમમાં થી લગ્ન મંડપ માં બેસેલા એ વર ને એક સમાચાર આવ્યા....

એ સમાચાર એ દીક્ષા ની ભાવનાવાળા બહેન એ મોકલેલા..

એ બહેન ના સમાચાર આવા હતા....-

*""પ્રતિકમણ થઈ ગયું છે અને સામાયિક પાળવામાં 10 મિનિટ ની વાર છે...""*

એ ભાઈ તો સ્તબ્ધ થઈ ગયા...

પણ કરે પણ શું.. Û

ЖЖЖЖЖЖЖЖЖ

એમણે બ્રાહ્મણ ને કહ્યું કે, "વર કન્યા 10 મિનિટ માં આવે છે..

10 મિનિટ પછી એ વરકન્યા આવી..."

લગ્ન નો પ્રસંગ પૂરો થયો...

હવે લગ્ન ના બીજા દિવસે એ બેન પોતાના પતિ ને એક વાત કરે છે...

મારી ભાવના છે કે આપણે- *આપણા એક સંતાન ને દીક્ષા ના માર્ગે મોકલીશું...*

મારી ભાવના હોવા છતાં હું દીક્ષા નહીં લઇ શકી..

પતિ એ જવાબ આપ્યો- *એક નહિ, પણ બધા ને આપણે દીક્ષા અપાવીશું અને જો તમારી ભાવના હોય તો તમે પણ એમની સાથે ખુશી થી દીક્ષા લઈ શકો...*

થોડા વર્ષોમાં એ શ્રાવિકા બહેન ને 2 સંતાન થયા..

બંને સંતાનને નાનપણથી જ ધર્મ ના સારા સંસ્કારો અને દિક્ષા માટે આગળ વધારે...

એક છોકરો 11 વર્ષ નો થયો ત્યારે ઘર માં થી વડિલો ની ના હોવા છતાં , એ શ્રાવક અને શ્રાવિકા બેન એ છાણી (ગુજરાત) માં એમના ગુરુ મહારાજ ની નિશ્રા માં ચાલતા સામુહિક દીક્ષા મહોત્સવ માં પોતાના 11 વર્ષ ના નાના સંતાન ને એક પત્ર લખીને છાણી મોકલ્યો..

પત્ર માં એમ લખેલું કે -

"ગુરુદેવ જો આપને અમારા પુત્ર માં દીક્ષા ની યોગ્યતા લાગતી હોય , તો છાણી માં ચાલતા સામૂહિક દીક્ષા મહોત્સવ માં આપ અમારા પુત્ર ને દીક્ષા આપી દેજો..

અમારા ઘર માં સંજોગો અનુકૂળ નથી...અમે આવી શકીએ એમ નથી.."

ગુરુદેવ એ પત્ર વાંચ્યો અને નાના બાળક માં યોગ્યતા લાગતા છાણી માં દીક્ષા આપી દીધી..

પછી તો એ રત્નકુક્ષી માતા જેમને વર્ષો થી દીક્ષા ની ભાવના હતી ,એમના ભાવોમાં વૃદ્ધિ થઈ અને પહેલા પુત્ર ના દીક્ષા ના 3 વર્ષ પછી *એમણે, એમના શ્રાવક એ અને બીજા નાના સંતાન એ* પણ રંગે ચંગે સકલ સંઘ ની સમક્ષ અત્યંત ભાવોલ્લાસ સાથે દીક્ષા લીધી...

આજે એ શ્રાવક ભાઈ (હાલ માં સાધુ મ.સ.) 69 વર્ષ ની ઉંમર ના થઇ ગયા..

એમના નાના પુત્ર મુની એ દીક્ષા ના 20 વર્ષ માં 100 ઓલી પૂર્ણ કરી...

એ રત્નકુક્ષી માતા (હાલ માં સાધ્વીજી મ.સ.) 65 વર્ષ આસપાસ ના છે...

એમને પગ માં થોડી તકલીફ છે..

છતાં મનોબળ મક્કમ છે એટલે હમણાં સુધી વ્હીલચેર કે ડોલી વાપરી નથી...અને ભાવના પણ નથી...

ખૂબ ખૂબ અનુમોદના એ બહેન ને જેમણે વર્ષો સુધી  પોતાના સંયમ જીવન ના ભાવો ને ટકાવી રાખ્યા અને પોતાના સંતાનો ને પણ પ્રભુ ના ચરણે સમર્પિત કર્યા...

અહો જિનશાસનમ્!!

Source - એક ભાઈ.      *અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-૪૪*

# *ઘણા મોટા છતાં ઘણા નાના : એક પંન્યાસજી*

સાધુઓના એક વિરાટ વૃંદમાં બીજા-ત્રીજા નંબરે રહેલા પંન્યાસપ્રવરના જીવનની કેટલીક આદર્શભૂત વિશેષતાઓ :

(ક) ૧૦૦+૨૩ વર્ધમાનતપની ઓળી

(ખ) ૧ વાર સળંગ ૫૦૦ આયંબીલ

(ગ) ૧ વાર સળંગ ૧૦૦૦ આયંબીલ

(ઘ) એક વર્ષીતપ એકસણાથી કર્યો. જેમાં પાંચ વિગઈઓનો મૂળથી ત્યાગ કર્યો.

(ચ) ૧ વાર શ્રેણીતપ (આશરે ૧૧૦ દિવસનો તપ, એમાં ૮૨ ઉપવાસ, ૨૮ એકાસણા)

જેમાં તમામ ઉપવાસ ચોવિહાર કર્યા, અને આ તમામ દિવસો માં રોજ વ્યાખ્યાન તો ચાલુ જ.

*એક જ દિવસ પારણું કરી તરત ૨૨મી ઓળી ઉપાડી, એમાં જ ૨૫૦ કી.મી. નો વિહાર કર્યો.*

(છ) એક સિદ્ધિતપમાં છેલ્લે માસક્ષમન કર્યું, ૧૫ ઉપવાસ વધુ કરીને સિદ્ધિતપ પૂર્ણ કર્યો.

(જ) એ ગ્રૂપના સાધુઓ કહે છે કે *" આ અમારા પંન્યાસજી રાત્રે ઊંઘ લે છે કે નહિ ? એ જ અમને ખબર નથી પડતી. શિયાળા માં અમે રાત્રે ૧૨-૨-૪ વાગે માત્રુ માટે ઉઠીએ છીએ, ત્યારે એમને બેસીને જાપ કરતા જ જોઈએ છીએ. અમને આશ્ચર્ય થાય છે. ભાગ્યે જ એવું બન્યું છે કે અમે રાત્રે ઉઠ્યા હોઇએ અને અમે એમને સંથારા માં ઊંઘેલા જોયા હોય."* ( માંડ ત્રણેક કલાક આરામ લેતા હશે....)

(ઝ) એ માત્ર તપસ્વી, જપસ્વી જ નથી, સાથે સ્વાધ્યાયી પણ છે... સ્વાધ્યાય માટે નો એમનો ઉત્સાહ અદ્વિતીય ! સાવ નાનો સાધુ પણ જો એમને મનગમતા વિષયો ભણાવતો હોય, તો એની પાસે ભણવા બેસી જાય. લેશ પણ શરમ નહિ. એ નાના સાધુની સામે એક શિષ્યની માફક બેસી જાય. એમણે છેદગ્રંથાદિ ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો છે.

(ટ) એમને મૌન ઘણું પ્રિય ! મોટા ભાગે મૌન જ રહે. છતાં જરૂર પડે તો સ્પષ્ટ શબ્દોમાં કહી પણ શકે. સાચી બાબત યોગ્ય સ્થાને, યોગ્ય રીતે કહેવામાં એ કદી કોઈથી ડરતા નથી.

(ઠ) દર મહિને ૧ અઠ્ઠમ ઓછામાં ઓછો કરે, આ સિવાય પણ ઢગલા બંધ છઠ્ઠ, અઠ્ઠમો, ઉપવાસો ગમે ત્યારે કર્યા જ કરે. પર્વતિથિઓમાં જ કરવો એવું નહિ....

(ડ) આ બધા કરતા પણ સૌથી અગત્યની બાબત છે એમણે કરેલી વૈયાવચ્ચ ! એક વૃદ્ધ સાધુની એમણે કરેલી સેવા આશ્ચર્યજનક ઘટના રૂપ છે. એ મુનિને ઘણીવાર ઢીલા ઝાડા છૂટી જાય. ક્યારેક તો પાણી જેવા ઠલ્લા થઈ જાય. એની રીતસર ધાર પણ ક્યારેક છૂટતી. એ બધો મળ રૂમમાં બધી બાજુ વેરાઈ જતો, એવી પરિસ્થિતિમાં પંન્યાસજી પોતાની જાતે હાથ દ્વારા એ બધું ઉપાડી પ્યાલામા લઇ પરઠવી આવતા. એ આખો રૂમ જાતે પાણી દ્વારા સાફ કરતા. આમાં એમને અરુચિ, ઉદ્વેગ, કંટાળો ન આવતો. મોઢાના હાવભાવ ન બદલાતા. લકવાગ્રસ્ત એ વયોવૃદ્ધ મુનિની તમામ પ્રકારની સેવા આ પંન્યાસજીએ ઘણા વર્ષો સુધી કરી.

(ઢ) સાથેના સાધુઓની તબિયત જરાક પણ ખરાબ થાય કે તરત જ આ પંન્યાસજી એમની સેવામાં લાગી જાય બે ટાઈમ પડીલેહણ, ગોચરી-પાણી લાવવા.... વગેરે તમામ કર્યો વગર કીધે એ કરી લે. સાધુઓ ના પાડતા રહે અને એ એમનું કામ કર્યા જ કરે.

(ત) ગોચરીમાં ક્યારેક બે-ત્રણ ટોકસી વ્યંજન કે એક-દોઢ ચેતનો સૂપ વગેરે વધી પડે તો જે વસ્તુ બીજા કોઈ ન વાપરે એ બધું પોતે ખપાવવા માટે લઈ લે.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-89*

ગોચરી માંડલીમાં મારે ગોચરી વહેંચવાની હતી.

આહાર-વ્યંજનાદિ વહેંચી દીધા બાદ મિષ્ટ વગેરે વિશિષ્ટ વસ્તુઓ વહેંચવાની શરૂ કરી.

એક મહાત્મા પાસે પહોંચ્યો તો એમણે ના પાડી કે ‘મને નહિ ચાલે.’

મેં પૂછ્યું કે “કેમ બાધા છે.?"

એનો જવાબ એ આપે એ પૂર્વે તો એમના ગુરુએ જ આપી દીધો કે “એમને ઓળી ચાલે છે...માટે મિષ્ટ નહિ ચાલે”

હું સમજ્યો કે ‘એ મજાક કરે છે' કેમકે ચોપડેલી રોટલી, લીલું શાક, દૂધ, મસાલાવાળી દાળ... આ બધું મેં જ તો એ સાધુને આપેલું. એમાં ઓળી શી રીતે હોઈ શકે?

પણ મારા મોઢા પરની મૂંઝવણ જોઈને એમણે વ્યવસ્થિત ખુલાસો કર્યો કે “પહેલાં એ

વર્ધમાન તપની ઓળી કરતા હતા. પણ પિત્તના કારણે ઊલટી + અશક્તિ વગેરેને લીધે આંબિલો કરવા ખૂબ અઘરા પડવા માંડવા. એટલે એમણે ઓળી છોડી પણ એક દિવસ એમને વિચાર આવ્યો કે હું આંબિલની ઓળી ભલે ન કરી શકું, પણ એનો અર્થ એ પણ નથી કે ‘મારે બધું જ ખાવું : મીઠાઈ-મેવો-ફરસાણાદિ વાપરવું’ એના બદલે હું એકાસણાની ઓળી કરું. અર્થાત...રોટલી-શાક-દાળ-ભાત-દૂધ આ પાંચ જ વરતુઓવાળા એકાસણા કરવા અને એ રીતે ઓળી કરવી.

દા.ત. ૨૦મી ઓળી હોય, તો ૨૦ દિવસ આવા સાદા એકાસણા કરવાના પછી બે-ચાર દિવસ પારણા... એટલે કે મિષ્ટાન્નાદિ વાપરી લેવાનું. વળી ૨૧ દિવસ

સાદા એકાસણા, આ રીતે

ઓળીઓ કરવાની.

અત્યારે એમને ૩૩મી ઓળી ચાલે છે... રોજ એકાસણાનું પચ્ચક્ખાણ અને ધારણા અભિગ્રહ લે છે. એટલે એમને પાંચ વસ્તુ સિવાય કશું આપવાનું નહિ."

હું તો આભો જ બની ગયો.

કેવો ગજબનો સાપેક્ષભાવ!

તપની ઓળી નહિ, તો ત્યાગની ઓળી તો ખરી જ! વાહ રે વાહ!

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

## *પ્રસંગ-90*

એક સાધુએ વારંવાર ફીટ આવવાથી છેવટે ડોક્ટરના કહેવા પ્રમાણે બે ટાઇમ દવા શરૂ કરી. એ દવા એવી કે અવશ્ય લેવી જ પડે. એકાદવાર પણ ભુલાઈ જાય તો  તરત ફીટ આવે.(શરીર ખેંચાય - માણસ બેભાન થઈ જાય... જેનું બીજું નામ આંચકી છે..) એટલે રોજ બંને ટાઈમ દવા સમયસર અવશ્ય લેવી જ પડે.

વળી એ દવા ગરમ પડે એવી હોવાથી સાથે કંઈક ખોરાક લેવો પડે. જો એકલી દવા લેવામાં

આવે તો રીતસર છાતીમાં દુઃખવા માંડે.

બાર- બાર વર્ષથી પ્રાય: સળંગ એકાસણા કરનાર એ સાધુ એકાસણા છોડવા ઈચ્છતા ન

હતાં એટલે જ એમણે ડોક્ટરોની પાસે રજા માગી કે *"ખોરાક વિના એકલી ગોળી લઈએ તો ચાલે કે નહિ?."* પણ ડોક્ટરોની સખત ના અને છાતીમાં બળવાનો જાત અનુભવ એટલે સવાર-સાંજ ગોળી સાથે કંઈક વાપરવું અનિવાર્ય બન્યું.

છેવટે દુ:ખી હૈયે એકાસણા છોડી નવકારશી શરૂ તો કરી પણ એમાં એમણે જે કાળજી કરી એ અદ્વિતીય હતી.

એ મુનિ કહે કે *"સવારે કોઈપણ એક જ વસ્તુ વાપરવાનો મેં નિર્ણય કર્યો...* જો જૈનોના ઘરો

હોય તો નિર્દોષ દૂધ મળી રહે પણ માત્ર ને માત્ર દૂધ જ વાપરવાનું. એમાં ખાંડ નહિ જ નંખાવવાની, ખાખરા પણ નહિ, તો પૌઆ-ઉપમા-મિષ્ટ -ખજૂર વગેરેની તો વાત જ ક્યાં રહી? સાધુઓ ભક્તિભાવથી બધુ વપરાવવા પ્રયત્ન કરે, પણ હું રોજ ધારણા અભિગ્રહ જ કરી લઉં એટલે એક જ વસ્તુ મારે વાપરવાની રહે.

જ્યાં જૈનોના ઘર ન હોય, એટલે દૂધ ન મળે ત્યાં પણ ગોળ તો મળી જ જાયને? એવા સ્થાનોમાં ગોળ લાવી ગોળનું પાણી કરીને માત્ર એ એક જ વસ્તુ વાપરી

લઉ.

*આ થઈ સવારની વાત!*

સાંજની ગોચરી માટે મને લગભગ શંકા જ રહે છે કે 'એ દોષિત હોય છે.' કેમકે રાત્રિભોજનના ત્યાગવાળા ઘણા ઘણા ઓછા હોય. એટલે સાંજે ગોચરી ચોક્કસ ઘરોમાં જ મળે... એમને પણ ખબર હોય કે સાધુ-સાધ્વીઓ આવશે જ... એટલે મિશ્રાદિ દોષ તો લાગે જ. વળી આપણે તો સૂર્યાસ્તના એક કલાક પૂર્વે તો એમના ઘરે ગોચરી- વહોરવા પહોંચી જ જઈએ. એટલે એ બધાએ ગોચરી આપણા માટે વહેલી બનાવવી જ પડે...

એટલે સાંજે રાંધેલી રસોઈ હું લેતો નથી. એના બદલે કોરા મમરા અથવા ચણા અથવા એકલા ખાખરા (દૂધ પણ નહિ...) લાવીને એનાથી જ સાંજની ગોચરી પૂરી કરી લઉ.

સવારે નવકારશીમાં દૂધ/ગોળપાણી વાપરતા બે મિનિટ અને સાંજે ચણા/મમરા/ખાખરા

વાપરતા પાંચ મિનિટ લાગે.

હું સાંજની ગોચરી માંડલીમાં નથી જતો. મારી જગ્યાએ જ વાપરું છું, મને ભય રહે છે કે

સાંજની ગોચરીની ગરમ-ગરમ, અલગ અલગ વસ્તુઓ જોઈને હું લલચાઈ જઈશ તો? મારો

વૈરાગ્ય તૂટી જશે તો.? તો હું પણ ધીરે ધીરે એ બધું વાપરવા લાગીશ.

ના! એકાસણાના ન થાય તો ભલે,પણ હવે આટલો ત્યાગ તો કમસેકમ મારામાં ટકવો જ જોઈએ ને?"

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# *પ્રસંગ-91*

# *Part - 1*

# *ઓ બાલ મુનિરાજ! તમારી નિર્મળ પ્રજ્ઞાને અમારી અનંતતશઃ વંદના*

"મુનિવર! મને એક મુંઝવણ છે, તમે મને ઉત્તર આપશો.?"

૧૪ વર્ષની ઉંમરના બાલ મુનિરાજે એક વડીલ મુનિરાજને વિનયપૂર્વક પ્રશ્ન કર્યો.

દીક્ષા લીધાને હજી તો ૭-૮ મહીના જ થયા હતા. પણ પૂર્વભવની કોઈક અપૂર્વ આરાધનાનો પ્રતાપ, કે તમામે તમામ મીઠાઈઓ અને તમામે તમામ ફરસાણો કોઈપણ છૂટ

વિના ત્યાગી દીધા હતા. માત્ર ગુરુજી ક્યારેક સામેથી વપરાવે, ત્યારે જ વાપરે.

મુંબઈ કાંદિવલીમાં એ બે બંધુઓ સાથે જન્મ્યા હતા. અમુક કારણોસર મા-બાપે નિર્ણય લીધો

કે 'એક ભાઈ એના મામાને ત્યાં જ ઉછરે અને એક આપણી પણ રહે.' અને દીકરાને મામાને ત્યાં મૂકી આવ્યા.

પણ આશ્ચર્ય !

બંને ભાઈઓ વચ્ચે ઋણાનુબંધ કેવો ! કે મામાના ઘરે રહેલા ભાઈને સખત તાવ ચડ્યો,ગમે એટલા ઉપચારો કરવા છતાં ઠેકાણું પડે જ નહિ અને મા-બાપ પાસે રહેલો ભાઈ આખો દિવસ રડ્યા જ કરે તાવવાળા ભાઈને તો હોસ્પિટલમાં  દાખલ કરવો પડ્યો, બધી ચકાસણી બાદ ખુદ ડોક્ટરે કહ્યું કે, “આને બીજો કોઈ જ તાવ નથી. પણ બે ભાઈઓ જોડિયા જન્મેલા છે, તો એમને સાથે જ રાખો. જુદા રાખશો તો આ તાવ જશે નહિ...”

અંતે જયારે મા-બાપે બંને દીકરાઓને પોતાની સાથે જ રાખવાનો નિર્ણય લીધો અને મામાને ત્યાંથી દીકરાને લઈ આવ્યા, ત્યારે એકનો તાવ અને બીજાનું રૂદન શાંત થયા. ઘોડિયામાં રમતા બે ભાઈઓ વચ્ચે પૂર્વભવનો આ કેવો સંબંધ !

એ બંને ભાઈઓએ ૧૪ વર્ષની ઉંમરે હજી ૮ મહીના પહેલા જ દીક્ષા લીધી છે. એમાંના નાના મુનિરાજે એક વડીલ મુનિરાજને ઉપર મુજબ પ્રશ્ન કર્યો.

‘હા, હા ! બોલો ને ? શેની મુંઝવણ છે, તમને?' વડીલે આત્મીયતા દર્શાવી.

_To be Continued..._

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# *પ્રસંગ-92*

# *Part - 2*

# Continued from Part 1...

‘હા, હા ! બોલો ને ? શેની મુંઝવણ છે, તમને ?' વડીલે આત્મીયતા દર્શાવી.

અને એ વૈરાગી બાલમુનિ બોલી ઊઠ્યા.

'મેં સાંભળ્યું છે કે રવિવારે આદિનાથ સંઘમાંથી બે કિ.મી. જેટલો લાંબો અને ચાર-પાંચ

કલાક આખા નવસારીમાં ફરનારો મોટો વરઘોડો નીકળવાનો છે. ધર્મચક્રતપનો એ વરઘોડો છે... એ વાત સાચી?

પણ મુનિવર! એમાં આપણે સાધુઓએ જોવા જવાય ખરું? એમાં જાતજાતના બેંડો આવે...

જાતજાતની બગીઓ, રચનાઓ, આકર્ષક આઈટમો જોવામાં આપણને કૌતુકનો દોષ ન લાગે?

આ બધું જોવાની ઉત્કંઠા, કૌતુક એ દોષ કહેવાય ને?

તદ્દન સરળભાવે એ બાલમુનિએ પ્રશ્ન કર્યો.

વડીલ મુનિ આશ્ચર્ય પામ્યા.

'જિનશાસનની પ્રભાવનાનું અજોડ નિમિત્ત બનનાર એ રથયાત્રા ચોક્કસ અનુમોદનીય, પરંતુ એમાંની ભાત-ભાતની વસ્તુઓ જોવાની ઉત્કંઠા સાધુને થાય એ ભલે ને નાનકડો તોય દોષ  તો ખરો જ' એમ એ વડીલમુનિ સારી પેઠે સમજતા હતા....

પણ તદ્દન નૂતન બાલ મુનિની આવી ઊંડી સમજણ જોઈ એ આશ્ચર્ય પામ્યા, અતિ આનંદન પામ્યા.

એમણે જવાબ દીધો કે,

"રથયાત્રામાં હાજરી આપવા આપણે જવાના છીએ, એ તો બરાબર. પણ એની બધી આઈટમો જોવાની ઉત્કંઠા એ તો દોષ છે જ, હું પણ જોઈશ ખરો, પણ એ તમારી વાત તો બિલકુલ સાચી..."

આ સાંભળી મુનિરાજના મુખમાંથી રત્નોની વૃષ્ટિ થઈ.

એ બોલ્યા કે,"ભલે, ગુરુજીની અને પ્રભુની આજ્ઞા હોય તો હું રથયાત્રામાં જઈશ,પણ વરઘોડો જોવો, બધુ નિહાળવું એ તો પ્રભુની આજ્ઞા નથી જ ને ? તો હું તો બધા સાધુઓની સાથે સાથે ચાલીસ. વરઘોડો જોવા ક્યાંય ઊભો નહિ રહું.

અને હા! રોડ ઉપર પણ જો છેક કિનારી ઉપર ચાલીશ, તો આગળ-પાછળના બધા દ્રશ્યો

મને દેખાઈ જ જાય. મારે એ કુતૂહલ તથી પોષવું.

હું તો બધા સાધુઓની બરાબર વચ્ચોવચ્ચ જ ચાલીશ."

પોતાના આત્માને બચાવી લેવા માટેની એમની આવી ઉદાત્તભાવના અને એમ છતાં જોવા જનારા અન્ય સાધુઓ માટે લેશ પણ અસદ્ ભાવાદિ વિનાની એમની નિખાલસતા જોઈ એ

વડીલમુનિનું હૈયું હર્ષના આંસુ વહાવી રહ્યું.

એ જ આદિનાથસંઘમાં આગલા દિવસે સાંજે ૬.૩૦ વાગ્યાથી મહાપૂજા શરૂ થવાની હતી,

આખા નવસારીના હજારો જૈનો દર્શન કરવા, મહાપૂજા નિહાળવા પધારવાના હતા. આદિનાથસંઘથી બે કિ.મી. દૂર રહેલા ઘણા સાધુઓ આ અદ્વિતીય મહાપૂજાના દર્શન માટે ત્યાં પહોંચી જવાના હતા.

પણ

આ જ બાલમુનિએ પોતાની મેળે મનમાં નિર્ણય કરી લીધો કે,

"સૂર્યાસ્ત બાદ સાધુથી દેરાસર વગેરેમાં ન જવાય. દીવાઓ થઈ ગયા હોય, બહેનો વગેરેની અવરજવર-ભીડ ખૂબ હોવાથી સંઘટ્ટો વગેરે પણ થઈ જાય. અને 'ત્યાં કેવું શણગાર્યું હશે ? ફૂલો કેવા લગાડ્યા હશે...?' એ બધું જોવામાં તો સાધુપણામાં દોષ લાગે, એટલે મારે નથી જોવું..."

પણ જયારે ગુરુજીએ આદેશ કર્યો કે "આજે સાંજે ત્યાં જવાનું છે..." તો ગુર્વાજ્ઞાને પણ ખૂબ જ ઉમંગભેર વધાવી લીધી.

આ જ બાલમુનિએ વડીલ સાધુને જિજ્ઞાસાથી પૂછ્યું કે-

- આ બધી જાતજાતની પત્રિકાઓ આવે, એ બધું સાધુથી જોવાય. 'પત્રિકા કેવી આકર્ષક

છે ?...' એમ વિચાર આવે, એમાં તો રાગભાવ જ પોષાય ને? -

સમજુ વડીલ મુનિએ એ વાતનો 'હ' કારમાં જવાબ દીધો.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-93*

# *ગાથાઓ ખૂબ ગોખો*

એ હતા અધ્યાત્મયોગી !

ગાથાઓ ગોખાવવાનો એમનો આગ્રહ ઘણો !

પોતાના શિષ્યોને અને સાધ્વીજીઓને ગાથાઓ બરાબર ગોખાવડાવે !

રાત્રે આ આચાર્યશ્રી પોતાના શિષ્યોની ગાથાઓ સાંભળે. ભૂલ પડે તો સુધારે. પોતાના નજીકના જ સ્વજનો એમના શિષ્યો બનેલા, પણ તેઓ પણ જો ગાથા

ન ગોખે, તો એમનેય ઠપકો આપ્યા વગર ન રહે.

બે શિષ્યો આચાર્ય પાસે બેસી વારાફરથી એકપછી એક ગાથાઓ બોલે, એમાં જો કોઈ શિષ્ય ઝોખા ખાય, ઊંઘવા લાગે, તો તરત ધીમેથી ટપલી મારીને જગાડે અને બરાબર પાઠ કરાવે.

એમના આ પરિશ્રમને કારણે એ સમુદાયમાં આજે ઘણા સાધુ સાધ્વીઓ હજારો ગાથા ગોખી ચુક્યા છે.

આજે તો એ મહાયોગી હાજર નથી. પણ એમના સમુદાયના વિદ્વાન-સ્થવિર મહાત્માઓ પણ એવા છે કે જેમને *૨૫ થી ૩૦ હજાર ગાથાઓ* ઉપસ્થિત છે, ક્યાંક કાચું થાય, તો પાકું કરી લે છે, સાંભળ્યું છે કે એમના સમુદાયના પ્રાયઃ એકપણ સાધુ-સાધ્વીજી એવા નહીં હોય જેમને ઓછા માં ઓછી ત્રણેક હજાર ગાથાઓ ગોખી ન હોય.

આ સમુદાયની કેટલીક વિશિષ્ટતાઓ.

→ આખા ય ગચ્છમાં આચાર્ય = ગચ્છાધિપતિ માત્ર એક જ ! બીજા મહાત્માઓ વિદ્વાન-સ્થવિર હોય, તો પણ તેઓ વધુમાં વધુ પંન્યાસપદવી જ લે છે. અર્થાત્ આ ગચ્છમાં બે આચાર્ય નહિં.

→ આ ગચ્છમાં એ જ દીક્ષા લઇ શકે કે જેને આખી જીંદગી માટે ચાનો ત્યાગ હોય, કેમકે ગુરુ પરંપરાથી આ ગચ્છમાં એ નિયમ ચાલ્યો આવે છે કે નાના કે મોટા, ઘરડા કે યુવાન, ગુરુ કે શિષ્ય કોઈએ પણ ચા પીવાની નહિ.

→ સાંજનું પ્રતિક્રમણ બધાએ ભેગા મળીને માંડલીમાં જ કરવાનું માંડલી બહાર કોઈપણ પ્રતિક્રમણ ના કરી શકે.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# *પ્રસંગ-94*

# *સાચો પ્રજ્ઞાચક્ષુ સાધુ*

૫૫ વર્ષનો દિક્ષાપર્યાય ધરાવતા એ મુનિરાજની ઉમર ૯૨ વર્ષની આસપાસ છે. છેલ્લા ૧૫ વર્ષથી એ મુનિ બંને આંખો ગુમાવી ચુક્યા છે. સૌરાષ્ટ્રના એક મોટા શહેરમાં એક સંઘ માં તેઓ સ્થિરવાસ રોકાયા છે. મોટા ભાગે તે એકલા જ હોય છે. ત્યાં કોઈ ચોમાસુ કરે, તો સંખ્યા વધારે થાય, અન્યથા નહીં.

બંને આંખોનું તેજ હણાઈ ગયું હોય, સાથે કોઈ સહાયક ન હોય તો શી રીતે દિવસો-મહિનાઓ-વર્ષો પસાર થાય ? એ પ્રશ્ન સહજ રીતે જ આપણને બધાને થાય. પણ આવી વિકટ પરિસ્થિતિમાં પણ એમણે જે આરાધના જાળવી રાખી છે, એ ભારે આશ્ચર્ય ઉપજાવે એવી છે.

(ક) છેલ્લા ૧૫ વર્ષથી કાયમ એકસણા કરે છે, લગભગ ૧૨ તિથિ આયંબીલ કરે છે. આયંબીલ એમના શરીરને માફક ન હોવા છતાં પણ તેઓ આયંબીલના અનુરાગી છે. *"ત્રણ રોટલી, એક ટોકસો દાળ અને બે ઢોકળા"* આ એમનો આયંબીલનો નિયમિત ખોરાક છે.

(ખ) પ્રશ્ન એ થાય કે *"એ જોઈ શકતા નથી, તો ગોચરી કોણ લાવે ? સાથે કોઈ સાધુ નથી કે એ ગોચરી-પાણી લાવી આપે."* પણ આ મુનિરાજ પાસે એક માણસ રાખવામાં આવ્યો છે. એ માણસ એમને જુદા જુદા ઘરોમાં ગોચરી માટે લઇ જાય. પોતે જોઈ તો ન શકે, પણ પૂછી પૂછી ને વસ્તુ વહોરે. શ્રાવકો પણ સમજુ ! એટલે બીજો કોઈ વાંધો ન આવે.

*આ રીતે જાતે ગોચરી-પાણી લાવે.*

(ગ) પોતે કાયમ એક જ સ્થાને બેસે, તે સ્થાનથી એમણે બે દોરી બાંધી છે. એક દોરી પોતાના સ્થાનથી છેક વાડાની રૂમ સુધી બાંધી છે. બીજી દોરી પોતાના સ્થાનથી જિનાલયના દરવાજા સુધી બાંધી છે. પોતાની પાસે એક લાકડી રાખી છે, જેનો આગળનો ભાગ વળેલો છે. જ્યારે સ્થંડિલ-માત્રુ જવું હોય ત્યારે એ લાકડી ઉંચી કરી દોરીમાં ભેરવી દે, અને પછી એ દોરીના આધારે છેક વડાની રૂમ સુધી પહોંચી જાય. જ્યારે જિનાલય જવું હોય, ત્યારે એ બાજુની દોરીમાં લાકડી ભેરવી એને આધારે જિનાલય સુધી પહોંચી જાય.

(ઘ) આંખો ન હોવાથી વાંચી શકતા નથી, પણ જૂની જે ગાથાઓ ગોખી છે, એનું પુનરાવર્તન મન માં કરે. જ્યારે સમય મળે, ત્યારે માળા ગણ્યા કરે. કોઈ હાય-વોય નહીં, અપેક્ષા નહીં.

(ચ) કાપ-લુણાનું કામ પણ જાતે કરે. સાથેનો માણસ જ્યાં જરૂર પડે ત્યાં સહાય કરે. બાકી જેટલું શક્ય હોય એટલું પોતે જાતે જ કરે.

(છ) જ્યારે આંખો હતી, ત્યારે એમણે વર્ષીતપાદિ ઘણી આરાધનાઓ પણ કરી છે. કુલ ૩૯ વર્ષીતપ  છે. (મુંબઇ ના સંઘમાં ખૂબ આરાધક એક શ્રાવકની આખો જતી રહેલી, ત્યારે એક વિદ્વાન મુનિરાજે એમને હિતશિક્ષા આપેલી કે *"તમારી બહારની આંખો જતી રહી, પણ અંદરની આંખો તો છે ને ? બહારની આંખો થી જગત દેખાતું. અંદરની આંખો થી આત્મા દેખાશે..."* એ વખતે આરાધક શ્રાવકે ઉત્તર આપેલો કે *"સાહેબ ! તમારે તો માત્ર બોલવાનું છે. મારા પર શુ વીતે છે, એની તો મને જ ખબર પડે છે."*

પરિવાર સંપન્ન શ્રાવકની આ વાત સાંભળતા અહેસાસ થાય કે *"બે આંખો વિના જીવવું કેટલું બધું કપરું છે."* છતાં આ મુનિ પંદર વર્ષથી આ રીતે એકલા રહે છે. ફરિયાદ વિના જીવે છે.... એ એમની કેટલી વિશિષ્ટતા !

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-95*

# *એક અજૈન વૈદ્યનું જૈનાચાર્યના આચારોથી પરિવર્તન*

# (એક વૈદ્યના શબ્દોમાં)

આજથી પંદરેક વર્ષ પહેલાંની વાત છે. એ પૂજય આચાર્યભગવંત જૂનાગઢથી વિહાર કરીને ધોરાજી તરફ આવતા હતા, અને સાંજે પાંચ વાગ્યા પછી સખત તાવ અને ઝાડા લગભગ ૧૫ થી ૨૦ વાર થયા. *H.B.* માત્ર ૫% થઈ ગયું. સીવીયર D-હાઈડ્રેશન હતું.

રાત્રે નવ વાગે ધોરાજીના સંઘપ્રમુખ બચુભાઈ દવાવાળા અને મારા ધર્મપ્રેમી મિત્ર નારેશ માંડલીયાએ મને સમાચાર આપ્યા. 'તાત્કાલિક વૈધની = તમારી જરૂર. છે, જલ્દી આવો.'

હું ગયો અને જોયું તો પરિસ્થિતિ એકદમ કથળેલી હતી.

*'તાત્કાલિક બાટલા ચઢાવવા પડશે, ઈન્જેકશન લગાવવા પડશે.'* મેં કહ્યું.

આ વાક્ય સાંભળીને પૂજયશ્રી એકદમ ઉભા થઇ ગયા.

મને કહે *'આ લોકો એમ કહે છે કે તું વૈધ છે.'* તો અમને સાધુઓને આ હિંસક દવાનો ખપ ક્યાંથી હોય ?'

મેં કહ્યું સાહેબ ! આપની બધી વાત સાચી. પણ આગાઢ કારણમાં અને ઇમરજન્સીમાં આ દવા લેવામાં કોઈ દોષ ન લાગે. આમાં બાટલા ચઢાવવા પડે, નહીં તો તકલીફ વધી જાય.'

*'હું સવારે હોઉં કે ન હોઉં, તેની ચિંતા તારે નથી કરવાની નથી' તેઓશ્રી બોલ્યા 'તારી પાસે અણહારી કડવી કે તૂરી દવાની ફાકી હોય, તો આપ, પછી તું છુટ્ટો!'*

જીવ કરતા શિવને વહાલો કરનારા, આવું કડક આજ્ઞાપાલન કરનારા મેં પહેલા સાધુ જોયા. મેં એમને કડછાલ ચૂર્ણ આપ્યું. એ કડવું હોય છે. તાવ અને ઝાડા બંને મટાડે.

પાણી વિના જ આ દવા એક ચમચી જેટલી ચૂસી-ચૂસીને લીધી, અને સવારે પગ પર પગ ચઢાવીને બેઠા હતા.

મને કહે *'આ આયુર્વેદમાં તને શ્રદ્ધા નથી, તારાથી વધારે મને શ્રદ્ધા છે. તું જે દવા આપતો હતો, એ હિંસક દવા મેલી વિદ્યાના દેવ જેવી હતી. તાત્કાલિક સારું થાત. પણ મારા અનેક ભાવો વધી જાત.'*

એ પછી સાતેક દિવસ ત્યાં રોકાયા, ત્યારે ખબર પડી કે તેઓશ્રી ને પ્રોસ્ટેજની પણ ખૂબ જ તકલીફ છે. રાત્રે ૮-૧૦ વાર માંત્રુ જવું પડે છે, સખત બળતરા થાય, લોહી પણ પડે. તાત્કાલિક કોઈક સર્જન પાસે ઓપરેશન કરાવવાની જરૂર !

મને કહે,

*'તારી પાસે નવ દિવસ છે. આયંબીલની ઓળી સુધી અહીં છું. કોઈ દેશી દવા લાગુ પડે, તો કોશિશ કર. મારે પાપ માથે ચઢાવવું નથી. ડૉક્ટર અને વૈધ તો ઘણા છે. તારે રાત્રીભોજનનો ત્યાગ કરવો હોય, તો જ મારી દવા કરજે. નહીં તો કઈ જરૂર નથી.'*

શ્રી શાસનદેવની કૃપાથી મારુ રાત્રીભોજન ગયું. અને સાહેબજી *પુનર્નવાની* ફાંકીથી સારા થઈ ગયા.

મેં રાત્રિભોજનત્યાગની પ્રતિજ્ઞા તો લીધી. પણ તબીબી વ્યવસાય એવો કે ગમે ત્યારે વિઝીટ પર જવું પડે, અને રાત્રે ભૂખ-તરસ જાગે, ૨-૩ વર્ષતો ગમે તેમ કાઢ્યા. પણ પછી મનોબળ નબળું પડતા હું પૂજયશ્રી ને અમદાવાદ મળવા ગયો.

*'સાહેબ ! ખૂબ તકલીફ પડે છે. સારા - નરવા પ્રસંગે અને સંજોગવસાત મહિનામાં પાંચ દિવસ રાત્રિભોજનની છૂટ આપો....'* મેં કરગરીને કહ્યું.

મને કહે, *'હું જૈનાચાર્ય રાત્રિભોજનની છૂટ કેમ આપું ? તકલીફ તો કરમાનુસારે આવવાની જ. અરે, સામે થી આહ્વાન કરીને મુશ્કેલીને બોલવી લવાની....'**

મેં કહ્યું *'સાહેબજી ! સામાન્ય નહીં, વિશેષ મુશ્કેલીઓ પડે છે.'*

તો કહે *'કસોટી તો આવે જ, ધર્મ કરે એની કસોટી થાય. આજે ૧૦ વર્ષથી દેવો મારી કસોટી કરે છે. આટલા તપ પછી આ ઉંમરે જો મારી પણ કસોટી થાય, તો ક્યાં તારું તપ ને ક્યાં તારી ઉંમર !'*

બસ એ પછી અખંડપણે પ્રતિજ્ઞા પાળી રહ્યો છું. ભૂખ-તરસ ભુલી ગયો છું.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*        *અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-96*

# Part - 1

# *જનનીની જોડ સખી નહિ જડે રે લોલ...*

*"સાધ્વીજી ભગવંત આ મારો બાર વર્ષનો દીકરો છે. થોડાક જ સમય પહેલા એને માંદગી આવી, છેવટે રીપોર્ટ કરાવતા ખ્યાલ આવ્યો કે એને છેલ્લા સ્ટેજનું કેન્સર થયેલું છે. એ હવે વર્ષો તો નહિ જ, પણ મહિનાઓ કાઢે તો ય ઘણું છે."*

મુંબઈ મોહમયી નગરીના એક ઉપાશ્રયમાં સાધ્વીજી ભગવંત પાસે દીકરા સાથે વંદન-દર્શન માટે પહોંચેલી આધુનિક જમાનાની છતાં ધર્મના રંગે રંગાયેલી એક માતાએ ભીના સ્વરે પોતાના લાડીલા દીકરાના મૃત્યુની આગાહી કરી દીધી.

મુખ્ય સાધ્વીજી ભગવંત અવાચક બની ગયા. શું જવાબ આપવો ? શું આશ્વાસન આપવું ? એ સમજી ન શક્યા. પણ સાધ્વીજી કંઈ બોલે, એ પૂર્વે જ એ મમ્મી બોલવા લાગી.

*“સાહેબજી મારા ઘરે આવેલો આ આત્મા કોઈપણ ભોગે દુર્ગતિમાં તો ન જ જવો જોઈએ. મારી આ એક જ ભાવના છે. મારો દીકરો તો મારે ગુમાવવો જ પડવાનો, પણ દીકરો સદગતિ ન ગુમાવી દે એ મારી ઈચ્છા છે. હું આપની પાસે એ માર્ગદર્શન લેવા આવી છું કે હું એવું શું શું કરું કે જેથી આ છેલ્લા દિવસો - મહિનાઓ મારો દીકરો અત્યંત ધર્મમય જીવન જીવીને સદગતિને પામે...”* બહેન બોલ્યા અને વહાલથી એમનો હાથ દીકરાના મસ્તકે, પીઠ પર ફરવા

લાગ્યો. શબ્દોમાં વેદના, ખુમારી, લાગણી... બધું જ ભેગું હતું.

સાધ્વીજી બોલ્યા, *“તમારી ભાવના અતિ-ઉત્તમ છે. પણ એ માટે હવે તમારે સખત ભોગ આપવો પડશે. પહેલી વાત તો એ કે હૈયું પત્થર જેવું કઠોર બનાવવું પડશે, રડવાનું નહિ, દીન બનવાનું નહિ, પૂરી મક્કમતા રાખવાની. આ મંજુર કરો. બાધા લો, પછી બીજી વાત !'”*

To be Continued in Part - 2

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# *પ્રસંગ-97*

# *Part-2*

# *Continued From Part 1*

*“કબુલ છે, સાહેબજી માનું હૈયું છે, એટલે દીકરાની વધતી જતી એ વેદનાઓને શી રીતે મુંગા મોઢે કે હસતા મોઢે જોઈ શકે. છતાં આપી દો બોધા ! એના પ્રાણ નીકળ્યા બાદ જ મારી આંખોમાંથી આંસુ ટપકશે. એ પૂર્વે કદાપિ નહિ.”*

સાધ્વીજીએ બાધા આપી, અને એ પછી આરાધનાઓ સુચવી.

*“નિત્ય અષ્ટપ્રકારી પૂજા-પુણ્યપ્રકાશનું સ્તવન સારા પુસ્તકોની વાતો કહેવી મરણ વખતે પ્રસન્ન રહેનારા મહાપુરુષોની કથાઓ કહેવી... રોગ આગળ વધે અને છેલ્લે પથારીવશ બનવાનું થાય, તો ઘરે એક રૂમમાં ચારેબાજુ તીર્થના-પ્રભુજીના મોટા ફોટાઓ લગાડી દેવા. એને સતત એના દર્શન થયા કરે, એની પ્રસન્નતા - સમાધિ વગેરેને બિલકુલ બાધ ન આવે, એ રીતે કરવું”*

બહેને ઘરે જઈને પતિને કહી દીધું *“જયાં સુધી મારો દીકરો જીવતો છે, ત્યાં સુધી હું તમારા માટે મરી ગયેલી છું, એમ જ સમજશો, સામાજિક કે અન્ય કોઈપણ બાબતમાં બિલકુલ મારી અપેક્ષા રાખતા નહિ, મારા ચોવીસ કલાક હવે મારા દીકરાની પરલોકની આરાધના માટે છે.”*

અને બહેનની એ અભૂતપૂર્વ સાધના શરુ થઈ. દીકરાને પોરસ ચડાવે. *‘મોત સાથે ભેટવામાં ખૂબ મજા છે, તારે હવે ભગવાનને મળવા જવાનું છે.'* વગેરે વગેરે કહે, ઉત્તમોત્તમ કોટિના દ્રવ્યોથી પૂજા કરાવે, સાધુ-સાધ્વીઓના દર્શન-વંદન કરાવે, ઘરે સંયમીઓને ગોચરી માટે બોલાવી લાવે,

અને ભરપૂર ભક્તિભાવ સાથે દીકરાના હાથે જ સુપાત્રદાન કરાવડાવે. મા પુત્રમય બની ગઈ.

દિવસો વીતતા ગયા, તબિયત લથડવા લાગી પથારીવશ બનવું પડ્યું, બહેને ઘરમાં જ એક રૂમમાં ચારે બાજુ ફોટાઓ લગાડી દીધા. દીકરાની બરાબર સામે શ્રી શંખેશ્વર

પાર્થનાથપ્રભુનો મોટો ફોટો લગાવી દીધો.

બહેને રૂમની બહાર બોર્ડ લગાવી દીધું......

To be Continued in Part - 3

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-98*

# *Part-3*

# *Continued(Prasang 96)*

બહેને રૂમની બહાર બોર્ડ લગાવી દીધું

*‘Please રડનારા, ઢીલી વાત કરનારાઓએ રૂમમાં પ્રવેશ કરવો નહિ.'*

અને ખરેખર બહેન મક્કમ બનીને આ શરતનું પાલન કરાવતા. કોઈક અંદર ગયા પછી રડે, *‘અરેરે ! બિચારો છોકરો આટલી નાની ઉંમરે...'* એમ ઢીલા વચનો બોલે, તો લાલ આંખ કરીને સ્પષ્ટ શબ્દોમાં કહી દે ‘તમે બહાર નીકળી જાઓ. મારા દીકરાને લેશ પણ દુર્ધ્યાન થાય, એવું અહીં નહિ ચાલે.'

લોકોને ખોટું લાગવાની ફિકર કર્યા વિના જ એકદમ સખત બનીને બહેન નિર્ણય લેવા મંડ્યા.

અંતિમ દિવસ....

બહેનને અંદાજ આવી ગયો. કેન્સરની પીડા હદ વટાવી રહી હતી. બહેને એક પળ પણ દીકરા પાસેથી દૂર ન થવાનો સંકલ્પ કરી લીધો.

*'જો બેટા ! આંખ ઉઘાડીને જો પાર્શ્વદાદા તને બોલાવે છે, હવે રડતો નહિં. હસવા લાગ. પ્રભુ કેવા હસે છે ? એમ તારે પણ હસવાનું. આજે તારે પ્રભુ પાસે જવાનું છે.’*

ખરેખર બહેનની મહેનત લેખે લાગી, દીકરો આંખો ઉઘાડી પ્રભુ સામે જોઈ રહ્યો. પ્રસન્નતા એના મુખ પર ભરચક પીડા વચ્ચે પણ દેખાવા લાગી.

*चत्तारि मंगलं....* નો ગંભીર નાદ ગુંજવા લાગ્યો, દીકરાએ પોતાની મેળે જ બે હાથ જોડી દીધા. બહેન(મમ્મી) ની નજર સતત એના મુખ પર હતી, પળ પળ નો હિસાબ ચાલતો હતો. ત્યાં જ એક ડુચકું આવ્યું, તીવ્ર વેદના ઉપડી....

ત્યાં જ એજ ડૂસકું સંભળાયું, બહેને પાછળ ધારદાર નજર નાંખી, જોયું તો પોતાનો પતિ, દીકરાનો બાપ દીકરાની આ હાલત સહી ન શકાવાથી રડી પડેલો, પણ બહેનની તીવ્ર નજરમાં પતિએ આદેશ વાંચી લીધો ‘એક સેકન્ડમાં બહાર નીકળી જાઓ. તમારા લીધે દિકરાનો પરલોક બગડશે.’ અને પતિ બહાર જતો રહ્યો.

*चत्तारि सरणं पवज्जामि.....* બહેનના મધુર શબ્દો..... બીજી આંચકી..... *अरिहंते सरणं.....* ત્રીજી આંચકી..... દીકરાની પ્રભુ સમક્ષ ખુલ્લી આંખો, બે હાથ જોડેલા અને પ્રાણ નીકળી ગયો.

એક-બે પળ, બહેન શાંત બેસી રહ્યા. દીકરાની બે આંખો બંધ કરી દીધી. અને મહિનાઓથી રૂંધી રાખેલી અશ્રુધારા બારે ખાંગે વરસી પડી.

‘દીકરો સદગતિ પામ્યો..... સમાધિમરણ પામ્યો.....’ એના હર્ષાશ્રુ અને માતૃત્વથી પ્રેરાયેલા સ્નેહરાગભીના વિયોગાશ્રુ!

બધાએ એમને રડવા દીધા, પતિ ભીની આંખે પાછો ફર્યો, સહુના મન માં એક જ વિચાર ! *“માં મળો, તો આવી !”* એ બહેન સહુને આજે વંદનીય, પૂજનીય લાગ્યા.

(લૌકિક જગતમાં ‘માતાની જોડ ન જ મળે' એમ કહ્યું છે. પણ ત્યાં માતાના લૌકિક ઉપકારોને નજર સામે રાખીને આ શબ્દો વપરાયા છે. લોકોત્તરશાસન એટલું જ કહે છે કે જો મમ્મી સંતાનોને ધર્મમાર્ગે વાળી, આ રીતે ઉત્કૃષ્ટ કક્ષાનું સમાધિમરણ અપાવે, તો અમે પણ એ બોલવા તૈયાર છીએ કે *જનનીની જોડ સખી !....*)

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# *પ્રસંગ-99*

# *બીજા ના ભાવોને સાચવો....*

'સાહેબજી ! આપનો તો અમને લાભ જ મળતો નથી. અમારી ગોચરી મોડી આવે છે, અને ત્યાં સુધીમા આપની ગોચરી તો વપરાઈ જાય છે.....' નિર્દોષ ગોચરીના આગ્રહી એક તપસ્વી મુનિરાજે એક વિદ્વાન આચાર્ય ભગવંતને લાવેલી ગોચરી બતાવતા બતાવતા ખરેખર સાચાભાવથી ખેદ વ્યક્ત કરતા કરતા ઉપર મુજબ શબ્દોચ્ચાર કર્યો.

એ દિવસ હતો ચૈત્ર સુદ-૨ વિ.સં. ૨૦૬૯ !

સ્થાન હતું ભીલડીયાજી તીર્થ !

એક સમુદાય ના આઠ અને અન્ય સમુદાય ના ચાર.... એમ બારેક મુનિઓ વિજયભગદ્ર.... માં રોકાયેલા હતા. માંડલી વ્યવહાર સાથે જ હતો, પણ ત્રણેક મુનિવરો જૈનેતરોની નિર્દોષ ગોચરી વાપરતા. બીજા બધાને દૂર સુધી જૈનેતરોમાં જવાની અનુકૂળતા ન હોવાથી અને ઉનાળો પણ ભારે હોવાથી તેઓ ભોજનશાળાની મિશ્રકક્ષાની ગોચરી વાપરતા.

ભોજનશાળાની ગોચરી ૧૨:૩૦ આસપાસ આવી જાય, ૧ વાગ્યા સુધીમાં એ ગોચરી પુરી થવા આવે, ત્યારે જૈનેતરોમાં જતા મુનિવર નિર્દોષ ગોચરી લઇ ને આવે..... આ રીતે બે માંડલી આગળ-પાછળ થઈ ગયેલી.

મુનિવરને એવી ભાવના ખરી કે પૂ. આચાર્ય ભ. ની ભક્તિનો લાભ મળે..... પણ એ આવે ત્યારે તો પૂ. આચાર્ય ભ. ની ગોચરી પુરી જ થઈ ગઈ હોય....

એટલે આજે સહજ રીતે મુનિ ના મુકેથી પશ્ચાતાપના શબ્દો સરી પડ્યા.

પૂ. આચાર્ય ભ. ની ગોચરી થઈ ગયેલી, મંજન પણ કરી લીધેલું.... છતાં એમને ચેતનો ખોલીને સીંગદાણાનો એક દાણો પોતાના મોઢામાં મૂકી દીધો. પેલા મુનિના ભાવ સાચવવા માટે.... અને આંખથી જ જવાબ આપી દીધો *'હવે તો સંતોષ ને.....'*

પૂ. આચાર્ય ભ. ના ગયા બાદ એમના શિષ્ય એ કહ્યું *'મુનિવર ! તમારો પ્રચંડ ભાગ્યોદય કહેવાય. બાકી અમારા ગુરુદેવ મંજન થઈ ગયા બાદ ક્યારેય પણ એકપણ દાણો મોઢામાં ન નાંખે. એમને ઓપરેશન કરાવેલું છે દાંતનું ! એટલે ડોક્ટરે સ્પષ્ટ સૂચના કરી છે કે રોજ ખાધા પછી મંજન કરી લેવાનું. નહિ તો જો દાણો ફસાશે, તો વળી પાછી ઉપાધિ થશે..... એટલે મંજન બાદ ભાતનો દાણોય મોઢામાં ન નાંખે.... પણ તમારા ઉછળતા ભક્તિભાવ સાચવવા સંગીનો કડક દાણો લઇ લીધો.....*

પેલા મુનિને ખૂબ આનંદ થયો.

સાંજે બધા વંદન માટે ભેગા થયા,

ત્યારે મુનિએ પૂ. આચાર્ય ભ. ની પ્રશંસા કરી. *'આપે મારા ભાવ સાચવવા ખાતર આ રીતે કર્યું, ખૂબ અનુમોદના !'*

એ વખતે આચાર્યશ્રીએ નિખાલસતા સાથે જવાબ આપ્યો *'જુઓ મહારાજ ! મને કશી તકલીફ પડે એમ નથી. દાંતમાં દાણો ભરાય, તો તકલીફ પડે. દાણો ક્યારે ભરાય ? એને ચાવીએ તો ને ? મેં ચાવ્યું જ નથી, એમને એમ દાણો ગળી જ ગયો છું. એટલે બે ય કામ થઈ ગયા. તમારી ભાવના પણ સચવાઈ ગઈ.*

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*     *અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-100*

# *પોષ મહિનાની* થીજવી નાખતી ઠંડીમાં..

અમે *અમદાવાદ તપોવન* માં હતા.

ચારે બાજુ ખુલ્લી જગ્યા હોવાના કારણે શહેર કરતા તપોવનમાં ૨૦% ઠંડી વધારે લાગે.

આખો દિવસ કામળી ઓઢીને જ બેસવાનું મન થાય.

ગોચરી વખતે કે પડીલેહણ વખતે વસ્ત્રો ન પહેરીએ એટલું જ!

એવા વખતે રાત્રે તો કેવી ઠંડી લાગે.?

અમે ઉપાશ્રયમાં પણ એક રૂમમાં સંથારો કરતા,

ઉપાશ્રયના અને આ રૂમના તમામ બારી - બારણાં બરાબર બંધ રાખતા.

રૂમમાં નીચે લાકડું હોવાથી ઠંડી ઓછી થતી,

છતાં એકાદ ધાબળો પાથરવામાં અને એકાદ ધાબળો ઓઢવા માટે તો અવશ્ય લેવો પડતો. એ પછી પણ ટૂંટિયું વાળીને ઊંઘવાનું થતું.

આવી પરિસ્થિતિમાં એક પ્રભાવક પન્યાસજી ભગવંત બહાર હોલ માં સંથારો કરતા.

નીચે લાકડાને બદલે કોટાસ્ટોન (લાદી) હોવાથી ઠંડી પુષ્કળ લાગે, છતાં એ પૂજનીય પન્યાસજી માત્ર સંથારો અને ઉત્તરપટ્ટો જ પાથરતા. ઓઢવામાં માત્ર કામળી જ વાપરતા. *ધાબળો એક પણ નહીં.*

અમે ઘણી વાર વિનંતી કરી કે "આપ રૂમ માં આવી ને સંથારી જાઓ." પણ તે કહે "મને કોઈ તકલીફ નથી. તમને રૂમ જરૂરી છે, તો તમે ખુશીથી ત્યાં આરામ કરો."

વળી રાત્રે ઊંઘ ઓછી થાય, ને એટલે દિવસે એક - બે કલાક ઊંઘી જાય એવું પણ એ ના કરતા. દિવસે માંડ ૨૦ મિનિટ આરામ કરે. બાકી આખો દિવસ પાઠ આપવા આદિ માં પસાર કરે.

બીજા એક મુનિ તો માત્ર ને માત્ર કપડો જ ઓઢે છે. કામળી પણ ઓઢતા નથી.

*દેહ પ્રત્યેની મમતા કેટલી બધી ઘટાડી દીધી હશે આ મહાત્માઓએ..!!*

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# *પ્રસંગ-101*

# *મોટાઓ ની મોટાઈ*

# (એક મુનિએ જણાવેલ પોતાનો અનુભવ)

મારા ગુરુજીને ભગવતીજીના જોગ ચાલે. સુરત થી પાછા અમદાવાદ જતા હતા. ગુરુજીને ક્રિયા કરાવવા માટે વિહારમાં વડીલ પદવીધરની નિશ્રા જરૂરી હતી. એટલે અમે યોગીપુરુષ તરીકે પ્રસિદ્ધિ પામેલા આચાર્ય ભગવંતની સાથે જ વિહાર કરતા. બે આચાર્ય ભગવંતો સાથે હતા.

પાલેજનો ઉપાશ્રય લાંબો ઘણો અને પહોળાઈ ઓછી !

વિહાર કરતા કરતા અમે પાલેજ પહોંચ્યા, એક દિવસ ત્યાં રોકાયા.

બીજા દિવસે વહેલી સવારે વિહાર ! યોગીપુરુષ ઉપાશ્રયના એક છેડે થી બીજા છેડા સુધી પહોંચી ગયા હતા, વિહાર માટે નિચે જ ઉતરતા હતા, ત્યાં અચાનક જ એમને કંઈક યાદ આવ્યું એટલે અટકી ગયા. પોતાના ગુરુભાઈ-વડીલ આચાર્યશ્રી માટે એમને ઉપયોગ આવ્યો.

*“મોટા સાહેબ નીચે ઉતરી ગયા ?”* એમણે શિષ્યને પ્રશ્ન કર્યો.

*“ના જી ! આપ પધારો. અમે એમને લઇ આવીએ છીએ.”* શિષ્ય બોલ્યો.

પણ યોગીપુરુષ તો એક પણ શબ્દ બોલ્યા વિના પાછા ફર્યા, લાંબો હોલ ચાલી ને છેક બીજા છેડે પહોંચ્યા, *“સાહેબજી ! તૈયાર થઈ ગયા છો ?”* મીઠાશપૂર્વક પૂછ્યું. પછી જાતેજ પોતાના હાથનો ટેકો આપીને મોટા આચાર્યશ્રી ને ઉભા કર્યા, અને એમને પોતાના હાથનો ટેકો આપીને ચાલવા લાગ્યા.

હું તો આ જોઈને આશ્ચર્ય પામ્યો. યોગીપુરુષ ખુદ એક આચાર્ય હતા. મહાપુણ્યશાળી હતા, મોટા આચાર્ય એમના ગુરુ ન હતા, માત્ર મોટા ગુરુભાઈ હતા અને વિશેષ કોઈ પ્રભાવક પણ ન હતા. વળી યોગીપુરુષની ઉંમર પણ ૬૫ આસપાસની તો ખરી જ ! એ કંઈ જુવાન ન હતા.

છતાં મોટા આચાર્ય માટે પાછા ફરવું, શિષ્યથી કામ પતિ શકતું હોવા છતાં સ્વયં આવો વિનય કરવો... આ બધું મારા માટે તો આશ્ચર્ય જ હતું.

*‘એ યોગીપુરુષ કેમ બન્યા છે ?’* એ હવે મને સમજાયું.

પછી તો મેં ઘણીવાર ઝીણવટપૂર્વક એમની પ્રક્રિયાઓ નિહાળી. એમાં આંખે ઉડીને વળગે એવી એક વાત એ કે યોગીપુરુષ વિહારનો જે કાર્યક્રમ રોજેરોજ નક્કી થયો હોય, એ મોટા આચાર્યને જણાવવા માટે જાય. જાતે પોતાની પાટ ઉપરથી ઉભા થઇ મોટા આચાર્ય પાસે જાય, જે કાર્યક્રમ નક્કી થયો હોય એ જણાવે *“ફાવશે ને ?”* એમ પૂછી લે, મીઠાશ તો જબરદસ્ત !

ફરી યાદ કરવું કે મોટા આચાર્યશ્રી સંયમી ખરા ! પણ ભક્તબળવાળા નહિ. શાંત ! પ્રશાંત ! જેમની નોંધ કદાચ મારા જેવા ય વધારે ન લે, એવું વ્યક્તિત્વ ! છતાં યોગીપુરુષની આ મુઠ્ઠી ઉંચેરી ગુણવત્તાએ મારુ હૈયું ચોરી લીધું.

પેલા મોટા આચાર્ય પણ ખૂબ જ ગુણવાન ! એમનો અનુભવ પણ મને આ જ વિહાર દરમ્યાન થયો.

બન્યું એવું કે *“મોટા આચાર્યશ્રીના શિષ્યોની એવી ઈચ્છા કે પાલીતાણા જઇ આવીએ, ત્યાંથી અમદાવાદ જશું.”* યોગીપુરુષ ને તો પાલીતાણા જવું આવશ્યક હતું જ. પણ મોટા આચાર્યશ્રીને વિહારમાં તકલીફ વધુ પડતી. એટલે એમની ઈચ્છા એવી હતી કે *“હું સીધો અમદાવાદ પહોંચું. તમે વડોદરાથી પાલીતાણા જઈને અમદાવાદ આવો.”*

પણ જેવી મોટા આચાર્યશ્રીને ખબર પડી કે *“મારા શિષ્યોની ભાવના પાલીતાણાની છે,”* કે તરત જ એમને પાલીતાણા જવાનું નક્કી કરી લીધું.

મેં એમને પૂછ્યું પણ ખરું *“સાહેબજી ! આપને તો હેરાનગતિ વધશે.”* તો મને કહે *“સહાય કરે અને સહન કરે એ સાધુ ! મારા શિષ્યોની ભાવનાને પૂર્ણ

કરવામાં સહાય કરું તો જ સાચો સાધુ ! એ માટે થોડીક તકલીફ સહન કરું તો જ હું સાચો સાધુ ! જો હું અમદાવાદ સીધો જ જાઉં, તો મારા શિષ્યોએ પણ અમદાવાદ જ આવવું પડે. તેઓ કંઈ ના નથી પાડવાના, પણ મારે મારી ફરજ નિભાવવી જોઈએ ને !*

*શિષ્યો મારી મન મુકીને સેવા કરે છે, તો એમની એકાદ ઈચ્છા પૂરી કરવી એ શું મારી ફરજ નથી ?"*

હું તો આભો જ બની ગયો.

નહિ ગુરુપદનો કેફ !

નહિ સ્વાર્થવૃત્તિની દુર્ગંધ !

નહિ આવેશનો દાવાનલ કે નાનો અગ્નિકણ !

જિનશાસન સર્વોત્કૃષ્ટ શાસન છે એમાં હવે આશ્ચર્ય જ શુ ?

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-102*

# *એક મુનિરાજની ૧ વર્ષના દિક્ષાપર્યાયની સ્વાધ્યાય-સાધના*

ઉંમર માત્ર ૧૯ વર્ષ !

દીક્ષા બાદ ૧ માસના દસ વૈ. ના જોગ !

એ પછી ઉનાળામાં જ અઢીસો કિ.મી. નો વિહાર !

એ પછી ચોમાસુ અને એ પછી પોતાની વાર્ષિક પ્રથમ દિક્ષાતિથી !

આવી પરિસ્થિતિમાં કેટલો અભ્યાસ થઈ શકે ? કેટલો કર્યો ? એ જોઈએ

(૧) સંસ્કૃતની બે બુક.

(૨) સકલાર્હત્ + ભક્તામર + કલ્યાણ મંદિર + રઘુવંશ + કીરાત + શિશુપાલક + નૈષધ.... એ સાત કાવ્યો....

(૩) દસ વૈ.સમુતિસાધુની ટીકા (૬૦%થઈ, પછી બીજો વિષય ચાલુ થવાથી અટકી...)

(૪) ઉપદેશમાલા - સિદ્ધિર્ષિગણિ ટીકા...(૫૪૪ ગાથાનો વિરાટ ગ્રંથ, ટીકા કપરી....)

(૫) તર્કસંગ્રહ - પ્રત્યક્ષખંડ

(૬) મુક્તાવલિ -પ્રત્યક્ષ + અનુમાન બે ખંડ...

(૭) અનુયોગ દ્વાર - મલધારી હેમચંદ્રસુરીજીની ટીકા.

(૮) આરાધક-વિરાધક ચતુર્ભંગી.

(૯) કૂપદ્રષ્ટાન્ત વિશદીકરણ

(૧૦) ચાર પ્રકરણ + ત્રણભાષ્ય (પૂર્વે કરેલા, તે પુનઃ કર્યા)

(૧૧) ધર્મબિન્દુ (સાધુ-અધિકારના અધ્યાયો...)

(૧૨) પિંડનિર્યુક્તિ (૭૦% જેટલી બાકી....)

(૧૩) ઓઘનિર્યુક્તિ (હાલ ભણવામાં ચાલુ....)

(૧૪) સમાચારી પ્રકરણ (મહોપાધ્યાય યશોવિજયજી મ. નો સુંદર + કઠિનગ્રન્થ.....)

આ મુનિવરનો ક્ષયોપસમ તીવ્ર છે કે ખૂબ મહેનત કરે છે... એવું લગીરે ન માનશો. કેમકે ૧ વર્ષમાં એમને કુલ ૧૨૦૦ આસપાસ જ ગાથા ગોખી છે. દિવસની પાંચ પણ નહિ. એકાદ કલાકમાં એ માંડ ત્રણ-ચાર કે પાંચ ગાથા ગોખી શકે છે, વધારે નહિ.

અને એમના ગુરુ વારંવાર પ્રેરણા કરે, ત્યારે વગર વિહારે પણ ૨૪ કલાકમાંથી વધી વધીને દસ કલાક જ અભ્યાસ થાય છે.... એ પણ સતત નહિ. મોટા ભાગે વિહાર વિના આઠેક કલાક ! વિહાર હોય તો પાંચેક કલાક !

આ તમામ ગ્રંથો ભણાવી પણ શકે, નવું હોવાથી ભૂલો ભલે પડે,.... પણ ભય નહીં.

આ સ્વાધ્યાયસાધના સાથે સંયમસાધના પણ એકંદરે સાચવી છે.

★ કાયમ એકાસણા.... (માંદગીના દિવસો બાદ... પણ એવા પાંચેક...)

★ છેલ્લા ચારેક માસથી દર ચૌદશે ઉપવાસ, પારણે સવારે માત્ર સૂંઠ-ગોળનો નિર્દોષ ઉકાળો !

★ કોઈપણ ગામમાં જૈન-જૈનેતર બધે નિઃસંકોચ ગોચરી જઈ શકે, એમને એકપણ ઘર બતાવવા ન પડે, એ પોતાની મેળે જ બધું શોધી લે.

★ ગુરુ જે આપે, એ જ વાપરે, વસ્તુનું પ્રમાણ કે વસ્તુની choice બંને સ્વયં નક્કી ન કરે. ગુરુએ કહ્યું કે 'સાદી વસ્તુમાં તમારે જ નક્કી કરવાનું....' ત્યારથી એમ કરે. પણ મિષ્ટાદિમાં કદી મંગાવવાનું નહિ.... બધું ગુરુના માથે !

★ ગુરુ સંથારો ન કરે, ત્યાં સુધી જાગતા રહે. ગુરુને ઘણીવાર મિટીંગમાં ૧૧/૧૨ પણ વાગે, તો પણ પોતે બેઠા જ રહે. છેવટે ગુરુએ ઠપકો આપીને આ રીત બંધ કરાવવી પડી. છતાં મોટા ભાગે તો આ આચાર પાળે જ છે.

★ એકપણ ગૃહસ્થ સાથે પરિચય કરવાનો વિચાર સુદ્ધા પણ નહિ. સંયમ+સ્વાધ્યાય સિવાય ૨૪ કલાકમાં વિકથાના સાધનભૂત એકપણ આવી વસ્તુ નહિ.... ન ગૃહસ્થપરિચય.... ન છાપા..... ન મેગેઝીનો......

C.A. ની C.P. T. ની પરીક્ષામાં ૧૫૩ માર્કસ લાવી આખા ભારતમાં ૩૯માં ક્રમે આવનાર. કરાટેમાં બ્લેક બેલ્ટસુધીની સિદ્ધિ પ્રાપ્તકરનાર, કોમ્પ્યુટરમાં માસ્ટરી મેળવનાર આ યુવાન આજે તો મુનિરાજના વેશમાં સાવ સીધુ-સાદું જીવન જીવીને એક એવો આદર્શ સ્થાપિત કરી રહ્યા છે કે જીવન પરિવર્તન માટે માત્ર દ્રઢ સંકલ્પપૂર્વરના સમ્યગ્ પુરૂષાર્થની જરૂર છે. માણસ ધારે, તો પળવારમાં ઇતિહાસ બદલી શકે છે. રચી શકે છે. સુધારી શકે છે.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

*અહો જિનશાસનમ્!!*

# *પ્રસંગ-103*

# *Part - 1*

# _*—:કથિર માંથી કંચન બની શકે છે. :—*_

*“बेटा ! गाड़ी आ चुकी है, तू अभी तक सो रहा है । मजूरी ऐसे तो नही होगी ।”*

*હૈદરાબાદના* સ્ટેશન ઉપર એક મારવાડી શેઠ સ્ટેશન પર રહેલા બાકડા ઉપર ઊંઘેલા એક મજૂર બાળક ને ઉઠાડી રહ્યા હતા.

આજથી ૫૦ વર્ષ પૂર્વેનો આ તદ્દન સાચો પ્રસંગ !

રાત્રે ૧૨ વાગે શેઠ પોતાના પરિવાર સાથે સ્ટેશન પર ઉતાર્યા. બધો સામાન ઘોડાગાડી સુધી લઈ જવા માટે મજૂરની શોધ કરવા લાગ્યા, પણ અડધી રાતે મજૂર-કુલી કોઈ નજરમાં ન આવ્યો. શેઠ મૂંઝાયા, સામાન ઘણો હતો અને શ્રીમંતાઈમાં ઉછરેલો પરિવાર જાતે આ સમાન ઉચકવાદિ કામ માટે અશક્ય પણ ખરો.

ત્યાં વળી સ્ટેશન ના એકાદ માણસને કુલી અંગે પૂછપરછ કરતા એ ભાઈએ કહ્યું કે *“આ બાકડા પર ઊંઘેલો નાનો છોકરો કુલીનું કામ કરે છે એને ઉઠાડો. એ તમારું કામ પતાવી દેશે.”*

શેઠે એને ઉપર મુજબ કહી ને ઉઠાડ્યો.

આંખ ચોળતો ચોળતો એ છોકરો તરત ઉભો થયો.  *“शेठजी ! माफ करना, जरा निंद जोर से आ गई, इसलिए गाड़ी आ गई, वो भी मालूम नहि पड़ा । फरमाइए, कौन सा सामान उठाना है ।”*

શેઠે સામાન બતાવીને કહ્યું કે *“घोड़ागाड़ी तक उसे ले जाना है, बोल कितनी मजूरी लेगा ।”* “शेठ ! आप जो देंगे, वो ले लूंगा ।”* છોકરાએ નમ્રતાથી જવાબ દીધો. પણ શેઠ જમાનાના ખાધેલ હતાં. આ બધી બાબતમાં પાછળથી ઝગડા થાય એના કરતાં પહેલેથી જ ચોક્કસ રકમ નક્કી કરી લેવામાં આવે તો પાછળથી ઝંઝટ ન રહે. એટલે શેઠે ફરી કહ્યું *“ऐसे नहीं पक्की मजूरी बोल दे, बाद में झंझट नहि ।”*

પણ છોકરાએ પણ મીઠાશથી જવાબ દીધો.

*To Be Continued In Prasang 104*

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

# પ્રસંગ-104

# Part - 2

# Continued From Prasang 103

પણ છોકરાએ પણ મીઠાશથી જવાબ દીધો.

"शेठजी आप कम थोड़े ही देंगे ? आप जो देंगे, मुझे मंजूर है, आप चिंता मत कीजिये ।" અને શેઠે વિશ્વાસ મૂકી બધો સામાન ઊંચકાવડાવ્યો. છોકરાએ ઝડપથી બધી સમાન ઘોડાગાડી સુધી પહોંચાડ્યો. ઘોડાગાડીમાં ચઢાવી દીધો.

છોકરાની હોંશિયારી, નમ્રતા જોઈ મારવાડી શેઠ એના તરફ આકર્ષાયા. "આને મારા ઘરે રાખી લઉં, તો ઘણો કામ આવે..." શેઠની અનુભવી આંખો રત્નને પારખી ચુકી હતી.

"देख बेटे ! मेरा घर छोटी गली में है । गली के अंदर घोड़ागाड़ी नहि जा शकती । तू एक काम करेगा ? मेरे साथ ही घोड़ागाड़ी में बैठ जा, गली के बाहर घोड़ागाड़ी खड़ी रहेगी, वहां से घर तक ये सामान फिर से उचकना पड़ेगा । करेगा ये काम ? मजूरी पूरी दूंगा ।" શેઠે વિનંતિ કરી.

છોકરાએ જવાબ દીધો. "अरे शेठ ! मैं काम करने के लिए ही तो हु । चलो, में साथ आता हूं ।"

રસ્તામાં શેઠે છોકરાને બધું પૂછી લીધું કે "એ ક્યાં રહે છે, સ્ટેશન પર કેટલો સમય મજૂરી કરે છે ? ક્યાં જમે છે ? મજૂરીના પૈસા ક્યાં રાખે છે ? માં-બાપ ક્યાં રહે છે ?"

આ બધા જ પ્રશ્નોના જવાબો છોકરાએ કંઈક ઉદાસ બનીને આપ્યા. કારણ કે એની હાલત સારી ન હતી.

એ બોલ્યો "शेठजी ! मेरा कोई घर नहि है । मैं अनाथ हूं । न मेरे मा-बाप है, न मेरे भाई-बहन । मै कौन था, वो भी मैं नहि जनता ! मैं किस तरह बड़ा हुआ ये भी मुझे मालूम नहि है । जब से मैं अक्कलमंद हुआ हूं, रात को स्टेशन के बाकडे पर सो जाता हूं, जो कुछ पैसे बचत होते है, वो स्टेशन मास्टर को दे देता हूं, वो भला आदमी है, मेरे पैसे वो संभालते है ।"

છોકરાની વાતો સાંભળી શેઠની આંખમાં આંસુ આવી ગયા. કોણ જાણે આવા અનાથ જીવો તો કરોડોની સંખ્યામાં આ ધરતી પર હશે. શુ એમની દર્દનાક જિંદગી !

શેઠે કહ્યું "देख बेटे ! तू मेरे घर पे रहेगा ? घर के काम करना, मैं तुझे बड़ा पगार दूंगा...."

છોકરો કહે "मैं तैयार हूं, परंतु आप को स्टेशन मास्टर की संमति लेनी पड़ेगी । वो मेरे पिता समान है ।"

શેઠ બે-ત્રણ દિવસમાં જ સ્ટેશનમાસ્ટર ને મળી ને બધી વાત કરી. સ્ટેશનમાસ્ટર તો ખુશ થઈ ગયા. એ જાણતા હતા કે "કુલીની જિંદગીમાં છોકરાનો વિકાસ કશો થવાનો નથી. એના બદલે આ મારવાડી શેઠને ત્યાં રહે તો એનું ભાગ્ય ઉઘડી જાય..." એમણે રજા આપી. છોકરાને ખાનગીમાં લઈ જઈને સૂચના આપી કે "शेठ के घर मे बहोत सारी अच्छी अच्छी चीझ इधर-उधर पड़ी हुई भी तुझे देखने को मिलेगी, लेकिन कभी भी मन बिगड़ना मत, अपने हाथों को अपवित्र करना मत, प्रमाणिकता को गुमाना मत । काम करने में कभी गलती हो जाय, नुकसान हो जाय, तो कभी भी जुठ मत बोलना, सच्ची बात बता देना । शेठजी को हंमेशा वफादार रहना ।"

અને એ છોકરાની મારવાડી શેઠના ઘરે નવી જિંદગી શરૂ થઈ.

To be Continued in Prasang 105

અહો જિનશાસનમ્!!

From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto

Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms

# *પ્રસંગ-105*

# *Part-3*

# *Continued From Prasang 104*

અને એ છોકરાની મારવાડી શેઠના ઘરે નવી જિંદગી શરૂ થઈ.

કામ કરવાનો ઉત્સાહ, પ્રામાણિકતા, મોઢાની મીઠાશ..... શેઠ અને એમનો પરિવાર છોકરા પર ખુશ ખુશ થઈ ગયો.

શેઠના ઘરની નજીકમાં જ દેરાસર-ઉપાશ્રય ! ચોમાસામાં ત્યાં સાધુ ભગવંતો પધાર્યા. હવે તો અવાર નવાર સાધુભગવંતો ધાર્મિક શેઠને ત્યાં વહોરવા આવે. આ છોકરાને અનેકવાર ગોચરી વહોરાવવાનો લાભ મળે. એને તો આ બધું ખૂબ ગમે. પછી તો ઘરે કોઈ હાજર ન હોય તો પણ પોતે જાતે જ ઘરે આવેલા મુનિઓને વ્યવસ્થિત ગોચરી વહોરાવે. પરિસ્થિતિ એ સર્જાણી કે ઘરવાળા કરતાં ય આ નોકર છોકરાને ગોચરી વહોરાવવાનો અનુભવ વધી ગયો.

એકવાર છોકરાએ શેઠને વિનંતિ કરી કે “दोपहर को मुझे कुछ काम नहि होता, उस वक्त मैं उपाश्रय में साधु भगवंत के पास जाऊ, मुझे उनसे मिलना बहुत अच्छा लगता है ।”

શેઠ તો આ સાંભળીને ખૂબ આનંદ પામ્યા. આવો વિચાર ઉત્તમ આત્માને જ આવે ને? શેઠ જાતે જ એને ઉપાશ્રયમાં આચાર્યદેવ પાસે લઈ ગયા, એનો ઇતિહાસ કહી સંભળાવ્યો અને એની ભાવનાઓ પણ જણાવી. આચાર્યશ્રીએ છોકરાના મુખ પરથી જ ભવિષ્યની કલ્પના કરી લીધી અને આચાર્યદેવે રોજ એને સૂત્રાદિ નો અભ્યાસ શરુ કરાવ્યો.

આશ્ચર્ય એ થયું કે ચોમાસુ પૂર્ણ થાય એ પહેલાં તો આ છોકરાએ પાંચ પ્રતિક્રમણનો અભ્યાસ સંપૂર્ણ કરી લીધો. શેઠના તો આનંદનો પાર નથી. એક કુલી ક્યાં ? અને આજે પંચપ્રતિક્રમણ ભણીને જૈન બની ગયેલો આ ધાર્મિક યુવાન ક્યાં ?

શેઠને સૌથી વધુ આશ્ચર્ય તો તે વખતે થયું કે જ્યારે એક દિવસ એ છોકરાએ નમ્ર મસ્તકે શેઠને વિનંતિ કરી કે “शेठजी ! मेरी इच्छा जैन साधु बनने की है । आप मुझे संमति देंगे ?”

શેઠે કહ્યું કે “મારી તો હા છે. પણ તારા પિતાતુલ્ય સ્ટેશનમાસ્ટરની રજા લઇ લઉં.” શેઠે સ્ટેશનમાસ્ટરને બધી વાત જાણાવી. તે પણ જાતે આવીને આચાર્યદેવને મળી ગયા. જૈન સાધુના જીવન અંગે પ્રશ્નોત્તરી કરીને બધું જાણી લીધા બાદ એમને પૂર્ણ સંતોષ થયો અને દિક્ષાની રજા આપી.

અને શેઠે દિક્ષાનો તમામ ખર્ચ પોતાના મસ્તકે ઉપાડી લઇ ધામધૂમથી દીક્ષા કરવી, દિક્ષામાં સ્ટેશનમાસ્ટરે માતા-પિતા તરીકેની બધી જવાબદારી નિભાવી.

આ વાતને આજે લગભગ પચાસ વર્ષ પસાર થઈ ચૂક્યા છે. આજે એ છોકરો ૬૫-૭૦ વર્ષની ઉંમરે પહોંચ્યો છે. આટલા વર્ષના વિશાળ દિક્ષાજીવનમાં એમણે ઘણો સ્વાધ્યાય કર્યો, ઘણી આરાધનાઓ કરી. આજે એ આચાર્યપદ પર બિરાજમાન છે, પોતાના સમુદાયના ગચ્છાધિપતિ છે.

વિક્રમસંવત ૨૦૬૪-૬૫ નું ચાતુર્માસ આ આચાર્યદેવે સુપાર્શ્વનાથ વાલકેશ્વર જૈનસંઘમાં કરેલું હતું.

ધન્ય છે એ સ્ટેશનમાસ્ટરને !

ધન્ય છે એ મારવાડી શેઠને !

ધન્ય છે એ બાલ મજૂરને કે જે બન્યા કથિરમાંથી કંચન !

તો ધન્યાતિધન્ય છે એ જિનશાસનને ! જે આવા આત્માઓને ધન્ય બનાવે છે.

અહો જિનશાસનમ્!!

*From book- Vishva ni Aadhyatmik Ajaybiyo : Aapna Sadhu Sadhviji Bhagvanto*

*Lekhak-Pujya Muniraj Gunhans vijay ji ms*

જેમણે પણ આ *પુસ્તક જોઈતી હોય, વાંચવી હોય*,

એમણે નીચે આપેલા નંબર ઉપર વાત કરવા વિનંતી...


# Hiteshbhai(Mumbai)
# 9820928457

# Priteshbhai (Rajkot)
# 9879018318

# Aashish bhai(Surat)
# 93745 12259